અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ જૂન ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૧૩ | અંક : ૩૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઈરાન-ઈઝરાયલ હુમલામાં અમેરિકાની એન્ટ્રી

# અમેરિકાનો ઈરાન પર હુમલો

## ઈઝરાયેલ પર ધડાધડ છોડી ૩૦ મિસાઈલ; અનેક શહેરોમાં તબાહી



। (એજન્સી) તહેરાન, તા.૨૨ ।

રવિવારે વહેલી સવારે જે ડર હતો તે જ થયું, અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. ત્યારબાદ ઈરાને પણ ઈઝરાયેલ પર મિસાઈલ છોડી છે, જેના કારણે ભારે વિનાશના સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયેલી સરકારી મીડિયાએ અહેવાલમાં જણાવ્યું છે કે, ઈરાનથી ઈઝરાયેલ પર ઓછામાં ઓછી ૩૦ મિસાઈલ છોડવામાં આવી છે.

IDFએ ટેલિગ્રામ પર કહ્યું કે, "ઈઝરાયેલ તરફથી મિસાઈલનો વધુ એક હુમલો કરવામાં આવ્યો છે. જનતાને હોમ ફ્રન્ટ કમાન્ડની સૂચનાઓનું પાલન કરવાનું ચાલુ રાખવા વિનંતી છે." IDFએ પણ હુમલામાં અસરગ્રસ્ત સ્થળો અને ફૂટેજ શેર ન કરવાનો આગ્રહ કર્યો હતો. ઈરાન દ્વારા કરવામાં આવેલા આ બેરેજ હુમલાના અવાજો તેલ અવીવ, હાઈફા અને જેરુસલેમમાં સંભળાયા છે. આ ઉપરાંત, ઈઝરાયેલના ઘણા વિસ્તારોમાં એલર્ટ કરવામાં આવ્યા છે અને સાયરન વાગી રહ્યા છે.

અમેરિકાના હુમલા પછી આક્રમક બનેલા ઈરાન તરફથી મળેલા ખતરાને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ જનતાને હોમ ફ્રન્ટ કમાન્ડની સૂચનાઓનું પાલન કરવા કહ્યું છે.

હાલમાં, વાયુસેના ખતરાને નિષ્ક્રિય કરવા માટે જ્યાં જરૂર હોય ત્યાં અટકાવવા અને હુમલો કરવા માટે કામ કરી રહી છે. ઈઝરાયલ સંરક્ષણ અધિકારીઓએ કહ્યું છે કે, હવામાં હુમલો સંપૂર્ણપણે રોકી શકાતો નથી, તેથી જનતાએ હોમ ફ્રન્ટ કમાન્ડની સૂચનાઓનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

ઈઝરાયલી મીડિયાએ ઈરાનના તાજેતરના હુમલામાં લગભગ ૨૫ મિસાઈલોનો અહેવાલ આપ્યો છે.

ઈઝરાયલી સૈન્ય કહે છે કે, તેણે ઈઝરાયલી પ્રદેશ તરફ ઈઝરાયલી પ્રદેશ તરફ છોડવામાં આવેલી મિસાઈલો શોધી કાઢી છે અને કહ્યું છે કે, તેની રક્ષણાત્મક પ્રણાલીઓ ધમકીને અટકાવવા માટે કામ કરી રહી છે.

લોકોને બંકરો અને સુરક્ષિત વિસ્તારોમાં જવા અને આગામી સૂચના સુધી ત્યાં રહેવા માટે કહેવામાં આવ્યું છે.

### ઈરાનના રાષ્ટ્રપતિ સાથે પીએમ મોદીની ટેલિફોનિક વાતચીત

**મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયન સાથે ફોન પર વાત કરી. પીએમ મોદીએ મસૂદ પેઝેશકિયન સાથે વર્તમાન પરિસ્થિતિ પર વિગતવાર ચર્ચા કરી અને ચિંતા વ્યક્ત કરી છે. પીએમ મોદીએ ઠ પર એક પોસ્ટ દ્વારા ઇઝરાયલ અને ઈરાનને તણાવ ઓછો કરવા અને પરસ્પર વાતચીત કરવા અપીલ કરી છે. પીએમ મોદીએ તાત્કાલિક તણાવ ઓછો કરવા અને પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા પુનઃસ્થાપિત કરવા માટે રાજદ્વારી દ્વારા તમામ બાબતોનો ઉકેલ લાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે ભારત હંમેશા માનતું આવ્યું છે કે વાતચીત અને રાજદ્વારી એ કોઈપણ કટોકટીનો ઉકેલ છે. પીએમ મોદીની મસૂદ પેઝેશકિયન સાથેની વાતચીત એવા સમયે થઈ છે જ્યારે અમેરિકા દ્વારા ઈરાનના ત્રણ પરમાણુ સ્થળો પર બોમ્બમારો કર્યા પછી સમગ્ર વિશ્વ મધ્ય પૂર્વની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. પીએમ મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાતચીતમાં ક્ષેત્રીય અખંડતા, શાંતિ અને સ્થિરતા માટે સંવાદ દ્વારા તણાવ ઘટાડવા અપીલ પણ કરી છે.**

### રશિયાના નેતાના દાવાથી સનસનાટી

## ઈરાનને અનેક દેશો ન્યુક્લિયર હથિયાર આપવા માટે તૈયાર

। (એજન્સી) મોસ્કો, તા.૨૨ ।

ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં અમેરિકાના ઈઝરાયલ સમર્થન બાદ ઈરાનના સમર્થનમાં અનેક દેશો ઉતર્યા હોવાના અહેવાલો મળ્યા છે. આ અહેવાલો વચ્ચે રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ અને સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેદવેદેવે ચોંકવનારૂ નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, અનેક દેશ ઈરાનને પોતાના પરમાણુ હથિયારો આપવા તૈયાર છે.

મેદવેદેવે જણાવ્યું હતું કે, આ હુમલો ઈરાનના પરમાણુ કાર્યક્રમ રોકવામાં નિષ્ફળ રહ્યા છે. પરંતુ મધ્ય-પૂર્વમાં તણાવ વધ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધ શરૂ કરનારા પ્રમુખ બન્યા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી પણ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળવા રવિવારે બપોરે મોસ્કો જવા રવાના થયા છે. અરાઘચી મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે આવતીકાલે રશિયાના પ્રમુખ સાથે મુલાકાત કરશે. અમેરિકાના હુમલા બાદ મેદવેદેવે ડોનાલ્ડ ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું કે, શાંતિનો દાવો કરી સત્તામાં આવેલા ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાને મીડલ ઈસ્ટના યુદ્ધમાં ધકેલી દીધું છે. તેઓએ પરમાણુ મથકો પર હુમલો તો કરાવ્યો પણ ઈરાનની સાઈટ્સ પર નહિંવત્ત નુકસાન થયુ છે. ટ્રમ્પને પડકારતાં મેદવેદેવે આગળ કહ્યું હતું કે, ન્યૂક્લિયર મટિરિયલનું એનરિચમેન્ટ ચાલુ રહેશે. પરમાણુ હથિયારોનું ઉત્પાદન ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. અનેક દેશ ઈરાનને પોતાના પરમાણુ હથિયારો આપવા તૈયાર છે. જો કે, મેદવેદેવે દેશોના નામનો ઉલ્લેખ કર્યો ન હતો.

અરાઘચીએ ઈસ્તાંબુલમાં ઈસ્લામિક સહયોગ સંગઠન શિખર સંમેલન દરમિયાન આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, રશિયા ઈરાનનો મિત્ર છે.

### ઈરાનને પોતાની રક્ષા કરવાનો અધિકાર : પાકિસ્તાન

## પાકિસ્તાને ઈરાન પર હુમલા માટે અમેરિકાની ટીકા કરી

।(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨।

ઈઝરાયલ-ઈરાનના યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રી થતા ભયાનક સ્થિતિ ઉભી થઈ છે. બંને દેશો ઈરાન પર ધડાધડ મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કરી રહ્યા છે. અમેરિકાએ ઈરાનના ત્રણ મુખ્ય પરમાણુ સ્થળો પર હુમલા કર્યા છે, જેના કારણે પાકિસ્તાને અમેરિકાની ટીકા કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરી છે કે, 'અમેરિકાએ એરસ્ટ્રાઈક કરી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રના નિયમો મુજબ ઈરાનને પોતાની સુરક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે.' પાકિસ્તાને કહ્યું કે, 'વર્તમાનમાં મધ્ય-પૂર્વમાં ભયંકર સ્થિતિ ઉભી થઈ છે, જેના કારણે અમે ચિંતિત થયા છીએ. હુમલાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક હોવાથી મધ્ય-પૂર્વમાં ભયાનક અસર ઉભી થશે. આ હુમલા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે અને ઈરાનને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે.' અમેરિકાની ઈરાન વિરુદ્ધની રણનીતિનો વિરોધ કરી રહેલા પાકિસ્તાનની ચોંકાવનારી વાત એ છે કે, થોડા દિવસ પહેલા ટ્રમ્પ અને પાકિસ્તાની સેનાના જનરલ આસીમ મુનીર વચ્ચે વ્હાઈટ હાઉસમાં ડીનર પાર્ટી યોજાઈ હતી. ટ્રમ્પે પાકિસ્તાનને ખાસ મિત્ર કહીને વખાણ કર્યા હતા. ત્યારબાદ યુદ્ધમાં પાકિસ્તાન પણ કોઈ ભૂમિકા ભજવે, તેવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

# પહલગામ હુમલાના ત્રાસવાદીઓની મદદ કરનાર બે શખ્સો ઝડપાયા

## પરવેઝ અહેમદ જોથર અને બશીર અહેમદ જોથર બટકકોટ ગામના રહેવાસી છે : બંને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરે છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

પહેલગામ આતંકવાદી હુમલાની તપાસમાં હુમલાખોરો વિશે મોટો ખુલાસો થયો છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ આજે પહેલગામ હુમલાખોરોને આશ્રય આપનારા બે લોકોની ધરપકડ કરી છે. બંને યુવાનો પરવેઝ અહેમદ જોથર અને બશીર અહેમદ જોથર પહેલગામના બટકકોટ ગામના રહેવાસી છે. બંને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરે છે. જ્યારે NIA એ બંનેની



પૂછપરછ કરી ત્યારે તેઓએ જણાવ્યું કે પહેલગામમાં આતંકવાદી હુમલો કરનારા આતંકવાદીઓ પાકિસ્તાની હતા. તેઓ પાકિસ્તાનથી આવ્યા હતા અને લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હતા. NIA તપાસ મુજબ, પરવેઝ અને બશીરે હુમલા પહેલા હિલ પાર્કમાં એક મોસમી ઢોક (ઝૂંપડી)માં જાણી જોઈને ૩ સશસ્ત્ર આતંકવાદીઓને આશ્રય આપ્યો હતો. બંને લોકોએ આતંકવાદીઓને ખોરાક, પાણી, રહેઠાણ અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. NIA એ આતંકવાદીઓને આશ્રય આપવાના આરોપસર બંનેની ધરપકડ કરી હતી. બંને સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ ૧૯૬૭ ની કલમ ૧૯ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસ ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પહેલગામ હત્યાકાંડ પછી નોંધાયેલા RC-02/2025/NIA/JMU કેસ સાથે જોડવામાં આવ્યો છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામ શહેરની બૈસરન ખીણમાં હત્યાકાંડ થયો હતો. સશસ્ત્ર આતંકવાદીઓએ ખીણમાં આનંદ માણી રહેલા પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. ૨૫ પ્રવાસીઓ ગોળીબાર કરીને માર્યા ગયા હતા. તેમને રોકવાનો પ્રયાસ કરનાર યુવકને પણ ગોળી વાગી હતી. આ આતંકવાદી હુમલામાં કોઈએ પોતાના પતિ ગુમાવ્યા, કોઈએ પોતાના બાળકો ગુમાવ્યા, કોઈએ પોતાના માતા-પિતા ગુમાવ્યા. આ હત્યાકાંડે આખી દુનિયાને હચમચાવી દીધી. આ આતંકવાદી હુમલાનો સીધો સંબંધ પાકિસ્તાન સાથે હતો. આતંકવાદીઓ પીઓકે દ્વારા ભારતમાં પ્રવેશ્યા હતા, જે લોકોને તેમનો ધર્મ અને નામ પૂછીને ગોળી મારી રહ્યા હતા.

## ક્રૂડ ઓઈલ જઈ શકે છે ૧૦૦ ડોલરને પાર!

। (એજન્સી) તહેરાન, તા.૨૨ ।

ઈરાન-ઈઝરાયલ હુમલામાં અમેરિકાની એન્ટ્રી થઈ છે. અમેરિકાએ ઈરાનના પરમાણુ પ્લાન્ટ પર હવાઈ હુમલો કર્યો છે. આ હુમલા પછી મધ્ય પૂર્વમાં ફરી એકવાર ભૂ-રાજકીય તણાવ વધ્યો છે. સોમવારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ શકે છે. આ ઉપરાંત, રિસ્ક ફ્રી સેન્ટીમેન્ટના ઉદભવ પછી સોમવારે વિશ્વભરના શેરબજારોમાં મોટો ઘટાડો થઈ શકે છે. નિષ્ણાતોનો અંદાજ છે કે સોમવારે ક્રૂડ ઓઈલનો ભાવ $80 થી શરૂ થઈ શકે છે અને $90 પ્રતિ બેરલ સુધી પણ પહોંચી શકે છે.

જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ થાય છે, તો ક્રૂડ ઓઈલનો ભાવ પણ $130 પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. આનો અર્થ એ છે કે વિશ્વના તે દેશો જે મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ આયાત કરે છે તેમને ફટકો પડશે. જેમાં ભારતનું નામ મુખ્ય રીતે લઈ શકાય છે. ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૫ થી ૯૦ ટકા આયાત કરે છે. ચાલો તમને એ પણ જણાવીએ કે નિષ્ણાતો દ્વારા કયા પ્રકારનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

### ગૃહમંત્રી અમિત શાહની સ્પષ્ટતા

## પાક.ને હવે ભારતનું પાણી નહીં મળે સિંધુ જળ સંધિ કાયમ માટે રદ રહેશે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરારોને અટકાવી દીધા હતા. જેને પગલે પાકિસ્તાનમાં હાલ પાણીની ભારે અછત જોવા મળી રહી છે. પાકિસ્તાન પાણી માટે વલખા મારી રહ્યું છે એવામાં હવે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સ્પષ્ટતા કરી છે કે ભારત હવે ક્યારેય પણ પાકિસ્તાન સાથેના આ સિંધુ જળ કરારોને બહાલ નહીં કરે. પાકિસ્તાનની નદીઓમાં પાણીનો ભારે ઘટાડો થયો છે અને સ્તર ૨૦ ટકા સુધી નીચે આવી ગયું છે. આર્થિક રીતે કંગાળ પાકિસ્તાનમાં પાણીની અછતની સામાન્ય નાગરિકોની સાથે કૃષિ પર પણ માઠી અસર જોવા મળી રહી છે. ૨૨મી એપ્રીલે જમ્મુ કાશ્મીરના પહલગામમાં



આતંકીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેના બીજા દિવસે ૨૩મી એપ્રીલના રોજ ભારત દ્વારા પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરાર રોકવામાં આવ્યા હતા, જે બાદ પાક. તરફ જતું પાણી રોકી દેવાનું શરૂ કરાયું હતું. હાલ પાકિસ્તાનની નદીઓમાં પાણીનું સ્તર ૨૦ ટકા ઘટી ગયું છે. ભારત પાક. તરફ વહેતી ચિનાબ નદીનું પાણી બ્યાસ નદી સાથે જોડવા માટે ૧૬૦ કિમી લાંબી સુરંગ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યું છે. જેનાથી પાકિસ્તાનની સ્થિતિ વધુ ખરાબ થઈ જશે અને પાણી માટે તરસી પડશે. જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલતી ખરીફની સીઝન માટે પણ પાકિસ્તાન પાસે પુરતુ પાણી નહીં હોય. આ સ્થિતિ વચ્ચે એવા અહેવાલો છે કે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે શનિવારે સ્પષ્ટતા કરી હતી કે ભારત હવે ક્યારેય પણ પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરારોને બહાલ નહીં કરે, એટલે કે ભારત હવે ક્યારેય પણ પાકિસ્તાન તરફ પાણી છોડવાની છૂટ નહીં આપે. ભારતથી પાક. તરફ જતી નદીઓનું પાણી હવે દેશમાં જ ઉપયોગમાં લેવાશે, આ પાણીને રાજસ્થાન જેવા રાજ્યો સુધી પહોંચાડવા માટે મોટી કેનાલનું નિર્માણ કરવામાં આવશે. ભારતે ૧૯૬૦માં વિશ્વ બેંકની મધ્યસ્થતા વચ્ચે પાકિસ્તાન સાથે આ સિંધુ જળ કરારો કર્યા હતા. આ સંધિને કારણે પાકિસ્તાનની ૮૦ ટકા કૃષિને પાણી મળતું હતું.

### ઈઝરાયલ-ઈરાન યુદ્ધની અસર

## એરસ્પેસ બંધ થતા લંડન જતી ફ્લાઈટ ભારત પરત ફરી

### લંડન જતી બ્રિટિશ એરવેઝની ફ્લાઇટને ચેન્નાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી પરત ફરવાની સ્થિતિ ઊભી થઈ

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલી જંગ વચ્ચે હવે અમેરિકાએ પણ એન્ટ્રી મારી છે અને મધ્ય પૂર્વમાં એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે, લંડન જતી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટને આજે રવિવાર (૨૨ જૂન) સવારે ચેન્નાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી પરત ફરવાની સ્થિતિ ઊભી થઈ હતી.

ફ્લાઈટ નંબર BA276 ચેન્નાઈથી સવારે ૬:૨૪ વાગ્યે ઉપડેલી ફ્લાઈટમાં કુલ ૨૪૭ મુસાફરો અને ૧૫ ક્રુ મેમ્બર સવાર હતા. જ્યારે ફ્લાઈટ બેંગલુરુ ક્રોસ કરીને અરબ સાગરની ઉપર હતુ, આ સમયે પાયલટને સૂચના મળે છે. જેમાં જણાવવામાં આવે છે કે, મધ્ય પૂર્વમાં એરસ્પેસના મુખ્ય ભાગો બંધ કરી દેવામાં આવ્યા છે.



જેથી ત્યાંથી લંડન જનારો માર્ગ અવરોધિત કરવામાં આવ્યો છે. ઈરાની ઠેકાણાઓ પર અમેરિકાના હુમલા બાદ મધ્ય પૂર્વ ભાગના અધિકારીઓએ નાગરિક ઉડાન પર રોક લગાવી દીધી છે. જ્યારે ફ્લાઈટને એલર્ટ મળતાની સાથે ક્રુ મેમ્બરે ચેન્નાઈ અને લંડન બંને એર ટ્રાફિક કન્ટ્રોલ સેન્ટરોનો સંપર્ક કર્યો હતો. જ્યારે મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ વિમાનને ચેન્નાઈ પરત લાવવાનો નિર્દેશ કર્યો હતો. આ પછી વિમાન સવારે આશરે ૧૦ વાગ્યે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત પરત ફર્યુ હતુ.

### હવે બીજા ડાયવર્ઝન પર મોટી તિરાડો, ૬ કરોડ પાણીમાં

## બે ભાગમાં બ્રિજ તૂટ્યો, પહેલું ડાયવર્ઝન માત્ર ૧૨ મહિનામાં ધોવાયું

।(એજન્સી) છોટાઉદેપુર, તા.૨૨।

ગુજરાત-મધ્ય પ્રદેશને જોડતા નેશનલ હાઈવે નંબર ૫૬ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. આ હાઈવે છોટા ઉદેપુરના પાવી જેતપુર નજીકથી પસાર થતી ભારજ નદી પર એક બ્રિજ મારફતે પસાર થાય છે. આજથી ત્રણ વર્ષ આ બ્રિજ બે ટુકડામાં વહેંચાઈ ગયો હતો અને રાહદારીઓએ ૪૦ કિમીનું ચક્કર લગાવી ભારજ નદી પાસ કરવાની ફરજ પડી હતી, આ સિવાયનો બીજો કોઈ વૈકલ્પિક રૂટ નથી. આ બનાવ બાદ તંત્રએ એક વર્ષની ભારે મહેનત બાદ ડાયવર્ઝન રૂપે નદી પર ૨.૩૧ કરોડના ખર્ચે રસ્તો બનાવી દીધો હતો, પરંતુ માત્ર એક વર્ષમાં જ ચોમાસા દરમિયાન તે પણ ધોવાઈ ગયો અને પરિસ્થિતિ જૈસે થેની ફરીથી આવી પડી હતી. અધધ ૨.૩૧ કરોડના ખર્ચે તૈયાર થયેલો રસ્તો એક વર્ષ પણ ન ટકી શક્યો અને તંત્રના ભોગે સ્થાનિકોએ ફરી એકવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હવે આમા પણ વધુ મજેદાર વાત એ છે કે, તંત્રએ ફરી એકવાર ૪ કરોડના ખર્ચે વધુ એક ડાઈવર્ઝન રોડ બનાવ્યો અને તેને ખુલ્લો મુક્યો જ હતો. જે ૧૨ મહિના પણ સરખો ટકી શક્યો નથી. આ વર્ષે ચોમાસાની શરુઆતમાં જ ઘણી બધી જગ્યાએ મોટા મોટા ભૂવા-ગાબડા અને મસમોટી તીરાડો દેખાઈ રહી છે. જેને કારણે વહીવટી તંત્રએ આ માર્ગ પર અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. બે વર્ષ પહેલાં ભારજ નદી પરનો બ્રિજ તૂટી જતાં ૨.૩૧ કરોડના ખર્ચે પ્રથમ ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. જોકે, પહેલા જ ચોમાસામાં તે તૂટી ગયું. જે બાદ ૧૨ મહિનાની ભારે મહેનતે ૪ કરોડના ખર્ચે બીજું ડાયવર્ઝન બનાવવામાં આવ્યું. જેમાં પણ હાલ તિરાડો અને ગાબડાં દેખાવા લાગતા રાહદારીઓ માટે બંધ કરાયો છે. આમ છેલ્લા ત્રણ વર્ષમાં બે ડાયવર્ઝનના નિષ્ફળતાને કારણે કુલ ૬.૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ પાણીમાં ગયો છે. જેના કારણે રાહદારીઓને પણ હાલાકીનો ભોગ બનવું પડ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને ગઈકાલે છોટાઉદેપુરના કલેક્ટરે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે ડાયવર્ઝન રૂટ પરની તિરાડો અને ગાબડાં જોઈ તાત્કાલિક ધોરણે રાહદારીઓની સલામતીના ભાગરૂપે ડાયવર્ઝન બંધનો નિર્ણય કર્યો અને જણાવ્યું કે, સ્ટ્રક્ચરલ રિપોર્ટ આવ્યા બાદ જ આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે.

## ફેસ-ડિટેક્શન CCTV કેમેરાથી રખાશે બાજ નજર

# અમદાવાદની જગન્નાથ રથયાત્રામાં હાઈ-ટેક સુરક્ષા

### બે હાઈ-ટેક કેમેરા ગુજરાત પોલીસના PINAC સોફ્ટવેર સાથે લાઈવ સ્ટ્રીમ કરી હિસ્ટ્રી-શીટરોને ઓળખશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતની સૌથી મહત્ત્વપૂર્ણ ધાર્મિક શોભાયાત્રાઓમાંની એક એવી જગન્નાથ રથયાત્રા આ વર્ષે ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ યોજાવાની છે, ત્યારે ૧૪૮મી વાર્ષિક જગન્નાથ રથયાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા અત્યાધુનિક ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજીથી સજ્જ બે લાઈવ-સ્ટ્રીમિંગ CCTV કેમેરા તૈનાત કરવામાં આવશે. બે હાઈ-ટેક કેમેરા ગુજરાત પોલીસના PINAC સોફ્ટવેર સાથે લાઈવ સ્ટ્રીમ કરી હિસ્ટ્રી-શીટરોને ઓળખશે. આ કેમેરાનો મુખ્ય હેતુ ભીડવાળા વિસ્તારો પર નજર રાખવાનો અને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓને રીઅલ-ટાઈમમાં ઓળખવાનો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેમેરાને બે વ્યૂહાત્મક સ્થળોએ સ્થાપિત કરવામાં આવશે. જેમાં એક જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરના મુખ્ય ગેટ પાસે અને બીજો સારસપુર ખાતે, જ્યાં દિવસભરની આ રથયાત્રા દરમિયાન સૌથી વધુ ભીડ જોવા મળે છે. આ ફેસિયલ રેકગ્નિશન સક્ષમ કેમેરાને ગુજરાત પોલીસના કેન્દ્રીયકૃત ક્રિમિનલ ડેટાબેઝ સોફ્ટવેર PINAC (Program for Identification and Arrest of Criminals) સાથે સંકલિત કરવામાં આવશે. PINAC સોફ્ટવેરમાં રાજ્યભરના હિસ્ટ્રી-શીટરો, ફરાર આરોપીઓ અને અન્ય વોન્ટેડ વ્યક્તિઓના વ્યાપક રેકોર્ડ્સ સંગ્રહિત છે. ક્રાઈમ બ્રાન્ચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમ કેમેરા દ્વારા કેપ્ચર થયેલા દરેક ચહેરાને રીઅલ-ટાઈમમાં સ્કેન કરશે અને તેને PINAC ડેટાબેઝ સાથે મેચ કરશે. જો કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિ શોધાશે, તો તરત જ શહેરના પોલીસ કંટ્રોલ રૂમ અને ક્રાઈમ બ્રાન્ચને એલર્ટ મોકલવામાં આવશે. આ એલર્ટમાં શંકાસ્પદ વ્યક્તિનું ચોક્કસ સ્થાન, સમય અને કેમેરા દ્વારા પકડાયેલી તેની છેલ્લી હિલચાલની માહિતી હશે.આ માહિતી મળ્યા બાદ, નજીકમાં તૈનાત પોલીસ કર્મચારીઓને ગુનાહિત ઈતિહાસના આધારે શંકાસ્પદ વ્યક્તિને અટકાયતમાં લેવા અથવા તેના પર ગુપ્ત દેખરેખ રાખવા માટે સૂચના આપવામાં આવશે. ગુજરાત પોલીસે અગાઉ પણ ભીડવાળા જાહેર કાર્યક્રમોમાં PINAC સોફ્ટવેરનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી, આ સિસ્ટમને મોટા ધાર્મિક તહેવારો, રાજકીય રેલીઓ અને જાહેર વિરોધ પ્રદર્શનો દરમિયાન તૈનાત કરવામાં આવી છે, જે એજન્સીઓને ભૂતકાળના રેકોર્ડ ધરાવતી વ્યક્તિઓને ટ્રેક કરવામાં અને સંભવિત જોખમોને રોકવામાં મદદ કરે છે. અધિકારીઓએ ઉમેર્યું કે, PINACનું ફેસિયલ રેકગ્નિશન સાથેના સંકલનથી શહેર પોલીસની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો આવ્યો છે. ટેકનિકલ સર્વેલન્સ યુનિટના એક અધિકારીએ નોંધ્યું કે, તે અમને ઝડપથી અને સક્રિય રીતે કાર્ય કરવા દે છે. રીઅલ-ટાઈમ એલર્ટ્સ અને સચોટ ડેટા સાથે, અમે હવે મેન્યુઅલ તપાસ પર આધારિત નથી. આ વર્ષે રથયાત્રામાં લાખો ભક્તો ભાગ લેવાની અપેક્ષા હોવાથી, આવી સર્વેલન્સ સિસ્ટમ્સની તૈનાતી બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થાનો નિર્ણાયક ભાગ છે.

## અરવલ્લી જિલ્લામાં સવારથી સાર્વત્રિક વરસાદ નોંધાયો

। (એજન્સી) અરવલ્લી, તા.૨૨ ।

અરવલ્લી જિલ્લામાં સવારથી સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભિલોડા, શામળાજી અને મોડાસાના ઉત્તરીય વિસ્તારના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદને લઈ સ્થાનિકો અને ખેડૂતોમાં મેઘરાજાએ ખુશીઓનો માહોલ સર્જી દીધો હતો. મેઘરજની દારૂલ ઉલૂમ સ્કૂલ પાસે ઘૂંટણસમા પાણી ભરાયા હતા. સ્થાનિકો વરસાદી પાણીને લઈ પરેશાન થયા હતા.ઘૂંટણસમા પાણી ભરાતા તંત્રની બેદરકારી જોવા મળી હતી. આજે મેઘરજનગર સહિતના આસપાસના ગામોમાં વરસાદ વરસ્યો છે. અસહ્ય ઉકળાટ બાદ વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ જામ્યો

# અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ જામ્યો હતો. અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદની શરુઆત થઈ હતી. એસજી હાઈવે, પ્રહલાદનગર વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરના સેટેલાઈટ અને આનંદનગર રોડ વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો હતો. અમદાવાદ પૂર્વના વિસ્તારોમાં પણ વરસાદની શરુઆત થઈ ગઈ હતી. અમદાવાદ શહેરમાં અસહ્ય ગરમી બાદ વરસાદની એન્ટ્રી થઈ છે. વરસાદના કારણે લોકોને ગરમીથી રાહત મળી છે. અમદાવાદ શહેરમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. અમદાવાદના એસ.જી. હાઈવે, વેજલપુર, ઈસ્કોન, સેટેલાઈટ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. અમદાવાદ શહેરમાં બપોર બાદ વરસાદના આગમનના કારણે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. અનેક રસ્તાઓ પર લાંબી વાહનોની કતારો જોવા મળી રહી છે. અમદાવાદના નરોડા, નિકોલ, ઓઢવ, બાપુનગર, ઠક્કરનગર સહિતના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ છે. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ પંચમહાલના જાંબુઘોડામાં ૮ ઈંચ વરસાદથી જળબંબાકાર થયું હતું. છોટાઉદેપુરના પાવીજેતપુરમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે.

## કતારગામમાં સોસાયટીના લોકોએ દરવાજા પર પહેરો ગોઠવ્યો

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરતના કતારગામ વિસ્તારમાં રાજકીય હુંસાતુંસીમાં રહેણાક સોસાયટીના કોમન પ્લોટ અને વાડી પર રિઝર્વેશન મુદ્દે લોકોમાં ઉકળતો ચરુ છે. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે કબજા નહી લેવાની સૂચના આપી હોવા છતાં આજે પણ વેડરોડ વિસ્તારની સોસાયટીના ગેટ પર તાળા લાગ્યા હતા અને લોકો ખુરશી મૂકી ગેટ પર બેસી ગયા હતા. પાલિકા જો મંજૂર પ્લાન વાળી સોસાયટીના કોમન પ્લોટનો કબજો લે તો લેન્ડ ગ્રેબિંગ ફરિયાદ માટેની નોટિસ લગાવી દેવામાં આવી છે. કતારગામની રહેણાંક સોસાયટીમાં મુકાયેલા રિઝર્વેશન રીવીઝન કરી જ્યાં સુધી હટાવવામાં નહી આવે ત્યાં સુધી કબજો લેવાની કામગીરી કોઈ પણ ક્ષણે થઈ શકે તેવી સોસાયટીના લોકોને ખબર પડી ગઈ છે.

## આફ્રિકાથી એકતાનગર સુધીની સફર

# એકતાનગરના ઝૂલોજિકલ પાર્કમાં આફ્રિકાથી લવાયા ૩ બુધ્ધિશાળી પ્રાણી

। (એજન્સી) એકતાનગર, તા.૨૨ ।

આ ચિમ્પાન્ઝી, જેમના નામ નિકો (નર), સુઝી (માદા), અને એમિલિયા (માદા) છે, તેમને સંયુક્ત આરબ અમીરાતના અબુધાબી સ્થિત કેપિટલ ઝૂ એન્ડ વાઈલ્ડલાઈફમાંથી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ભારતમાં લાવવામાં આવ્યા હતા. તમામ કાયદેસરની પ્રક્રિયાઓ પૂર્ણ કરીને ૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ તેમને એકતાનગરમાં લાવવામાં આવ્યા. અહીં તેમને સ્થાનિક વાતાવરણ સાથે અનુકૂલન સાધવા અને કેરટેકર્સ સાથે સંબંધ કેળવવા માટે ખાસ સુવિધાયુક્ત જગ્યાએ રાખવામાં આવ્યા હતા.

ચિમ્પાન્ઝી કુદરતી રીતે આફ્રિકાના ગાઢ વરસાદી જંગલોમાં વસવાટ કરે છે. આથી, જંગલ સફારી દ્વારા તેમના માટે વિશાળ અને અત્યાધુનિક પિંજરું તૈયાર કરવામાં આવ્યું છે, જે આફ્રિકન રેઈન ફોરેસ્ટ જેવું જ વાતાવરણ પૂરું પાડે છે. આ પિંજરાના નિર્માણમાં ચિમ્પાન્ઝીની જૈવિક, માનસિક અને સામાજિક જરૂરિયાતોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું છે. પ્રવાસીઓ આ ચિમ્પાન્ઝીને કાચમાંથી નિહાળી શકે તેવી ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી તેઓ સુરક્ષિત રીતે તેમના સ્વભાવિક વ્યવહારનો અભ્યાસ કરી શકે.

જંગલ સફારી માત્ર એક પ્રાણી સંગ્રહાલય નથી, પરંતુ તે માનવી અને પ્રકૃતિના સંબંધોને પુનર્જીવિત કરવાનું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. ચિમ્પાન્ઝી જેવા બુદ્ધિશાળી જીવોના આગમનથી પર્યાવરણીય શિક્ષણ અને જાગૃતિ વધશે. "વર્લ્ડ રેઈનફોરેસ્ટ ડે" પર ચિમ્પાન્ઝીને પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકવાનો નિર્ણય, વરસાદી જંગલોના સંરક્ષણ અને જૈવ વિવિધતાના મહત્વને રેખાંકિત કરે છે. ઝૂલોજિકલ પાર્કના અધિકારીઓએ જણાવ્યું કે નિકો, સુઝી અને એમિલિયા હવે સંપૂર્ણપણે અનુકૂળ થઈ ગયા છે અને તેમણે પોતાના નવા "વતન" ને સ્વીકારી લીધું છે. આ ચિમ્પાન્ઝી હવે એકતાનગરના પ્રવાસન આકર્ષણમાં વધુ એક સોપાન ઉમેરશે અને પ્રકૃતિ પ્રેમીઓ માટે એક અવિસ્મરણીય અનુભવ પૂરો પાડશે.

સુઝી (માદા): ઉંમરમાં સૌથી નાની સુઝી સ્વભાવે અત્યંત જિજ્ઞાસુ છે. તેને શોધખોળ કરવી, હિંચકા પર ઝૂલવું અને રમકડાંથી રમવું ખૂબ ગમે છે. તેનો મળતાવડો અને સૌમ્ય સ્વભાવ તેને તેના કેરટેકર્સ અને એનિમલ કીપર્સની સૌથી લાડલી બનાવે છે.

## છોટાઉદેપુરના ડુંગર ગામે ST બસને અકસ્માત નડ્યો

। છોટાઉદેપુર, તા.૨૨ ।

છોટાઉદેપુરના ડુંગર ગામે ST બસને અકસ્માત નડ્યો હતો. ST બસ પલટી મારી જતા બસમાં સવાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. કવાંટથી છોટાઉદેપુર તરફ જતી બસ પલટી જતા બસમાં સવાર મુસાફરોને ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડુંગર ગામે ST બસ પલટી જતા રોડ પર ભારે ટ્રાફિક જામ થયો હતો. રોડની સાઈડમાં બસ પલટી જતા લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. કવાંટથી છોટાઉદેપુર તરફ જતી બસ પલટી જતા બસમાં સવાર મુસાફરોને ઈજાગ્રસ્ત થયા હતા. બસ પલટી જતા લોકોને ઈમરજન્સી બારી માંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

# ૨૭ જૂન સુધી ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે શનિવારે (૨૧ જૂન) નવસારી, વલસાડ, સુરત, તાપી, નર્મદા, ડાંગ, કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મોરબી, જામનગર, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, ભરુચ, અમરેલી, ભાવનગર, રાજકોટ, બોટાદ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

૨૩ જૂનની આગાહી

૨૩ જૂને બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડ જિલ્લામાં અતિભારે અને કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, તાપી, સુરત, ડાંગ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહીસાગર, દાહોદ, મોરબી, જામનગર, બોટાદ, ખેડા, પંચમહાલ, આણંદ, રાજકોટ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

૨૪ જૂનની આગાહી

૨૪ જૂને બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, નવસારી, વલસાડ, સુરત, તાપી, ડાંગ, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, ગાંધીનગર જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદને લઈને હવામાન વિભાગે ઍલર્ટ જાહેર કર્યું છે.

૨૫-૨૬ જૂનની આગાહી

૨૫-૨૬ જૂનના રોજ અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, આણંદ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરુચ, નર્મદા, તાપી, સુરત, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

૨૭ જૂનની આગાહી

૨૭ જૂને ૨૩ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

# મહિલા સફાઈ કર્મચારીઓ વચ્ચેના ઝઘડાના પ્રકરણમાં આખરે બે મહિલાઓ સામે ગુનો નોંધાયો

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ફરજ બજાવતી એક મહિલા કર્મચારીએ પોતાની જ બે સાથી મહિલા કર્મચારીઓના ત્રાસના કારણે ઝેરી દવા પી લેવા અંગેના પ્રકરણમાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ કરાયા પછી બે સાથી મહિલા કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના ધરાનગર વિસ્તારમાં રહેતી અને જીજી હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતી ફરીદાબેન સલીમભાઈ ખીરા નામની ૫૦ વર્ષની સફાઈ કામદાર મહિલાએ ગત ૧.૫.૨૦૨૫ ના રોજ જી.જી. હોસ્પિટલમાં તેણીની બે સાથી મહિલા કર્મચારીઓના કથિત ત્રાસના કારણે ઝેરી દવા પી લીધી હતી જેથી તેણીને જીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત હાજરી જમાદારની ઓફિસમાં પણ હંગામો થયો હતો, જે મામલે પોલીસ તપાસ કરવામાં આવી હતી, અને જી.જી. હોસ્પિટલમાં ફરજ બજાવતી અન્ય બે સફાઈ કામદાર મહિલાઓનો ત્રાસ હોવાનું સામે આવ્યું હતું. ફરીદાબેનને તેની સાથે જ કામ કરતી સુનંદાબેન બાગલે તથા જયાબેન હરીશભાઈ રાઠોડ કે જેઓએ જમાદારની ઓફિસમાં ઝપાઝપી કરી હતી, ઉપરાંત ચારિત્ર અંગેના આક્ષેપો કર્યા હતા, અને સમાજમાં બદનામી થાય તેવુ કૃત્ય કર્યું હોવાથી બંને સાથી મહિલા કર્મચારીઓના ત્રાસના કારણે ઝેરી દવા પી લીધી હોવાનું સામે આવ્યું હતું.

# વડોદરાના કમાટીબાગમાં જોય ટ્રેન ફરી શરૂ કરવા માટે પોલીસ તંત્રની મંજૂરી માંગી

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

વડોદરા કોર્પોરેશનના કમાટીબાગમાં જોય ટ્રેન હેઠળ ગયા મે મહિના દરમિયાન જંબુસરની ચાર વર્ષની એક બાળકી અડફેટે આવી જતા તેનું મરણ થયું હતું, ત્યારથી જોય ટ્રેન બંધ કરી દેવામાં આવી છે. ફરી જોય ટ્રેન ચાલુ કરવા માટે શહેર પોલીસ પાસે મંજૂરી માગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. બાળકીના મરણનો બનાવ બન્યા બાદ પોલીસ તંત્ર દ્વારા જ જોય ટ્રેન બંધ કરવાનો આદેશ આપ્યો હતો. હાલ જોય ટ્રેનના ડબ્બા અને એન્જિનની મેન્ટેનન્સની રૂટીન કામગીરી ચાલુ છે. મરણની ઘટના બન્યા બાદ જે સ્થળે અકસ્માત થયો હતો ત્યાં ટ્રેકની બંને બાજુ સેફટી ગ્રીલ ઊભી કરવામાં આવી છે, કારણ કે અહીં રોડ અને ટ્રેક સાવ અડીને જ હોવાથી અકસ્માત થવા ભય રહે છે. જોય ટ્રેનમાં એન્જિન ઉપરાંત ચાર ડબાજોડાયેલા રહે છે. જેમાં ૧૪૪ એડલ્ટ મુસાફરો બેસી શકે તેવી ક્ષમતા છે. આ ટ્રેન કલાકના આઠ કિ.મીની સ્પીડે ગાર્ડનમાં દોડે છે. સામાન્ય દિવસોમાં તે સાત આઠ ચક્કર લગાવે છે, રવિવારે ૧૦ થી વધુ રાઉન્ડ કાપે છે. એક રાઉન્ડ લેતા આશરે ૨૦ એક મિનિટનો ટાઈમ થાય છે. છેલ્લા સાત વર્ષમાં આ ટ્રેન ચાર વખત બંધ કરવામાં આવી છે. જેમાં બે વખત અકસ્માત લીધે, એક વખત કોરોનાના કારણે અને એક વખત હરણી બોટ કાંડ થયા બાદ બંધ કરાઈ હતી.

**વિશેષ** | પીઢ સાહિત્યકાર મણીલાલ હ. પટેલના ભાવબોધ પુસ્તકનું વિમોચન મંત્રીશ્રીના વરદહસ્તે કરાયું

# રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપીમાં બે દિવસીય દક્ષિણ ગુજરાત સાહિત્ય ઉત્સવનો શુભારંભ કરાયો

। (માહિતી) વલસાડ ।

ગુજરાતી ભાષાનું સંવર્ધન કરનાર સાહિત્યકારોના યોગદાનને બિરદાવવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વાપીના રજ્જુ શ્રોફ ઓડિટોરીયમમાં બે દિવસ ‘‘રામની વાડીએ, દક્ષિણ ગુજરાત સાહિત્ય ઉત્સવ’’નું આયોજન કરાયુ છે. જેનો ભવ્ય ઉદઘાટન સમારોહ રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિક્લસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ભારત સાંસ્કૃતિક વારસો અને વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. દરેક ધર્મ અને જાતિના લોકો આ દેશમાં વસે છે. આઝાદીથી લઈને અત્યાર સુધીમાં આપણો જ દેશ એક માત્ર છે કે, જેણે મેળવેલી આઝાદી ગુમાવી નથી પણ દેશનો





વિકાસ કર્યો છે. વર્ષ ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળ્યું ત્યારે આપણા દેશનું અર્થતંત્ર વિશ્વમાં ૧૧માં ક્રમે હતું જે અત્યારે ચોથા ક્રમે છે. આપણા વડાપ્રધાનશ્રી પણ લેખક અને કવિ છે. તેમની મહેચ્છા છે કે, આપણો દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધે. પહેલા વન મહોત્સવ હોય કે, રાષ્ટ્રીય પર્વ હોય દરેક ઉત્સવ ગાંધીનગર કક્ષાએ યોજાતા હતા પરંતુ નરેન્દ્રભાઈ મોદીએ આ તમામ ઉજવણીને જિલ્લા કક્ષા સુધી પહોંચાડી છે તેમ સાહિત્ય અકાદમીની પ્રવૃતિઓની જાણકારી માત્ર મહાનગરો પુરતી સીમિત ન રહેતા રાજ્યના ગામે ગામ સુધી પહોંચી રહી છે. મંત્રીશ્રીએ કવિઓના આગમનથી વલસાડ અને વાપીની ધરતી પાવન થઈ ગઈ હોવાનું જણાવી આજથી બે દિવસ સુધી ગુજરાતી ભાષાનો રસભર્યો થાળ આપણને મળવાનો છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, આપણો દેશ સંસ્કૃતિને વરેલો છે. સાહિત્યકારો, કવિ અને લેખકો જે સર્જન કરે છે તેમાંથી ચરિત્રનું ઘડતર થાય છે. ભાષાને કારણે જ આપણને આપણુ ચરિત્ર મળે છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ ભાગ્યેશ ઝાએ સાહિત્યના સંવર્ધન માટે અભૂતપૂર્વ કાર્ય કર્યુ છે અને અત્યારે તેઓ જે કાર્ય કરી રહ્યા છે તે શિરમોર છે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર જયેન્દ્રસિંહ જાધવે જણાવ્યું કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાહિત્યને જન જન સુધી લઈ જવાનું સ્વપ્ન સેવ્યુ છે. આપણા ગૌરવવંતા સાહિત્યની મશાલ હવે યુવા પેઢીને આપવાની છે. આપણા વિસરાતા જતા વારસાને જીવંત રાખવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી હવે દરેક જિલ્લા તેમજ નગરોમાં જઈ ઉત્સવો યોજી રહી છે. જેમાં પણ ખાસ કરીને શાળા કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લે તો આપણા વારસાનું સંવર્ધન થશે. આપણી પેઢીમાં સંસ્કારો છે જ જરૂર છે તો માત્ર તેને બહાર લાવવાની. માતૃભાષા એ આપણી મા છે તેને સાચવવાનું કામ આપણે કરવાનું છે. દક્ષિણ ગુજરાતની ધરતીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે મોટા ગજાના સાહિત્યકારો આપ્યા છે. ત્યારે વલસાડ અને વાપીમાં બે દિવસીય આયોજિત રામની વાડીએ દક્ષિણ ગુજરાત સાહિત્ય ઉત્સવમાં ગુજરાતના ખુણે ખુણેથી મૂર્ધન્ય સાહિત્યકારો વલસાડ અને વાપીના આંગણે આવનાર છે. જેનો લ્હાવો લેવો દરેક સાહિત્યપ્રેમી માટે એક ઉત્સવ સમાન ગણાશે. સાહિત્ય શુ છે? એવા પ્રશ્ન સાથે પોતાના વકતવ્યની શરૂઆત કરનાર પીઢ સાહિત્યકાર મણીલાલ હ.પટેલે જણાવ્યું કે, સાહિત્ય દરેક માણસ માટે છે અને દરેક સુધી પહોંચવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી કાર્યરત છે. પ્રજા જીવનની સંવેદના અને સમસ્યાને અપાર રીતે રજૂ કરવાનું કામ સાહિત્ય કરે છે. સાહિત્ય આપણને એક બિરાદરીમાંથી બીજી બિરાદરીમાં લઈ જાય છે. જીવનની અધૂરપો સાહિત્યમાં મધૂરપો બનીને આવે છે. અંતરનો મેલ ધોવાનું કામ સાહિત્ય કરે છે. ગુજરાત સાહિત્ય અકાદમીને સંવાદ કરવામાં રસ હોવાથી સૌને સાહિત્ય સાથે જોડાવા માટે પ્રેરણા આપે છે. આપણા સાહિત્યકારોની નવલકથાઓમાં પણ નોબલ પ્રાઈઝ મેળવવાની તાકાત છે. જરૂર છે તેમને પ્લેટફોર્મ આપવાની અને આ કામ ગુજરાત સાહિત્ય અકાદમી સુપેરે કરી રહ્યુ છે તે વાતનો આનંદ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ અને નિવૃત્ત આઈએએસ અધિકારીશ્રી ભાગ્યેશ ઝા એ સંસ્કૃત ભાષામાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી ઉદબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાહિત્યનો ઘરે ઘરે સુધી પ્રચાર પ્રસાર થાય અને આપણો ગૌરવવંતો વારસો જળવાઈ રહે તે માટે સ્વપ્ન સેવ્યુ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



ઓડિશાના પુરીમાં ૨૭ જૂને યોજાનાર રથયાત્રા મહોત્સવ પહેલા કારીગરો ભગવાન જગન્નાથ, બલભદ્ર અને દેવી સુભદ્રા માટે રથ બનાવવાનું કામ કરી રહ્યા છે.

### રેડ લાઇન ના વટાવશો

# UNSCમાં બધા દેશોની સામે ચીનની ઈઝરાયલને કડક શબ્દોમાં ચેતવણી

। (એજન્સી) બેઈજીંગ તા.૨૨ ।

ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ઈરાન અને ઈઝરાયલ અંગે સ્પષ્ટ શબ્દોમાં વાત કરી છે. યુએનએસસીની ઈમરજન્સી બેઠકમાં ઈઝરાયલ પર સ્પષ્ટ આરોપ લગાવતાં ચીનના કાયમી પ્રતિનિધિ ફુ કોંગે કહ્યું કે ઈઝરાયલની ઈરાન વિરુદ્ધની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય સંબંધોના ધોરણોનું ઉલ્લંઘન કરે છે. તેના હુમલા ઈરાનની સાર્વભૌમત્વ અને સુરક્ષાને પણ જોખમમાં મૂકે છે અને પ્રાદેશિક શાંતિ તથા સ્થિરતાને ડહોળે છે. ફુ કોંગે કહ્યું કે ચીન સ્પષ્ટપણે આ



પ્રકારના હુમલાઓની ટીકા કરે છે અને ઈઝરાયલને ચેતવણી આપે છે કે તે રેડ લાઈન ક્રોસ કરતાં બચે. ઈઝરાયલ-ઈરાન યુદ્ધના ભયને રેખાંકિત કરતા ફુ કોંગે ચેતવણી આપી હતી કે જો સંઘર્ષ વધુ લંબાશે તો બંને પક્ષોને તો વધારે નુકસાન થશે જ પણ સાથે આ ક્ષેત્રમાં આવેલા અન્ય દેશો ઉપર પણ તેની ગંભીર અસર દેખાશે. જોકે ચીને એ નહોતું જણાવ્યું કે આ યુદ્ધથી પશ્ચિમ એશિયાની કયા કયા દેશોને અસર થશે. સંયુક્ત રાષ્ટ્રમાં ચીનના કાયમી પ્રતિનિધિ ફુ કોંગે કહ્યું કે ઈઝરાયલ-ઈરાન યુદ્ધ દિવસે ને દિવસે આગળ વધી રહ્યું છે અને તે જોઈને દુઃખ થાય છે કે આ સંઘર્ષના પરિણામે મોટી સંખ્યામાં નાગરિક જાનહાનિ અને બંને પક્ષોની સંપત્તિઓને નુકસાન થયું છે. અત્યાર સુધીની માહિતી મુજબ આ હુમલામાં ઈરાનના ૬૪૦ લોકો માર્યા ગયા હતા, જ્યારે ઈઝરાયલનો મૃત્યુઆંક ૪૦ પહોંચી ગયો છે.

**ન્યૂઝ બ્રિફ**

## પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચાલાકીના કારણે યુરોપ પણ અમેરિકા વિરુદ્ધ

। (એજન્સી) ફ્રાન્સ, તા.૨૨ ।

ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને યુરોપની રક્ષા માટે રાફેલ ફાઈટર જેટને આગળ ધર્યું છે. તેમણે યુરોપિયન દેશોને યુરોપિયન ફાઈટર જેટ પર પોતાની આત્મનિર્ભરતા વધારવાનું આહ્વાન કર્યું છે. જેના માટે રાફેલ ફાઈટર જેટને રજૂ કરવામાં આવ્યું છે. ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક તસવીર શેર કરી છે, જેમાં તેમણે રાફેલ ફાઈટર જેટને દર્શાવ્યા છે. પોસ્ટમાં લખ્યું હતું કે, અમારા યુરોપની સુરક્ષા માટે. આ પોસ્ટરમાં લખ્યું હતું કે, રાફેલ બોલાવી રહ્યું છે. ફ્રાન્સના પ્રમુખની આ પોસ્ટનો સીધો અર્થ એ હતો કે, હવે યુરોપમાં પોતાની સુરક્ષા માટે અમેરિકાની તરફ જોવાની જરૂર નથી, પરંતુ યુરોપે પોતાની આત્મરક્ષા માટે ખુદ આત્મનિર્ભર થવું જોઈએ. જોકે, મેક્રોને પોતાની પોસ્ટમાં વિસ્તારથી નથી જણાવ્યું, પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, રાફેલ ફાઈટર જેટને તે પોતાના યુરોપીય સહયોગી અને NATO દેશની વચ્ચે પહોંચાડવા ઈચ્છે છે. ફ્રાન્સના પ્રમુખ લાંબા સમયથી યુરોપની વ્યૂહાત્મક સ્વાયત્તતા વિશે વાત કરી રહ્યા છે. તેમનું માનવું છે કે, જો યુરોપ સંપૂર્ણપણે અમેરિકન શસ્ત્ર પ્રણાલીઓ પર નિર્ભર રહેશે તો અમેરિકાના આંતરિક રાજકારણ અને ટ્રમ્પના વાપસી જેવા ઘટનાક્રમથી યુરોપ માટે સુરક્ષા પર જોખમ બની શકે છે.

## હવે માત્ર ૨૫ ટકા જ ટિકિટ થઈ શકશે બુકઃ ભારતીય રેલવે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય રેલવેમાં મુસાફરી કરનારા મુસાફરો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રેલવે વેઈટિંગ ટિકિટના નિયમોમાં મહત્ત્વના ફેરફાર કર્યા છે. નવા નિયમ મુજબ હવે વેઈટિંગ ટિકિટોની બુકિંગ મર્યાદા મર્યાદા નક્કી કરી દેવાઈ છે. રેલવેના નિર્ણય મુજબ, હવે તમામ ક્લાસમાં જેટલી બેઠક વ્યવસ્થા હશે તેની ૨૫ ટકા જ ટિકિટો વેઈટિંગ લિસ્ટમાં બુક થઈ શકશે. સરળ ભાષામાં કહીએ તો જો કોઈ ક્લાસમાં સામાન્ય બુકિંગ માટે ૧૦૦ બેઠકો ઉપલબ્ધ હશે, તો તેમાંથી વેઈટિંગ લિસ્ટમાં ૨૫ ટિકિટ જ બુક કરી શકાશે, ત્યારબાદ બુકિંગ બંધ થઈ જશે. નિયમો મુજબ, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, વિદેશી પ્રવાસીઓ અને વિકલાંગ મુસાફરોને કોટા હેઠળ ટિકિટની ફાળવણી કર્યા બાદ બાદ જે બેઠકો બાકી હોય છે, તે જ બેઠકો સામાન્ય બુકિંગ માટે ઉપલબ્ધ રહેશે. આ પહેલા ટિકિટ બુકિંગ કરવાની મર્યાદા જેવો કોઈ નિયમ ન હતો, જેના કારણે લાંબા વેઈટિંગ લિસ્ટના કારણે અનેક મુસાફરો પરેશાન થતા હતા. કોચની તમામ બેઠકો પર બુકિંગ થઈ ગયું હોવા છતાં, વેઈટિંગ લિસ્ટમાં ટિકિટો નોંધાતી હતી. ઘણી વખત લિસ્ટમાં સંખ્યા વધવાના કારણે, કન્ફર્મ થવું સંભવ ન હતું, જેના કારણે આવી ટિકિટો કેન્સલ થઈ જતી હતી અને પૈસા પરત કરી દેવાતા હતા. જૂના નિયમના કારણે મુસાફરોનો અને રેલવે સિસ્ટમનો સમય અને સંશાધનો બરબાદ થતા હતા. ટિકિટ કાઉન્ટર પર પણ ભીડ જમા રહેતી હતી. જોકે આ વ્યવસ્થાને હળવી બનાવવા તેમજ મુસાફરો સરળતાથી ટિકિટ બુકિંગ કરાવી શકે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### ૧ જુલાઈથી લાગુ થશે નવા નિયમો

# ૧ જુલાઈથી એક્સપાયર થયેલા વાહનોને પેટ્રોલ અને ડીઝલ વેચવામાં આવશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી સરકાર પ્રદૂષણ સામે લડવા માટે કડક પગલાં લઈ રહી છે. જેના ભાગરૂપે ૧ જુલાઈથી જે વાહનોનું રજીસ્ટ્રેશન સમાપ્ત થઈ ગયું છે તેમને પેટ્રોલ કે ડીઝલ વેચવામાં આવશે નહીં. પેટ્રોલ પંપ સંચાલકોને આ અંગે કડક સૂચનાઓ આપવામાં આવી છે. એક્સપાયર થયેલા વાહનોનો અર્થ જૂના વાહનો થાય છે. ડીઝલ વાહનોનું રજીસ્ટ્રેશન ૧૦ વર્ષ માટે માન્ય છે, જ્યારે પેટ્રોલ વાહનોનું રજીસ્ટ્રેશન ૧૫ વર્ષ માટે માન્ય છે. આવા વાહનોની યાદી પરિવહન વિભાગના ડેટામાં છે. દિલ્હીના ૫૨૦ ફ્યુઅલ સ્ટેશનોમાંથી ૫૦૦ પર નંબર પ્લેટ ઓળખતા ANPR



કેમેરા લગાવવામાં આવ્યા છે. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનનું કહેવું છે કે ૩૦ જૂન સુધીમાં બાકીના સ્ટેશનો પર ANPR કેમેરા લગાવવામાં આવશે. પેટ્રોલ પંપ પર વાહન આવતાની સાથે જ આ કેમેરા તેની નંબર પ્લેટ વાંચશે અને વાહન પોર્ટલ પરથી તેની નોંધણી વિગતો તપાસશે. જો વાહન જૂનું જણાયું તો ANPR કેમેરા એલર્ટ મોકલશે. જો પેટ્રોલ પંપ આવા વાહનોને ઈંધણ વેચતા જોવા મળશે, તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અધિકારીઓ તમારા જૂના વાહનને જપ્ત કરી શકે છે અથવા તેને સીધા સ્ક્રેપિંગ માટે મોકલી શકે છે. જૂના વાહનોને પેટ્રોલ ન આપવાનો નિયમ દિલ્હીથી શરૂ થશે. પરંતુ તે સમગ્ર NCRમાં લાગુ કરવામાં આવશે. NCRના પાંચ મોટા શહેરો - નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને સોનીપતના ઈંધણ સ્ટેશનોમાં ANPR કેમેરા ૩૧ ઓક્ટોબર સુધીમાં લગાવવામાં આવશે. આ નિયમ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં NCRના અન્ય શહેરોમાં લાગુ કરવામાં આવશે. મોટર વાહન કાયદાના નિયમો અનુસાર, ડીઝલ વાહનોનું રજીસ્ટ્રેશન ૧૦ વર્ષ માટે માન્ય છે, જ્યારે પેટ્રોલ વાહનોનું રજીસ્ટ્રેશન ૧૫ વર્ષ માટે માન્ય છે. તે પછી રજીસ્ટ્રેશન સમાપ્ત થાય છે. અહીં તમારી પાસે બે વિકલ્પો છે - પ્રથમ, તમે તમારા વાહનને સ્ક્રેપ કરો અને નવી કારની ખરીદીમાં સરકારની સ્ક્રેપ નીતિ હેઠળ ઉપલબ્ધ સબસિડીનો લાભ લો. બીજો વિકલ્પ તમારા વાહન માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાનો છે. જો તમને લાગે કે તમારું વાહન સારી રીતે જાળવેલું છે અને થોડા વધુ સમય માટે ચાલી શકે છે, તો RCની માન્યતા સમાપ્ત થાય તેના ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા તમારા વાહન માટે NOC માટે અરજી કરો.

# વિશ્વમાં ઉથલપાથલ વચ્ચે પુતિનની ભારત સાથેના સંબંધો અંગે જાહેરાત

### રશિયાન પ્રમુખે કહ્યું કે, “અમે ઓઈલ અને ગેસ નિકાસને વધારવા માટે પહેલાથી જ એક લક્ષ્ય નક્કી કર્યું છે

। (એજન્સી) મોસ્કો, તા.૨૨ ।

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને મોટી જાહેરાત કરતાં કહ્યું કે ૨૦૩૦ સુધી ભારત સાથે લાંબા ગાળાના આર્થિક સહયોગ માટે મોસ્કોના વર્કિંગ પ્લાનને ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ અપાશે. સેન્ટ પીટર્સબર્ગ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમના એક સત્રને સંબોધતા પુતિને એલાન કર્યું કે રશિયા ભારત સહિત તેના મુખ્ય ભાગીદારો સાથે લાંબા ગાળાના આર્થિક સહયોગને લગતી યોજનાઓને આગળ ધપાવવા માટે કામ કરી રહ્યું છે. પ્રમુખ પુતિને કહ્યું કે, “અમે અમારા મુખ્ય ભાગીદારો સાથે લાંબા ગાળાની સહયોગી યોજનાઓ બનાવવા



માટે સંમત થયા છીએ. તેમણે ભાર મૂક્યો કે ભારત જેવા દેશો સાથેના વર્કિંગ પ્લાન ટૂંક સમયમાં ફાઈનલ થવા જોઈએ.” રશિયાન પ્રમુખે કહ્યું કે, “અમે ઓઈલ અને ગેસ નિકાસને વધારવા માટે પહેલાથી જ એક લક્ષ્ય નક્કી કર્યું છે. જેને પ્રાપ્ત કરવા માટે, અમે ભાગીદારો સાથે સંબંધો વિકસાવીશું, વેપાર અવરોધો દૂર કરીશું, નવા બજારો શોધીશું, માળખાગત સુવિધાઓનું નિર્માણ કરીશું અને રોકાણો વધારીશું.” જોકે પુતિને એ વાત નકારી કાઢી હતી કે ચીન અને રશિયા એક નવી મલ્ટી લેયર વર્લ્ડ સિસ્ટમ બનાવી રહ્યા છે. પુતિને કહ્યું કે, ઉગતા સૂર્યની જેમ એક નવી વિશ્વ વ્યવસ્થા કુદરતી રીતે ઉભરી રહી છે. તેને રોકવાનો કોઈ રસ્તો નથી, અમારી ભૂમિકા આ પ્રક્રિયાને ઔપચારિક બનાવવાની અને તેને સરળ બનાવવાની છે, જેથી ખાતરી કરી શકાય કે તે મોટાભાગના દેશોના હિતોને ધ્યાનમાં લેતા વધુ સંતુલિત રીતે વિકાસ પામે.

### રેલવેએ કર્મચારીઓને આપી મોટી ગીફ્ટ

# રેલવેએ નિવૃત્ત કર્મચારીઓને ફરીથી રોજગારી આપવાનો નિર્ણય લેવાયો

### પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે નોન ગેઝેટેડ નિવૃત્ત કર્મચારીઓને કરાર પર ફરીથી રોજગારી આપશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રેલવેએ તેના નિવૃત્ત કર્મચારીઓને ફરીથી રોજગારી આપવાનો નિર્ણય લીધો છે. રેલવે બોર્ડ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ર્દ્વિહ ય્ટ્ઠડીંદ્બ નિવૃત્ત કર્મચારીઓને કરાર પર ફરીથી રોજગારી આપવામાં આવશે. રેલવેમાં ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયાને સરળ, કાર્યક્ષમ બનાવવા તેમજ અનુભવી કર્મચારીઓની સેવાઓમાં સુધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવેએ નિવૃત્ત કર્મચારીઓને ફરીથી રોજગારી આપવા માટેના નિયમોમાં કેટલાક ફેરફારો કર્યા છે. હવે, નિવૃત્ત કર્મચારીઓને પગાર લેવલ ૧ થી પગાર લેવલ ૯ સુધી ખાલી જગ્યાઓ ભરવા માટે ફરીથી રોજગારી આપી શકાય છે, જો કે તેઓ સમાન શ્રેણી/વર્ગના હોય અને ખાલી જગ્યા કરતા માત્ર ત્રણ સ્તર ઉપરના પદ પરથી નિવૃત્ત થયા હોય. નવા નિયમ મુજબ, સમાન પગાર લેવલથી નિવૃત્ત થયેલા અને યોગ્ય જણાતા કર્મચારીઓને ઉચ્ચ લેવલના પદ પરથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ કરતાં પ્રાથમિકતા આપવામાં આવશે. આ ઉપરાંત, હવે ડીઆરએમને નિવૃત્ત કર્મચારીઓને ફરીથી રોજગારી આપવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. જ્યારે મુખ્યાલય સ્તરે ખાલી જગ્યાઓ ભરવા માટે ફરીથી રોજગારીની સત્તા જનરલ મેનેજર પાસે રહેશે. જોકે, ફરીથી ભરતી માટે કુલ સંખ્યા નક્કી કરવાની સત્તા હજુ પણ જનરલ મેનેજર પાસે રહેશે. ભારતીય રેલવેએ નિવૃત્ત કર્મચારીઓની ફરીથી નિમણૂક નીતિમાં ફેરફાર કર્યા છે. આ ફેરફારને માત્ર વહીવટી રીતે વ્યવહારુ ગણી શકાય નહીં, પરંતુ તે રેલવેની કાર્યકારી કાર્યક્ષમતાને મજબૂત બનાવવાની પણ અપેક્ષા છે. આનાથી અનુભવી માનવશક્તિનો ફરીથી ઉપયોગ શક્ય બનશે અને નવા કર્મચારીઓની અછતને પણ પૂર્ણ કરી શકાશે. તમને જણાવી દઈએ કે ભારતીય રેલવે ભારતમાં સૌથી મોટો નોકરી આપતો વિભાગ છે. તમને જણાવી દઈએ કે રેલવે બોર્ડે એમ પણ કહ્યું છે કે ફરીથી નિમણૂક ફક્ત જરૂર પડે ત્યારે અને કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી જ થવી જોઈએ. આ નવો નિયમ આ આદેશની તારીખથી અમલમાં આવ્યો છે અને તેને રેલવે બોર્ડ અને નાણાં વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જોકે, રેલવેએ સ્પષ્ટતા કરી છે કે પહેલા તે જ લેવલથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ, જેમની જગ્યાઓ ખાલી છે, તેમને પ્રાથમિકતા આપવામાં આવશે. જો આવા લોકો ઉપલબ્ધ ન હોય તો ફક્ત ઉચ્ચ સ્તરથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને જ ફરીથી નિમણૂક કરવામાં આવશે.

### એન્યુઅલ ફાસ્ટેગને લઈને સરકારે સ્પષ્ટતા કરી

# એન્ટ્રી અને એક્ઝિટ બંને સિસ્ટમના ટોલને એક જ ટ્રીપ માનવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

૧૫ ઓગસ્ટ, ૨૦૨૫થી ભારતમાં પ્રાઈવેટ વાહન માલિકો એન્યુઅલ FASTag ટોલ પાસ ખરીદી શકશે. જેની માટે ૩૦૦૦ રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે. જેની વેલિડિટી એક વર્ષ કે ૨૦૦ વખત ટોલ પર કરવા સુધીની (બંનેમાંથી જે પણ પહેલાં થાય) રહેશે. પરંતુ મનમાં સવાલ પણ થાય કે એવા ઘણા ટોલ છે, જ્યાં એન્ટ્રી અને એક્ઝિટ બંને રેકોર્ડ કરવામાં આવે છે, ત્યારે ત્યાં એન્ટ્રી અને એક્ઝિટને કેટલી ટ્રીપ માનવામાં આવશે? સરકારે સ્પષ્ટતા કરી છે કે એન્ટ્રી અને એક્ઝિટ બંને સિસ્ટમના ટોલને એક જ ટ્રીપ માનવામાં આવશે. જેનાથી બે વખત ચાર્જ નહીં આપવો પડે. આ તે વ્યવસ્થા છે, જયારે વાહન ટોલ રોડ પર




પ્રવેશે છે, ત્યારે એક્સેસ પોઈન્ટ (Entry Point) પર તેનો નંબર કે FASTag સ્કેન થાય છે. જ્યારે તે જ વાહન રસ્તાના અંતે કે એક્ઝિટ પોઈન્ટથી બહાર નીકળે છે, ત્યારે તેની એક્ઝિટ (Exit) પણ રેકોર્ડ થાય છે. અહીં વાહને બે ટોલ પ્લાઝા ક્રોસ કરવા પડે છે, એક એન્ટ્રી પર અને બીજો એક્ઝિટ પર. જેથી તેને એક જ માનવામાં આવશે, ન કે બે. આ સ્કીમથી એવા લોકોને ખૂબ જ રાહત મળશે, જેઓને રોજ વારંવાર નેશનલ હાઈવે પર યાત્રા કરે છે. તેમણે વારંવાર પૈસા કપાવાની ચિંતા નહીં કરવી પડે અને ટોલ પર સમય પણ બચશે. જેનાથી ટ્રાફિક ઘટશે અને યાત્રા સરળ બનશે. પરંતુ તમારી માટે એ જાણવું પણ જરૂરી છે કે આ પાસ સ્ટેટ ટોલ સિસ્ટમ પર માન્ય નહીં ગણવામાં આવે. આ સ્કીમની જાહેરાત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ૧૭ જૂનના રોજ કરી અને આ સ્કીમ કેન્દ્ર સરકારની અધિસૂચના દ્વારા લાગૂ કરવામાં આવશે. તેનો હેતુ છે કે ટોલ પ્લાઝા પર થતી ભીડ ઘટાડવામાં આવે, ટોલ પેમેન્ટ પ્રોસેસ સરળ કરવામાં આવે અને યાત્રાના નોનસ્ટોપ કરી શકાય. આ એન્યુઅલ ટોલ પાસની કિંમત ૩૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ એ પ્રીપેડ ફેસિલિટી છે, જેમાં વારંવાર FASTagમાંથી કપાત નહીં થાય. એક વખત પાસ એક્ટિવેટ થઈ જાય.

# અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયા પર મોટી કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયા પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. DGCA એ આ મામલામાં કાર્યવાહી કરતા એરલાયન્સના ત્રણ અધિકારીઓને હટાવવાનું કહ્યું છે. ક્રૂના ટાઈમ ટેબલમાં પણ અનિયમિતતાના આરોપ લાગ્યા છે. સાથે ક્રૂ રોસ્ટર લગાવવામાં પણ બેદરકારીનો આરોપ છે. ડીજીસીએએ એર ઈન્ડિયાને ગંભીર અનિયમિતતાઓને કારણે ત્રણ વરિષ્ઠ અધિકારીઓને તત્કાલ પ્રભાવથી ક્રૂ શેડ્યુલિંગ અને રોસ્ટરિંગ સંબંધિત તમામ જવાબદારીઓમાંથી હટાવવાનો નિર્દેશ આપ્યો છે. આ કાર્યવાહી વારંવારની ઘણી ગંભીર ચૂક અને નિયમોના ઉલ્લંઘન બાદ કરવામાં આવી છે. આ અધિકારીઓને




હટાવવાનો આદેશ, ચુરહ સિંઘ, ડિવિઝનલ વાઈસ પ્રેસિડેન્ટ, પિંકી મિત્તલ, ચીફ મેનેજર, ડીઓપીએસ, ક્રૂ શેડ્યુલિંગ, પાયલ અરોરા, ક્રૂ શેડ્યુલિંગ, પ્લાનિંગ, DGCA એ તાત્કાલિક અસરથી નીચેના નિર્દેશો જારી કર્યા છે. એર ઈન્ડિયાને ક્રૂ શેડ્યુલિંગ અને રોસ્ટરિંગ સંબંધિત તમામ ભૂમિકાઓ અને જવાબદારીઓમાંથી ઉપરોક્ત અધિકારીઓને દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્રણેય અધિકારીઓ સામે આંતરિક શિસ્તભંગની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## મોસાદની ‘માશૂકા’ યુદ્ધની બાજી પલટીને ગાયબ થઈ ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં તેહરાનમાંથી એકત્ર કરાતી ગુપ્ત માહિતી ઈઝરાયેલની સૌથી મોટી તાકાત સાબિત થઈ રહી છે. એવામાં પ્રશ્નો થઈ રહ્યા છે કે કેવી રીતે ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદ આ તમામ જાણકારી એટલી સરળતાથી હાંસલ કરતી રહી છે. હવે આને લઈને મોસાદની એક મહિલા જાસૂસના મોટા ખેલનો ખુલાસો થયો છે. આ કોઈ જેમ્સ બોન્ડ ફિલ્મ નથી, પરંતુ એક હકીકત છે. ઈઝરાયેલની એજન્સી મોસાદની એક મહિલા જાસૂસ બે વર્ષ પહેલા ગુપ્ત રીતે ઈરાનમાં ઘુસી હતી. મોસાદની આ મહિલા જાસૂસનું નામ કેથરીન પેરેજ શાકડમ છે. મૂળ ફ્રાન્સની રહેવાસી છે. કેથરીન સ્માર્ટ, બ્યુટિફૂલ અને બોલ્ડ છે અને ઉચ્ચ તાલીમ પણ મેળવી હતી. કેથરીનના આકર્ષણે અને ચતુર યોજનાએ ઈરાનની સુરક્ષા એજન્સીઓને છેતરી નાંખી છે. આરંભમાં કેથરીને દાવો કર્યો કે એ ફક્ત ઈસ્લામ અંગે જાણવા ઈચ્છુક છે એટલે શિયા ઈસ્લામ ધર્મ અપનાવ્યો. પછી ઈરાનના સરકારી અધિકારીઓની પત્નીઓ મળવાનું શરુ કરીને ઘરોબો કેળવી લીધો.

# Covid-19: દર ૬-૯ મહિનામાં વધે છે કોરોના વાયરસનું સંક્રમણ

### વિશેષજ્ઞોએ તમામ લોકોને આપી જરૂરી સલાહ, ભારતમાં હાલમાં સંક્રમણના કેસોમાં ઘટાડો જોવાયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત અને અમેરિકા સહિત ઘણા દેશોમાં તાજેતરના દિવસોમાં કોરોના વાયરસના સંક્રમણના કેસોમાં ઝડપથી વધારો જોવા મળ્યા. પરંતુ ભારતમાં હાલમાં સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ૧૫ જૂનના રોજ જ્યાં કુલ એક્ટિવ કેસ ૭૪૦૦ હતા, તે ૨૧ જૂન (શનિવાર) ના રોજ ઘટીને લગભગ ૫૦૧૨ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૯૭ લોકો સંક્રમણમાંથી સાજા થયા છે અથવા હોસ્પિટલમાંથી સ્વસ્થ થઈને ઘરે પાછા



ફર્યા છે. જોકે, રાજસ્થાનમાં ૨૦ વર્ષીય યુવકનું કોરોનાથી મૃત્યુ થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેને મલ્ટીપલ ઓર્ગન ડિસફંક્શન સિન્ડ્રોમ, ફેફસાંની સમસ્યાની સાથે કોરોનાનું સંક્રમણ પણ થયું હતું, જેના કારણે તેની સ્થિતિ ગંભીર બનતી ગઈ અને તેનું મૃત્યુ થયું. છેલ્લા કેટલાક દિવસોમાં ભારતમાં સક્રિય કેસોમાં ભલે ઘટાડો થયો હોય, જોકે આરોગ્ય નિષ્ણાતો કહે છે કે કોરોનાને હળવાશથી લેવાની ભૂલ ન કરવી જોઈએ. વાયરસ હંમેશા આપણી આસપાસ રહે છે અને નવા મ્યુટેશન અથવા લોકોની નબળી પ્રતિરક્ષાને કારણે વારંવાર સક્રિય થઈ જાય છે. આ ખતરાને ધ્યાનમાં રાખીને, તમામ લોકોએ સતત સાવચેતી રાખવાની જરૂર છે. આપણે કોરોના સાથે જીવતા શીખી લેવું પડશે. ભારતમાં કોરોનાના કેસની વાત કરીએ તો અહીં બે વેરિએન્ટ નિંબસ અને ટ્રાટસ સૌથી વધુ અસરકારક જોવા મળી રહ્યા છે. એનબી.૧.૮.૧ના અનૌપચારિક રૂપથી ‘નિબંસ‘ ઉપનામ આપવામાં આવ્યું છે. તો બીજી તરફ એક્સએફજીને સ્ટ્રાટસ કહેવામાં આવે છે. તાજેતરમાં એક રિપોર્ટમાં આઈસીએમઆર-એનઆઈવી પુણેના નિર્દેશક ડૉ. નવીન કુમારે જણાવ્યું હતું કે XFG અને NB.1.8.1 ની સાથે JN.1 અને LF.7 વેરિઅન્ટ પણ અહીં સક્રિય જોવા મળ્યા છે.

## તંત્રી લેખ...

# દુનિયા આખી મંદીના ઊંબરે ઊભી છે

સમગ્ર વિશ્વમાં મંદીની આશંકા છે, પરંતુ નિષ્ણાતો અને રોકાણકારોને ભારત પર વિશ્વાસ છે. આજે જાહેર કરાયેલા ફોરેક્સ રિઝર્વ ડેટાએ પણ આ વિશ્વાસને મજબૂત બનાવ્યો છે. રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, ભારતનો ફોરેક્સ રિઝર્વ સતત બીજા સપ્તાહમાં વધ્યો છે અને આ વધારા સાથે ફરી એકવાર રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે. રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, ૧૩ જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૨.૨૯૪ અબજ ડોલર વધીને ૬૯૮.૯૫ અબજ ડોલર થયો છે. તમને જણાવી દઈએ કે સપ્ટેમ્બર ૨૦૨૪ના અંતે ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૭૦૪.૮૮૫ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. આ સતત બીજું સપ્તાહ છે જ્યારે વિદેશી હૂંડિયામણ ભંડારમાં વધારો નોંધાયો છે. અગાઉ, ૬ જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, અનામતમાં ૫.૧૭ અબજ ડોલરનો વધારો થયો હતો. આ વખતે વધારાનું મુખ્ય કારણ વિદેશી ચલણ સંપત્તિ હતી. અઠવાડિયા દરમિયાન, FCA માં ઈ૧.૭૩૯ બિલિયનનો વધારો થયો હતો, જે હવે ઈ૫૮૯.૪૨૬ બિલિયન પર પહોંચી ગયો છે. આ સાથે, સોનાના ભંડારમાં પણ ઈ૪૨૮ મિલિયનનો વધારો થયો છે અને તે ઈ૮૬.૩૧૬ બિલિયન થઈ ગયો છે. આ ઉપરાંત, SDR અને IMF સાથે ભારતની અનામત સ્થિતિમાં પણ વધારો થયો છે. વિદેશી મુદ્રા ભંડારનું મજબૂત બનવું એ રૂપિયા માટે સારા સમાચાર છે. મજબૂત ફોરેક્સ રિઝર્વ પણ રૂપિયાને મજબૂત રાખે છે અને રિઝર્વ બેંક ચલણના વધઘટને નિયંત્રિત કરવાની અને ચલણ બજારમાં સ્થિરતા લાવવાની ક્ષમતા ધરાવે છે. તેમજ, કોઈપણ વૈશ્વિક આર્થિક કટોકટીનો સામનો કરવા માટે વિદેશી વિનિમય અનામત જરૂરી છે. વધુ અનામત સાથે, ભારત તેલ, સોનું અને અન્ય આયાત માટે સરળતાથી ચૂકવણી કરી શકે છે. તે જ સમયે, આ વિદેશી રોકાણકારોને સૂચવે છે કે દેશની અર્થવ્યવસ્થા મજબૂત છે.

# પ્રધાનમંત્રીએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સંબોધન કર્યું

### આ યોગ દિવસ માનવતા માટે યોગ ૨.૦ની શરૂઆત તરીકે ઉજવો, જ્યાં આંતરિક શાંતિ વૈશ્વિક નીતિ બને છેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (IYD) કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું અને યોગ સત્રમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ ભારત અને વિશ્વભરના લોકોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ભાર મૂક્યો કે આ વર્ષે ૧૧મો પ્રસંગ છે જ્યારે વિશ્વ ૨૧ જૂને સામૂહિક રીતે યોગ કરવા માટે એકત્ર થયું છે. તેમણે કહ્યું કે યોગનો સાર "એક થવું" છે અને યોગે વિશ્વને કેવી રીતે એક કર્યું છે તે જોવું પ્રોત્સાહક છે. છેલ્લા દાયકામાં યોગની સફર પર પ્રતિબિંબિત કરતા, શ્રી મોદીએ તે ક્ષણને યાદ કરી જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો વિચાર રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે ૧૭૫ દેશોએ આ પ્રસ્તાવને ટેકો આપ્યો હતો, જે આવી વ્યાપક વૈશ્વિક એકતાનું એક દુર્લભ ઉદાહરણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ સમર્થન ફક્ત એક પ્રસ્તાવ માટે નથી. પરંતુ માનવતાના ભલા માટે વિશ્વ દ્વારા કરવામાં આવેલા સામૂહિક પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે જણાવ્યું કે, "અગિયાર વર્ષ પછી, યોગ વિશ્વભરના લાખો લોકોની જીવનશૈલીનો અભિન્ન ભાગ બની ગયો છે." પ્રધાનમંત્રીએ દિવ્યાંગ વ્યક્તિઓ કેવી રીતે બ્રેઈલમાં યોગ ગ્રંથો વાંચી રહ્યા છે અને વૈજ્ઞાનિકો અવકાશમાં યોગ કેવી રીતે કરી રહ્યા છે તે જોઈને ગર્વ વ્યક્ત કર્યો હતો. તેમણે યોગ ઓલિમ્પિયાડમાં ગ્રામીણ વિસ્તારોના યુવાનોની ઉત્સાહી ભાગીદારીની પણ નોંધ લીધી હતી. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભલે તે સિડની ઓપેરા હાઉસના પગથિયાં હોય, માઉન્ટ એવરેસ્ટનું શિખર હોય કે સમુદ્રનો વિશાળ વિસ્તાર હોય, સંદેશ એક જ રહે છે, "યોગ દરેક માટે છે, સીમાઓથી આગળ, પૃષ્ઠભૂમિથી આગળ, ઉંમર કે ક્ષમતાથી આગળ છે." વિશાખાપટ્ટનમમાં આવીને સંતોષ વ્યક્ત કરતા, શહેરને પ્રકૃતિ અને પ્રગતિનું સંગમ ગણાવતા, શ્રી મોદીએ આ કાર્યક્રમનું આયોજન આટલું સુંદર રીતે કરવા બદલ લોકોની પ્રશંસા કરી અને શ્રી ચંદ્રાબાબુ નાયડુ અને શ્રી પવન કલ્યાણને તેમના નેતૃત્વ બદલ અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રીએ તેમના નેતૃત્વ હેઠળ આંધ્રપ્રદેશે એક નોંધપાત્ર પહેલ - યોગઆંધ્ર અભિયાન - શરૂ કરી તે વાત પર ભાર મૂક્યો છે. તેમણે શ્રી નારા લોકેશના પ્રયાસોની પણ ખાસ પ્રશંસા કરતા કહ્યું કે તેમણે બતાવ્યું છે કે યોગ કેવી રીતે સાચી સામાજિક ઉજવણી બની શકે છે અને સમાજના દરેક વર્ગને તેમાં કેવી રીતે સામેલ કરી શકાય છે. શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા દોઢ મહિનામાં, શ્રી લોકેશે યોગઆંધ્ર અભિયાન દ્વારા અનુકરણીય પ્રતિબદ્ધતા દર્શાવી છે અને તેમના પ્રયાસો માટે પ્રશંસાને પાત્ર છે. યોગઆંધ્રમાં બે કરોડથી વધુ લોકો જોડાયા છે તેની નોંધ લેતા જનભાગીદારીની જીવંત ભાવનાને પ્રતિબિંબિત કરતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ભાવના જ વિકાસ ભારતનો પાયો બનાવે છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે નાગરિકો પોતે કોઈ મિશનની માલિકી લે છે અને સક્રિયપણે ભાગ લે છે, ત્યારે કોઈ પણ ધ્યેય પહોંચની બહાર રહેતો નથી. વિશાખાપટ્ટનમમાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોકોની સદ્ભાવના અને ઉત્સાહી પ્રયાસો દૃશ્યમાન હતા. આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ, "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ " પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ થીમ એક ગહન સત્યને પ્રતિબિંબિત કરે છેઃ પૃથ્વી પરની દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલું છે. તેમણે કહ્યું કે માનવ સુખાકારી એ માટીના સ્વાસ્થ્ય પર આધાર રાખે છે જે આપણા માટે ખોરાક ઉત્પન્ન કરે છે, નદીઓ જે આપણને પાણી પૂરું પાડે છે, પ્રાણીઓ જે આપણી ઈકોસિસ્ટમ શેર કરે છે અને છોડ જે આપણને પોષણ આપે છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે યોગ આપણને આ આંતરસંબંધ માટે જાગૃત કરે છે અને વિશ્વ સાથે એકતા તરફની યાત્રા પર માર્ગદર્શન આપે છે. પ્રધાનમંત્રીએ ભાર પૂર્વક જણાવ્યું કે, "યોગ આપણને શીખવે છે કે આપણે અલગ વ્યક્તિઓ નથી પરંતુ પ્રકૃતિના અભિન્ન અંગ છીએ. શરૂઆતમાં, આપણે આપણા પોતાના સ્વાસ્થ્ય અને સુખાકારીની કાળજી લેવાનું શીખીએ છીએ, પરંતુ ધીમે ધીમે આ કાળજી આપણા પર્યાવરણ, સમાજ અને ગ્રહ સુધી વિસ્તરે છે.

**કવિ સાવ સીધાસાદા શબ્દો દ્વારા પોતાની અનુભૂતિને વર્ણવે છે કે રામ સભામાં અમે રમવાને ગ્યાં તાં! પણ સવાલ એ થાય કે રામ સભા કોને કહીશું!**

# રામ સભામાં અમે રમવાને ગ્યાં તાં! એમાં નરસિંહે ક્યો રસ પસલી ભરીને પીધો??



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નરસિંહ શ્રૃંગાર રસના કવિ છે અને પોતે વ્રજની ગોપીનો ભાવ લઈ ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ પરમાત્મા પાસે જાય છે, અને એની સાથે પ્રેમ ક્રીડા કરે છે, પરણિત સ્ત્રી માટે એનાં અખંડ સૌભાગ્યથી વધુ કંઈ જ હોતું નથી, એટલે કહે છે કે સદગુરુએ ચીંધેલા માર્ગે ચાલીને હું અખંડ હેવાતણ પામી, અને આમ તેને પોતાના સ્વામી નો ભેટો થયો!**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર પ્રેમ પ્રણામ. વિજ્ઞાન વિકાસને કારણે માનવીએ પોતાના જીવન સુખ સુવિધાથી ભરી દીધાં છે, અને એ સુખ સુવિધા જ જાણે દરેક માનવીના જીવનનું અંતિમ લક્ષ્ય હોય, એમ યેનકેન પ્રકારે દરેકને એ જોઈએ છે. એમાં જાહેરાતોની આ દુનિયા અને "ઈ એમ આઈ" થી દરેક વસ્તુ સામાન્ય થી સામાન્ય માનવીને પણ ઉપલબ્ધ! એટલે લગભગ બધા જ દેવેદાર! પણ જ્યાં સુધી મારો અનુભવ છે ત્યાં સુધી એ મોંઘી વસ્તુની કામના કે ખેવના વખતે જે એક્ઝાઈટી હતી કે ક્યારે એ હું ભોગવું! એવી પ્રતિતિ વસ્તુ પ્રાપ્ત થયાં પછી થતી નથી! અને કદાચ થાય તો પણ લાંબો સમય રહેતી નથી! કારણકે આપણને મળે ત્યારે આપણી આસપાસના બધાં પાસે એ, અથવા એનાથી પણ વધુ હોય છે, અને એટલે આપણે ખાસ છીએ એવી ફિલીંગ થતી નથી! એટલે તરત જ મન બીજી વસ્તુની તમન્ના કરે!; અને આમને આમ જીવનના કેટલાય વર્ષ ચાલ્યાં ગયાં!: પણ આપણું લક્ષ્ય જ ખોટું હતું એ સમજાતું નથી, અને જ્યારે સમજાય છે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે!; પરંતુ જાગ્યા ત્યારથી સવાર એમ હજી પણ આપણે એ રસ પ્રાપ્ત કરી શકીએ છીએ! શરત માત્ર એટલી કે રામ સભામાં રમવા જવું પડે!; હમણાં જ બિહારની કથામાં પૂજ્ય બાપુએ નરસિંહને યાદ કરતા આ પદ ગાયું હતું, એટલે હૈયે હતું.

**નરસિંહ મહેતા**
**રામ સભામાં અમે રમવાને ગ્યાં'તાં**
**પસલી ભરીને રસ પીધો,**
**હરિનો રસ પુરણ પાયો**

કવિ સાવ સીધાસાદા શબ્દો દ્વારા પોતાની અનુભૂતિને વર્ણવે છે કે રામ સભામાં અમે રમવાને ગ્યાં તાં! પણ સવાલ એ થાય કે રામ સભા કોને કહીશું! અથવા કવિ કંઈ સભાની વાત કરે છે! નરસિંહના કાર્ય કાળ દરમિયાન નવાબો અને રાજાઓનું શાસન પ્રચલિત હતું, અને જે નવાબ કે રાજા હોય એ રોજ સભા ભરીને રાજ્યમાં ચાલતી પ્રવૃત્તિની કે રાજ્ય પર આવતી આફતોની સમીક્ષા કરતાં! કવિને આવી કોઈ સભામાં જવાનો શોખ હતો નહીં, એ તો ભજનાનંદી સ્વભાવ ધરાવતાં હતાં, અને એટલે જ્યાં સત્સંગ કરવાં લોકો એકઠા થતાં, એને એણે રામ સભા નામ આપ્યું! એની માટે તો હરિજનવાસ પણ રામ સભા હતી, અને એ બધાં રામ સેવક! એટલે જેણે રામને સેવ્યા! અથવા રામકામ ની સેવા સ્વીકારી. હરિ નામની ધૂન ! કે ભજનમાં જે રસ મળે છે એ અણમોલ છે, અને એ પીધા પછી પરમાત્મા એને પુર્ણ પણે પ્રાપ્ત થયાં.

**પહેલો પિયાલો મારા**
**સદગુરૂએ પાયો,**
**બીજે પિયાલે રંગની રેલી**
**ત્રીજો પિયાલો મારાં રોમે**
**રામે વ્યોપ્યો**
**ચોથે પિયાલે પ્રભુજી જેવી**
**...રામ સભામાં.**

રામ સભા એટલે કે ભજનમાં ગયાં પછી ગુરુ પરંપરાને વેગ આપતાં કહ્યું કે મારાં ગુરુ વચન મુજબ મેં ભજન કર્યું, એટલે હરિરસ પ્રાપ્ત થયો! અથવા તો ગુરુજીએ ભજનનો મર્મ સમજાવ્યો એટલે હરિ રસ પ્રાપ્ત થયો. હરિરસ ભાવી ગયો અને બીજો પ્યાલો પીધો ત્યાં તો રંગ રેલી થઈ, એટલે ચક્ર ભેદનના સાતે રંગ સહજ પ્રાપ્ત થયાં! ભજન એક યોગ છે! ત્રીજે પિયાલો પીધો ત્યાં એ આનંદ મારા રોમેરોમમાં વ્યાપી ગયો! અને ચોથે પિયાલે મારામાં જ એની અનુભૂતિ.

**રસ બસ એકરૂપ થઇ**
**રસિયા સાથે,**
**વાત ન સુઝે બીજી વાટે**
**મોટા જોગેશ્વર જેને સ્વપ્ને**
**ન આવે**
**તે મારા મંદિરીયામાં મ્હાલે**
**રે ... રામ સભામાં**

આ પંક્તિમાં બહુ ઉંચી વાત કરે છે કે, ભક્તિના પ્રેમરસ થકી હું મારા રસિયા સાથે એકરૂપ થઈ, હવે મારી માટે એ કોઈ અન્ય ન્હોતાં! એટલે કે દ્વૈત માંથી અદ્વૈત પણું સિદ્ધ કરે છે, અને આ ઐક્ય એટલી હદનું હતું કે હવે સંસાર જેવો બીજો કોઈ માર્ગ મને દેખાતો જ નહોતો! મોટાં મોટાં સિદ્ધ જોગીને વર્ષો સુધી યોગ કરવા છતાં જેની સપનામાં પણ ઝાંખી ન થાય, એ મારાં મનનાં મંદિરે બિરાજે છે, અને એની સાથે હું મનભાવન ક્રીડા કરું છું.

**અખંડ હેવાતણ મારા**
**સદગુરૂએ દીધાં**
**અખંડ સૌભાગી અમને**
**કીધાં રે**
**ભલે મળ્યા મહેતા**
**નરસૈંઇના સ્વામી**
**દાસી પરમ સુખ પામી રે**
**... રામ સભામા**

નરસિંહ શ્રૃંગાર રસના કવિ છે અને પોતે વ્રજની ગોપીનો ભાવ લઈ ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ પરમાત્મા પાસે જાય છે, અને એની સાથે પ્રેમ ક્રીડા કરે છે. પરણિત સ્ત્રી માટે એનાં અખંડ સૌભાગ્યથી વધુ કંઈ જ હોતું નથી. એટલે કહે છે કે સદગુરુએ ચીંધેલા માર્ગે ચાલીને હું અખંડ હેવાતણ પામી, અને આમ તેને પોતાના સ્વામી નો ભેટો થયો! સ્વામીની દાસી થઈ એ જન્મો જન્મનું સુખ પામી શક્યા. ઉનાળાની ઋતુ ચાલી રહી છે, અને શેરડીનો રસ તથા કેરીનો રસ બંને આસાનીથી ઉપલબ્ધ છે! કેરીનો રસ પીધા પછીની તૃપ્તિનો અનુભવ સૌને હશે, અને હજી વધુની માંગ પણ રહી હશે! એટલે કે એક વાટકી,બે વાટકી ત્રણ વાટકી.. લગભગ ત્યારે કોઈ ક્યા આંબાની કેરી છે? અને કાલે મળશે કે નહીં? કે પછી બાજુવાળાને આ રસ આપું! એવું વિચારતા નથી, અને રસનો આનંદ લે છે. બસ બિલકુલ એ જ રીતે પ્રિતી કે ભક્તિ જ એવું પરિબળ છે, કે જે પ્રેમી અથવા ભક્તને રસ તરબોળ કરી દે છે. પ્રેમ પેય પદાર્થ છે, અને એટલે એ રીતે તૃપ્ત થઈ શકાય છે, બાકી આ દુનિયામાં વિષયોનું સુખ તૃપ્ત થવા દેતું નથી, વધુ ને વધુ ભોગ્ય બનાવી કાયમ અશાંત રાખે છે. વિજ્ઞાનની રીતે જોઈએ તો ટેકનોલોજીના આજના યુગમાં જે કોઈ ભૌતિક ઉપકરણો આપણને પ્રાપ્ત થયા છે, એની રેન્જ વધી વધીને કેટલી હશે? જ્યારે ભક્તિ એ એક એવું સાધન છે કે જેની રેન્જ પૃથ્વી લોકથી પરમાત્મા લોક સુધીની છે! અને નરસિંહ તેનું સાક્ષાત ઉદાહરણ છે!: એને મુશ્કેલીના સમયે ભગવાનને પોકાર્યા, અને ભગવાને એનું દાયિત્વ પૂરું કર્યું, પછી શામળશાના વિવાહ હોય, કુંવરબાઈનું મામેરુ હોય, કે પિતાનું શ્રાદ્ધ હોય, સ્વયં સ્વામીએ સેવકાઈ કરી! આવું ફક્ત ભારતીય અધ્યાત્મમાં જ શક્ય બને છે. આમપણ પૂજામાં વિધિ વિધાન હોય, યજ્ઞમાં વિધિ વિધાન હોય, પણ ભજનમાં કોઈ વિધિ વિધાન હોતાં નથી, જ્યાં હો ત્યાં, જે સમય હોય તે, જે પહેરવેશ પહેર્યો હોય તે! જમીને, જમ્યાં વગર, ઉઠીને, સૂતાં સૂતાં પણ ભજન થઈ શકે! સંસ્કૃતમાં ભજ ધાતુ પરથી ભજન શબ્દ બન્યો છે, અને એનો અર્થ સેવા કરવી અથવા ભક્તિ ભાવે ઈશ્વરને કંઈક આપવું એવો થાય! એટલે સીધો અર્થ કરીએ તો કોઈની સેવા કરીએ કે કોઈને કંઈક આપવાથી જે રસ પ્રાપ્ત થાય છે, એનાથી જ તૃપ્તિનો અનુભવ થાય છે, અને નિરંતર આપવાની વૃત્તિને વળગી રહીએ, ત્યારે એ આપણામાં જ વસતો હોય, એવી અનુભૂતિ થાય! કોઈની સેવા કરવી કે આપવું એટલે એનું પોષણ કરવું! અને ઈશ્વર એ જ તો કરે છે! સમગ્ર સૃષ્ટિનું ભરણ પોષણ કરનાર સ્વયં ભગવાન યોગેશ્વર છે, અને એ મન મંદિરમાં મહાલતો હોય આના જેવું બીજું કયું સૌભાગ્ય છે?? દાસી શબ્દનો પ્રયોગ કરીને આડકતરી રીતે કહે છે કે, શરણાગતિ વગર એ તત્વતઃ પરમાત્માને પામવા અશક્ય છે! હાં શાસ્ત્ર મુજબ એનું વર્ણન થાય, ટીકા ટિપ્પણી થાય ! પણ મૂળ રસ પ્રાપ્ત થાય નહીં! તો આપણે સૌ નરસિંહ જેમ પસલી ભરીને નહીં તોય ટીપું ટીપું મળે તોય ઘણું, અને કાયમ રામ સભામાં રમવા જઈ એ અણમોલ રસને પ્રાપ્ત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે, તે છોડવાનો પ્રયત્ન કરો, ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે**

# દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય, તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ, તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો, જગત અસત્ય છે, જગતના પદાર્થો દુઃખ રૂપ છે, વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે, પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી, તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસછે તેમ વારંવાર ચિંતન કરે છે.**

આજે જેઠ વદ તેરસ સોમવાર શિવરાત્રી કહેવાય આજે સોમ પ્રદોષ પણ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તે કોઈને રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લયએ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે,પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈકે લોકો આનેભગવાન કહે છે તે સાચું છે.જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ,સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ. ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય,તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે. મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યાં હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ. સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. વ્યાસજીએ શ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છું એમ કેમ નલખ્યું? અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો, દત્તા ત્રેય ભક્તો, દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રીકૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે. એટલે વ્યાસજીએ કોઇનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી,પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને, કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કહે છે કે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે, પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ.તેથી પરમાત્મા શિવ, ગણેશ રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે, અવિનાશી છે અબાધિત છે.સત્ય નો કદી વિનાશ થતો નથી.સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું નથી સુખ, દુઃખ, લાભ,હા ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખમાં જેને ઉદ્વેગનથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છેતેવું જીવનમાં આચરી પણ બતાવે છે.રામચંદ્ર જીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોના ની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ આ બધું ખોટું છે.હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે.જગતના પદાર્થો દુઃખ રૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે, પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી.તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે,માત્ર ભાસછે તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદ રૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ નકરવો મિલનમાં સુખ થાય છે,પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો.

અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે.

રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્મા એ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનોમુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી. નારદજીએવાલ્મીકિને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું વાલ્મીકિ ભૂલથી રામને બદલેમરા મરા જપવા લાગ્યા. મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ?તેમાંનિષ્કામ કર્મ છે.

અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી.

સેવાનું ફળ એના છે, મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ.ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિકરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો.ભક્તિનું ફળ ભોગ નથી,ભગવાન છે.ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે પોતાનું કામ મારા મારફત.વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપોએમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે.પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં.શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજીને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપો ને. રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી.

શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે.મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે, આપવાવાળો જશે.ભગવાનગીતા માં કહે છે કે,દેવના ભક્તો દેવની પૂજા કરે છે.તેઓ પણ તેનું ફળ પામે છેને મારા ભક્તો મને પામેછે

ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છ. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે, એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે.ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, આજે કડી વિસાવદર વિધાન સભાની ચુંટણીના પરિણામો જાહેર થશે. ગ્રામ પંચાયતની સામાન્ય પેટા ચૂંટણી પુરી થઈ ગામમાં વાદ વિવાદના વમળમાં ફસાઈને ગામની શાંતિ એકતાના વાતાવરણને ડહોળવા પ્રયત્ન કરતા તત્વોને ખુલ્લા પાડી ગામનો વિકાસ થાય તેવી ખેલદિલી રાખજો સરપંચ ગમે તે હોય પણ ગામમાં ભ્રષ્ટાચાર બહારનો કોન્ટ્રાકટર તલાટી કે અન્ય ના કરી જાય તેની તકેદારી રાખવી આપણી ફરજ છે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# છૂટાછેડા બાદ અભિનેત્રીએ ભારત છોડ્યું

## માલવિકા એવી અભિનેત્રીઓમાંની એક છે, જેમને બોલિવૂડમાં ઓળખ મળી નથી

'મેરી પ્યારી બિંદુ' ફેમ માલવિકા સિતાલાની અને અખિલ આર્યને વર્ષ ૨૦૨૦ લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ વર્ષ બાદ બંનેના છૂટાછેડા લઈને અલગ થઈ ગયા હતા. વર્ષ ૨૦૨૩માં જ અભિનેત્રી એક પુત્રીના મા બની હતી. છૂટાછેડા પછી અભિનેત્રીએ ઘણું સહન કર્યું, પરંતુ કહેવત છે ને કે, કાળી રાત પછી ચોક્કસ સવાર પડે જ છે. માલવિકાના જીવનમાં પણ આવી જ સવાર આવી ચૂકી છે. એક્ટ્રેસ માંથી યુટ્યુબર-ઈન્ફ્લુએન્સર બનેલી માલવિકા તેની પુત્રી સાથે દુબઈ શિફ્ટ થઈ ગઈ છે. તેણે દુબઈમાં તેના સ્વપ્રના ઘરમાં વસાવી લીધું છે. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો અને માહિતી આપી કે 'હું મારી પુત્રી સાથે દુબઈ શિફ્ટ થઈ ગઈ છું. એક સમયે મને અશક્ય લાગતું હતું, પરંતુ હવે મારી પાસે પોતાનું ઘર છે. ઈસુએ મને રસ્તો બતાવ્યો. આપણે જે જીવન જીવી રહ્યા છીએ તે આપણી પ્રાર્થનાની અસર છે.'આ વિશે વાત કરતા માલવિકા કહે છે કે, 'દુબઈમાં હવે મારું પોતાનું ઘર છે. આ માટે શબ્દોથી આભાર માનવો મુશ્કેલ છે. મેં ૩૨ વર્ષની ઉંમરે આ કરી બતાવ્યું છે, માલવિકા એવી અભિનેત્રીઓમાંની એક છે, જેમને બોલિવૂડમાં ઓળખ મળી નથી, પરંતુ તેણે હાર ના માની અને ઈન્ફ્લુએન્સર બની અને સપનાં પૂરા કર્યા જે ખરેખર દરેક માટે અશક્ય છે.નોંધનીય છે કે, માલવિકા એવી અભિનેત્રીઓમાંની એક છે, જેમને બોલિવૂડમાં ઓળખ મળી નથી, પરંતુ તેણે હાર ના માની અને ઈન્ફ્લુએન્સર બની અને સપનાં પૂરા કર્યા. માલવિકાના ચાહકો પણ તેની આ સિદ્ધિથી ખુશ છે.



# કચરા પેટીમાં મળેલી બાળકીને બોલિવૂડના દિગ્ગજ એક્ટર મિથુને નવું જીવન આપ્યું

બોલિવૂડમાં ઘણા હીરો છે, જેમણે ફિલ્મોમાં તો લોકોની જિંદગીઓ બચાવી અને તેમની જિંદગી બદલી છે. પરંતુ અસલ જીવનમાં આવું કરનારા ખૂબ ઓછા લોકો છે. આજે અમે તમને એક એવા રિયલ લાઈફ હીરો વિશે જણાવીશું, જેમણે એક નાની દીકરીને નવી જિંદગી જ નહીં, પણ તેને પોતાનું નામ પણ આપ્યું, અને આજે તે દીકરી હૉલિવૂડમાં નામના મેળવી રહી છે. અમે વાત કરી રહ્યા છીએ અભિનેતા મિથુન ચક્રવર્તીની. એક્ટરે પોતાના જીવનમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે, અને તેમના ચાહકો દુનિયાના ખૂણે ખૂણે છે. પરંતુ મિથુન વિશે એક વાત એવી છે, જે ખૂબ ઓછા લોકો જાણે છે. મિથુને હેલેના લ્યુક સાથે લગ્ન કર્યા હતા, પરંતુ લગ્નના ચાર મહિના બાદ જ બંનેના છૂટાછેડા થયા. ત્યારબાદ મિથુને અભિનેત્રી યોગીતા બાલી સાથે લગ્ન કર્યા, જેનાથી તેમને ત્રણ સંતાનો થયા. મહાઅક્ષય, ઊષ્મા અને નમાશી મિથુનના ત્રણ બાળકોના નામો છે, પરંતુ તેની સાથે મિથુનની દીકરી દિશાની પણ છે. જણાવી દઈએ મિથુનની દીકરી દિશાની ચક્રવર્તી એક દત્તક લીધેલી બાળકી છે.એક રિપોર્ટ મૂજબ દિશાનીનો જન્મ કોલકાતામાં થયો હતો, પણ જન્મ પછી જ તેના માતાપિતાએ તેને કચરાના ડબ્બામાં છોડી ગયા હતા. જોકે, ત્યાંથી ત્યાથી પસાર થયેલા એક વ્યક્તિએ નાની દિશાનીને ઉઠાવી પોતાની પાસે રાખી હતી. મિથુને દિશાની વિશેના સમાચાર વાંચ્યા બાદ તે ત્યાં પહોંચ્યા. તે અને યોગીતા તે બાળકીને અપનાવવા ઈચ્છતા હતા, એટલે તેમણે બધી ફોર્માલિટીઝ પૂરી કરી, અને દિશાનીને નવું ઘર મળી ગયું. નાની દિશાનીને તેનું નામ પણ મિથુને જ આપ્યું હતું.પિતાની જેમ દિશાનીએ પણ ફિલ્મોમાં કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. તે ભણવા માટે વિદેશ ગઈ, તેણે ન્યૂ યોર્કમાં શિક્ષણ પૂર્ણ કર્યું. ત્યાર બાદ દિશાનીએ ન્યૂ યોર્ક ફિલ્મ એકેડમીથી એક્ટિંગમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. ૨૦૧૭માં દિશાનીએ શૉર્ટ ફિલ્મ 'Gift'થી હૉલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.



# રાજીવ ગાંધીના જીવન અને હત્યા આધારિત વેબ સિરીઝ 'ધ હંટ'

ઈન્દિરા ગાંધીના પાત્ર પર એકથી વધુ ફિલ્મ અને સિરીઝ બન્યા પછી હવે રાજીવ ગાંધીના જીવન પર અને તેમની હત્યા પર એક સિરીઝ આવી રહી છે. સોની લિવ દ્વારા એક ટ્રેલર લૉંચ કરવામાં આવ્યું છે, 'ધ હન્ટઃ ધ રાજીવ ગાંધી અસેસિનેશન કેસ' એ એક જકડી રાખે એવી પોલિટિકલ થ્રિલર સિરીઝ ઈન્વેસ્ટિગેટિવ જર્નલિસ્ટ અનિરુદ્ધ મિત્રનાં પુસ્તક 'નાઈનટી ડેઝ' પર આધારિત છે. આ સિરીઝ નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મ મેકર નાગેશ કૂકુનુર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને રોહિત બનવાલિકર અને શ્રીરામ રાજન સાથે મળીને લખવામાં આવી છે. આ સિરિઝમાં જાસુસી, શંકાસ્પદ વફાદારો, ગુપ્ત માહિતી જાહેર થવા પર અને ન્યાય માટે માનવતાના બલિદાનની વાત કરશે. દેશના સૌથી હાઈ પ્રોફાઈલ કેસ પર તપાસની વાત કરવામાં આવશે. આ સ્ટોરીમાં ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા પછી થયેલી તપાસ અને જાસુસી તેમજ કાવતરાની માયાજાળ, પક્ષ પલટા જેવી બાબતની વાત કરવામાં આવશે. આ સિરીઝમાં અમિત સિઆલ એસઆઈટી ચીફ ડૉ. કાર્તિકેયન, સાહિલ વૈદ સીબીઆઈના એસપી અમિત વર્મા, ભગવથિ પેરમુમલ સીબીઆઈના ડીએસપી રઘોથામન, દાનિશ ઈકબાલ સીબીઆઈના ડીઆઈજી અમોદ કંઠના રોલમાં, ગિરિશ શર્મા સીબીઆઈના ડીઆઈજી રાધઆવિનોદ રાજુના રોલમાં, વિદ્યુત ગર્ગ એનએસજી કમાન્ડો કેપ્ટન રવિન્દ્રનના રોલમાં તેમજ શફીક મુસ્તુફા, અંજના બાલાજી, બી સાઈ દિનેશ, શ્રુતિ જયન, ગૌરી મેનન જેવા કલાકારો જોવા મળશે. આ સિરીઝ ૪ જુલાઈએ સોની લિવ પર આવશે.




દિકરાના ડેબ્યુ પર વિષ્ણુ માંચુની ઇમોશનલ પોસ્ટ ચર્ચા

# 'કન્નપ્પા'માં માંચુ પરિવારની ત્રીજી પેઢી ડેબ્યુ કરશેઃ વિષ્ણુ

'કન્નપ્પા'ના ડિરેક્ટર અને એક્ટર વિષ્ણુ માંચુએ તાજેતરમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે તેના દિકરા આવરમના ડેબ્યુ વિષે વાત કરી હતી. વિષ્ણુ માંચુ આ ફિલ્મમાં લીડ રોલ કરે છે, ત્યારે દિકરાને તેનું સપનું પુરું કરતો જોઈને તે બહુ ખુશી અને ગૌરવ અનુભવે છે. તેણે આ પોસ્ટમાં લખ્યું, "મારો નાનો આવરમ, કન્નપ્પા સાથે ડેબ્યુ કરવાનો છે. તેને સેટ પર આવતો જોઈને, આ વાક્ય બોલતા અને આ સપનું વાસ્તવિક થતું જોવું એ મારા જીવનની સૌથી લાગણીશીલ ક્ષણ છે." વિષ્ણુ માંચુએ આગળ લખ્યું કે આવરમનું ડેબ્યુ માત્ર એક નોંધપાત્ર ઘટના નહીં જીવનભરની એક યાદ છે. તેમણે એક એવી આશા પણ વ્યક્ત કરી કે ઓડિયન્સ અવરામને પણ પ્રેમ અને આશીર્વાદ આપશે. કન્નપ્પા ૨૭ જૂને વર્લ્ડવાઈડ રિલીઝ થવાની છે અને તેના માટે માંચુના ફૅન ઘણા ઉત્સુક અને ઉત્સાહી છે. તેમાં અક્ષય કુમાર ભગવાન શિવના રોલમાં, મોહનલાલ કિરાતના રોલમાં અને પ્રભાસ રુદ્રના રોલમાં જોવા મળશે. કન્નપ્પા મોટા બજેટની ફિલ્મ છે, જેમાં વિષ્ણુ માંચુ થિન્નાડુ કન્નપ્પાનો રોલ કરે છે. આ ફિલ્મ ભગવાન શિવના પરમ ભક્તની દંતકથા પર આધારીત છે.



# શાહરુખ, આમિર બહુ પ્રોફેશનલ પણ સલમાન ખાનના સ્ટાર પાવરની તોલે કોઈ ના આવે : કાજોલ

## હવે કાજોલની માઇથોલોજિકલ હોરર ફિલ્મ 'મા' આવી રહી છે

કાજોલ એવા બહુ ઓછા એક્ટર્સમાંની એક છે, જેણે ઈન્ડસ્ટ્રીના ત્રણે ખાન શાહરુખ, સલમાન અને આમિર ખાન સાથે કામ કર્યું છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે આ ત્રણેય કલાકારોના લક્ષણો, ખાસિયતો વિશે વાત કરી હતી. કાજોલે શાહરુખ અને આમિરના પ્રોફેશનલ સ્વાભાવની વાત કરી હતી. તેણે કહ્યું કે જ્યારે ડેડિકેશનની વાત આવે તો શાહરુખ અને સલમાનને તો પુરસ્કાર મળવો જોઈએ. તેઓ બંને પોતાના કામને લઈને અતિશય શિસ્તમાં રહે છે. તેમના કામ વિશે કાજોલે કહ્યું, "સલમાન તો સલમાન ખાન છે. એમાં તમે કોઈ જ દલીલ ન કરી શકો. તે આટલાં વર્ષોમાં બિલકુલ બદલાયો નથી એ વાત જ અદ્દભુત છે. આમિરે પણ એક વખત કહ્યું હતું, "સલમાન મારા કરતાં પણ મોટો સ્ટાર છે, કારણ કે તેની ફિલ્મ ગમે તેવી ચાલે, તો પણ તે ૧૦૦ કરોડ તો કમાઈ જ લે છે. તેના ફૅન્સ તેની પાછળ ઘેલાં છે."" જ્યારે અક્ષયની ફિલ્મો પણ સલમાનની ફિલ્મ જેટલી જ લોકપ્રિય છે, તેની ૧૮ ફિલ્મ ૧૦૦ કરોડથી વધુ કમાણી કરી ચુકી છે. એવી ખબર પડી તો કાજોલે કહ્યું, "વાહ, જોરદાર. પરંતુ જ્યારે આપણે નર્યા સ્ટાર પાવરની વાત કરીએ તો, મને લાગે છે કે અક્ષય કુમાર પણ સહમત થશે -સલમાન ખાનના સ્ટાર પાવરને કોઈ અડી પણ નહીં શકે." સલમાન ખાન અને કાજોલે 'કુછ કુછ હોતા હૈ', 'પ્યાર કિયા તો ડરના ક્યા' અને 'કરણ અર્જૂન' જેવી ફિલ્મમાં સાથે કામ કર્યું છે. તેમની કેમેસ્ટ્રી લોકોને ઘણી પસંદ પડી હતી.





ફિલ્મ સિકંદર ઈદના પ્રસંગે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી

# ગલવાન વેલીમાં સલમાન સાથે ચિત્રાંગદા સિંહ સ્ક્રીન શેર કરશે

સલમાન ખાનની ફિલ્મ સિકંદર ઈદના પ્રસંગે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કરી શકી નહીં. સિકંદર પછી હવે સલમાને પોતાની આગામી ફિલ્મની તૈયારી શરૂ કરી દીધી છે. આ ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લાખિયા કરશે. ફિલ્મનું ટાઈટલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ગલવાન વેલી પર આધારિત છે. સલમાન ખાનની આ ફિલ્મ માટે હિરોઈન પણ ફાઈનલ થઈ ગઈ છે. કરીના કપૂર અને દીપિકા પાદુકોણ નહીં પણ હાઉસફુલ ૫ ની આ અભિનેત્રી સલમાનની ફિલ્મમાં જોવા મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નિર્માતાઓએ સલમાન ખાન સાથેની આ ફિલ્મ માટે ચિત્રાંગદા સિંહને ફાઈનલ કરી લીધી છે. આ સલમાન ખાનની મોસ્ટ અવેઈટેડ વોર ફિલ્મ છે. આ વખતે સલમાન ખાન અને ચિત્રાંગદા સિંહ એકસાથે સ્ક્રીન શેર કરવા જઈ રહ્યા છે. આ અભિનેત્રી સુધીર મિશ્રાની ફિલ્મ "હઝારોં ખ્વાઈશેં ઐસી" માં શાનદાર અભિનય માટે જાણીતી છે. તેણીએ અક્ષય કુમારની ફિલ્મ "દેશી બોય્ઝ" સાથે કોમર્શિયલ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તેણી તાજેતરમાં "હાઉસફુલ ૫" માં પણ જોવા મળી છે. જોકે, તેના નામ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.આગામી લશ્કરી-આધારિત નાટક શિવ અરૂરના ગલવાન વેલી પ્રકરણ અને રાહુલ સિંહના પુસ્તક "ઈન્ડિયાઝ મોસ્ટ ફિયરલેસ ૩" પર આધારિત છે. સલમાન ખાન કર્નલ બી. સંતોષ બાબુની ભૂમિકા ભજવતા જોવા મળશે, જેમણે ૨૦૨૦ માં ગલવાન વેલીમાં ચીની સૈનિકો સાથેની હિંસક અથડામણ દરમિયાન ૧૬ બિહાર રેજિમેન્ટનું નેતૃત્વ કર્યું હતું.સલમાન ખાન પહેલીવાર વાસ્તવિક જીવનના શ્રેષ્ઠ પાત્ર પર ફિલ્મ બનાવવા જઈ રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ જુલાઈથી શરૂ થવાનું છે. આ ફિલ્મમાં તે એક આર્મી ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે.



# ૯૯ ટકા તેલુગુ ફિલ્મ દર્શકોના માનના કારણે સફળ

## કન્નપ્પા વિશે વાત કરતા મોહનલાલે ફિલ્મના સ્કેલ અને પ્લાનિંગના મહત્વ વિશે પણ વાત કરી હતી

મોહનલાલે તાજેતરમાં તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે રિલીઝ થાય છે તેમાંથી લગભગ ૯૯ ટકા ફિલ્મ સફળ થાય છે. મોહનલાલે તેમની સફળતાનું શ્રેય તુલુગુ સિનેમાના દર્શકોના તેના માટેના લગાવ અને સન્માનને આપ્યું હતું અને તેના માટેના તેમના ધ્યાનપૂર્વકના પ્રયત્નોને કારણે ફિલ્મને સફળતા મળે છે.તાજેતરમાં મોહનલાલ 'કન્નપ્પા'નાં પ્રમોશનની એક ઈવેન્ટમાં હાજર રહ્યા હતા, જેમાં તેઓ પણ એક મહત્વના રોલમાં છે. કન્નપ્પા વિશે વાત કરતા મોહનલાલે ફિલ્મના સ્કેલ અને પ્લાનિંગના મહત્વ વિશે પણ વાત કરી હતી આ મોટા બજેટની ફિલ્મ વિશે વાત કરતા મોહનલાલે કહ્યું, "તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દેશની સૌથી મોટી ઈન્ડસ્ટ્રી છે. એ લોકો દેશમાં સિનેમાને સૌથી વધુ પ્રેમ કરે છે. તેમની ૯૯ ટકા ફિલ્મ નિષ્ફળ જતી નથી. તેનું કારણ એ છે કે ત્યાંના લોકોને સિનેમા પ્રત્યે અપાર પ્રેમ છે અને તેઓ ફિલ્મને સફળ બનાવવાના બની શકે એટલાં પ્રયત્નો કરે છે."કન્નપ્પા વિશે વાત કરતા મોહનલાલે ફિલ્મના સ્કેલ અને પ્લાનિંગના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું, "આવી ઈન્ડસ્ટ્રીમાંથી આવતી આ બહુ મોટી ફિલ્મ છે. આ ફિલ્મ ઘણા વર્ષોથી પ્લાન થઈ રહી છે. આ ફિલ્મનું શૂટ ન્યુઝિલેન્ડમાં થયું છે. ફિલ્મની સમગ્ર ટીમ અને ક્રૂ બે થી ત્રણ વખત ગયાં છે. તેથી આટલી મહેનત કર્યા પછી, તેઓ આ ફિલ્મ માત્ર તેલુગુ ઓડિયન્સ માટે જ નહીં પણ, સમગ્ર દેશ માટેના માન અને પ્રેમ ખાતર સમગ્ર દેશમાં રિલીઝ કરી રહ્યા છે. આ ફિલ્મ દેશની અન્ય ભાષાઓમાં પણ ડબ થઈ રહી છે."મોહનલાલે એવું પણ કહ્યું કે ફિલ્મ મલયાલમમાં પણ રિલીઝ થશે, "હવે આ ફિલ્મ મલયાલમમાં પણ ડબ થઈ રહી છે. તો આ ફિલ્મને સફળ બનાવવાની આપણી જવાબદારી છે. ચલો આપણે એને હિટ કરી દઈએ. પ્રાર્થના કરીએ કે કન્નપ્પાને ભગવાન શિવના આશીર્વાદ મળે."



મુંબઈમાં ફિલ્મનું ભવ્ય સ્ક્રીનિંગનું આયોજન

# 'સિતારે જમીન પર' પહેલા મને ઓફર થઈ હતી : ભાઈજાન

આમિર ખાને મુંબઈમાં 'સિતારે જમીન પર' નું ભવ્ય સ્ક્રીનિંગનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ઘણા બોલિવૂડ સ્ટાર્સ હાજર હતા પરંતુ સુપરસ્ટાર સલમાન ખાને બધી લાઈમલાઈટ ચોરી લીધી. બોલિવૂડના ભાઈજાન પોતાના સારા મિત્ર આમિર ખાનને સપોર્ટ કરવા માટે 'સિતારે જમીન પર' ના સ્ક્રીનિંગમાં પહોંચ્યા હતા. આ દરમિયાન સલમાન ખાને આમિર ખાન સાથે ખૂબ મસ્તી કરી. તે જ સમયે, સલમાન ખાને મજાકમાં દાવો કર્યો કે આમિરે પોતે ફિલ્મ કરતા પહેલા તેને 'સિતારે જમીન પર' ની સ્ક્રિપ્ટ ઓફર કરી હતી. ગુરુવારે મુંબઈમાં 'સિતારે જમીન પર' નો પ્રીમિયર સ્ટાર્સથી ભરેલો હતો, જેમાં સલમાન ખાન અને શાહરુખ ખાન તેમના મિત્ર આમિરને સપોર્ટ કરવા પહોંચ્યા હતા. કાળા રંગના લુકમાં સજ્જ સલમાન ખાન ખૂબ જ સારા મૂડમાં દેખાતો હતો અને પ્રીમિયરમાં ફોટોગ્રાફર્સ સામે પોઝ આપતી વખતે તેણે આમિરને રમુજી રીતે ચીડવ્યો.રેડ કાર્પેટ પર આમિર ખાન સાથે ફોટોગ્રાફર્સ સાથે વાત કરતી વખતે, સલમાન ખાને કટાક્ષ કર્યો, "તેણે મને ફિલ્મની વાર્તા કહી ન હતી, ખરું ને? તેણે મને વિષય જોવા માટે ફોન કર્યો. હું ગયો અને મને ફિલ્મ ખૂબ ગમી. મેં હા પણ કહી દીધી. મને ફોન આવ્યો કે 'હું ફિલ્મ કરી રહ્યો છું.'આમિરના અંગત જીવન પર કટાક્ષ કરતા સલમાને કહ્યું, 'તેણે એમ પણ કહ્યું હતું કે તેને ફિલ્મ ખૂબ ગમતી હતી પણ તે સમયે તે કામ કરી રહ્યો ન હતો, તેના પર થોડો ભાર હતો. સ્ક્રિપ્ટિંગ. કાગળ પર કામ ચાલી રહ્યું હતું, તે તેનો સમય છે. "સલમાન કિરણ રાવ સાથે આમિરના છૂટાછેડા દરમિયાન થયેલા કાગળના કામનો ઉલ્લેખ કરતો જોવા મળ્યો. આ ટિપ્પણી પર બધા હસી પડ્યા.વધુ યાદ કરતાં સલમાને કહ્યું, "મેં કહ્યું કે આ ખૂબ જ સારી ફિલ્મ છે, હું તે કરવા માંગુ છું, પછી મને તેનો ફોન આવે છે કે આ તો હું જ કરીશ. આ ઉપરાંત, તેણે મને કહ્યું કે મેં તે પહેલેથી જ કરી લીધી છે." આમિરે પણ આ અંગે ખુલ્લેઆમ વાત કરી અને હસતાં હસતાં કહ્યું, "શું એવું શક્ય છે કે તે હા કહે અને હું દરમિયાનગીરી કરું? આ સાંભળીને સલમાન ખાને કહ્યું, આવું જ થયું છે." બંને સ્ટાર્સ વચ્ચેની મસ્તી અને મિત્રતાએ સિતારે ઝમીન પરની સ્ક્રીનિંગ નાઈટને મજેદાર બનાવી દીધી.સિતારે ઝમીન પર આમિરની ૨૦૦૭ની હિટ ફિલ્મ તારે ઝમીન પરની આધ્યાત્મિક સિક્વલ છે. આ ફિલ્મનું નિર્દેશન આર.એસ. પ્રસન્ના દ્વારા કરવામાં આવ્યું છે. આમિર ઉપરાંત, આ ફિલ્મમાં જેનેલિયા ડિસોઝા મુખ્ય ભૂમિકામાં છે, જેમાં આરુષ દત્તા, ગોપી કૃષ્ણ વર્મા, સંવિત દેસાઈ, વેદાંત શર્મા, આયુષ ભણસાલી, આશિષ પેંડસે, ઋષિ શહાની, ઋષભ જૈન, નમન મિશ્રા અને સિમરન મંગેશકર સહિત દસ નવા કલાકારો છે.આ સ્પેનિશ ફિલ્મ કેમ્પિઓન્સની રિમેક છે અને તે એક બાસ્કેટબોલ કોચની વાર્તા પર આધારિત છે જેને એક ટુર્નામેન્ટ માટે દિવ્યાંગ બાળકોની ટીમને તાલીમ આપવાની ફરજ પાડવામાં આવે છે. આ ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે.



# હોસ્ટેલ-પીજી વચ્ચે શું તફાવત? પહેલી વાર બહાર જતાં વિદ્યાર્થીઓ માટે કયું સારું?

**પીજીનું પૂરું નામ પેઇંગ ગેસ્ટ, તે ભાડાના રૂમ જેવું છે, હોસ્ટેલની સરખામણીમાં પીજીમાં ઓછા નિયંત્રણો લાદવામાં આવે**




૧૨મું ધોરણ પૂર્ણ કર્યા પછી, ઘણા બાળકો ઉચ્ચ શિક્ષણ માટે અન્ય શહેરોમાં આવેલી સંસ્થાઓમાં પ્રવેશ લે છે. આ માટે, તેમને ઘરના આરામદાયક વાતાવરણથી દૂર પીજી અથવા હોસ્ટેલમાં રૂમ લેવો પડે છે. માતાપિતા માટે તેમના બાળકને ઘરની બહાર મોકલવાનો નિર્ણય લેવો સરળ નથી. તેઓ તેમના તરફથી દરેક સ્તરની તપાસ કર્યા પછી જ પ્રથમ વખત તેમના બાળકને ઘરેથી દૂર મોકલે છે. જો તમે પણ આ વર્ષે ક્યાંક શિફ્ટ થવાનું વિચારી રહ્યા છો, તો પીજી અને હોસ્ટેલ વચ્ચેનો તફાવત સમજવો મહત્વપૂર્ણ છે. પીજીનું પૂરું નામ પેઈંગ ગેસ્ટ છે. તે ભાડાના રૂમ જેવું છે. હોસ્ટેલની સરખામણીમાં પીજીમાં ઓછા નિયંત્રણો લાદવામાં આવે છે. તમારા બાળકને પહેલી વાર બહાર મોકલવું આ ખૂબ જ ભાવનાત્મક નિર્ણય હોઈ શકે છે. આવી સ્થિતિમાં, બાળકને પીજી કે હોસ્ટેલમાં રાખવાનો નિર્ણય ખૂબ જ વિચારપૂર્વક લેવો જોઈએ. બંને વિકલ્પોના પોતાના ફાયદા અને ગેરફાયદા છે. તે બાળકની જરૂરિયાતો, વ્યક્તિત્વ અને તમારી પસંદગીઓ પર આધાર રાખે છે. હોસ્ટેલ અને પીજી વચ્ચેનો તફાવત, તેમના ફાયદા અને ગેરફાયદા અને સૂચનો જાણો. છાત્રાલયઃ સામાન્ય રીતે કોલેજો, યુનિવર્સિટીઓ અથવા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ છાત્રાલયમાં રહેવાની વ્યવસ્થા પૂરી પાડે છે. છાત્રાલયોમાં કડક નિયમો અને નિયમનો હોય છે (જેમ કે આગમન અને પ્રસ્થાનનો સમય, ભોજનનો સમય, વગેરે) અને શિસ્ત પ્રાથમિકતા છે. છાત્રાલયમાં સુવિધાઓ (જેમ કે ખોરાક, વીજળી, પાણી, Wi-Fi) એક નિશ્ચિત ફીમાં શામેલ છે. તે કોલેજ કેમ્પસની અંદર અથવા તેની નજીક સ્થિત છે, જે મુસાફરીનો સમય અને ખર્ચ બચાવે છે. પીજી (પેઈંગ ગેસ્ટ): ખાનગી મકાનમાલિકો અથવા પ્રોપર્ટી મેનેજરો તેમના ઘર અથવા મિલકતમાં ખાલી રૂમ પીજી તરીકે આપે છે. આમાં, ભાડૂઆતો મકાનમાલિક સાથે અથવા સ્વતંત્ર રીતે રૂમમાં રહે છે. પીજીના નિયમો હોસ્ટેલ કરતાં ઓછા કડક છે. અહીં તમારે ખોરાક, વીજળી અથવા ઈન્ટરનેટ માટે વધારાના પૈસા ચૂકવવા પડી શકે છે. તે કોલેજથી થોડા અંતરે હોઈ શકે છે. સ્થાન અને સુવિધાઓ પસંદ કરવાની વધુ સ્વતંત્રતા છે. હોસ્ટેલમાં રહેવાના ફાયદા, સુરક્ષા અને દેખરેખ : છાત્રાલયો ૨૪/૭ વોર્ડન, સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરાથી સજ્જ છે, જે પહેલી વાર બહાર રહેતા વિદ્યાર્થીઓ માટે સલામત બનાવે છે. બધી સુવિધાઓ મળી રહે : ખોરાક, વીજળી, પાણી અનu Wi-Fi જેવી સુવિધાઓ નિશ્ચિત ફીમાં શામેલ છે, જે બજેટ વ્યવસ્થાપનને સરળ બનાવે છે. કોલેજની નજીક હોય : છાત્રાલયો સામાન્ય રીતે કોલેજ કેમ્પસમાં અથવા તેની નજીક સ્થિત હોય છે, જેનાથી સમય અને મુસાફરી ખર્ચ બચે છે. સામાજિક વાતાવરણ : સહપાઠીઓ સાથે રહેવાથી મિત્રતા, સહકારી વર્તન અને સામાજિક કૌશલ્ય વિકસાવવામાં મદદ મળે છે. શિસ્તબદ્ધ જીવન : નિયમિત દિનચર્યાઓ (જેમ કે ભોજનનો સમય, મુસાફરીનો સમય) વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ અને ધ્યાન કેન્દ્રિત રાખે છે. હોસ્ટેલમાં રહેવાના ગેરફાયદા શું છે? કડક નિયમોઃ હિલચાલના સમય પર કડક નિયંત્રણો, બહારના લોકોને મળવા પર પ્રતિબંધો અને અન્ય નિયમો સ્વતંત્રતાને મર્યાદિત કરી શકે છે. મર્યાદિત ગોપનીયતાઃ મોટાભાગની છાત્રાલયોમાં, ૨-૪ વિદ્યાર્થીઓ સાથે એક રૂમ શેર કરવો પડે છે, જે ગોપનીયતા ઘટાડે છે. ખોરાકની ગુણવત્તાઃ છાત્રાલયનું ભોજન એક નિશ્ચિત મેનુ પર આધારિત હોય છે, જેમાં વિવિધતા કે સ્વાદનો અભાવ હોઈ શકે છે. મર્યાદિત જગ્યાઃ રૂમની જગ્યા અને સુવિધાઓ (દા.ત., એસી, વ્યક્તિગત બાથરૂમ) મર્યાદિત હોઈ શકે છે.

# હાડકાં લોખંડ જેવા થઇ જશે મજબૂત! આ ફૂડને તમારા ડાયટમાં સામેલ કરો

**યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો, જે તમારા હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે**

યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો. જે તમારા હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. ચાલો જાણીએ આ બધા વિશે વિગતવાર, આજકાલ હાડકાંની મજબૂતી પર ખાસ ધ્યાન આપવાની સલાહ વધી રહી છે, કારણ કે આપણી લાઈફસ્ટાઈલ, ખોરાક અને ઉંમર સાથે હાડકાં નબળા પડવા લાગે છે. પરંતુ યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની એક રિપોર્ટમાં ૬ સામાન્ય ખાદ્ય પદાર્થોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે તમારી હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. ચાલો જાણીએ આ બધા વિશે વિગતવાર. પહેલી વસ્તુ છે દૂધ, જે કેલ્શિયમ અને વિટામિન Dનો અદ્ભુત સ્રોત છે. કેલ્શિયમ હાડકાંનો મુખ્ય બાંધકામ છે, જ્યારે વિટામિન D કેલ્શિયમના શોષણમાં મદદ કરે છે. તેથી રોજ એક કે બે ગ્લાસ દૂધ તમને મજબૂત હાડકાં બનાવવા માટે સહાયક છે. સાથે સાથે દહીં અથવા યોગર્ટ પણ તમારી ડાયટનો ભાગ હોવો જોઈએ કારણ કે તેમાં કેલ્શિયમ સાથે પ્રોટીન અને પ્રોબાયોટિક્સ મળે છે, જે સાંધાના સોજા ઘટાડવામાં અને હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે. બીજું જરૂરી ફૂડ ગ્રુપ છે ડાર્ક ગ્રીન (લીલી પાનવાળી શાકભાજી) જેમ કે પાલક, કેળ, બ્રોકોલી, કોલાર્ડ ગ્રીન વગેરે. તેમાં કેલ્શિયમ, વિટામિન K, મેગ્નેશિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છે, જે



હાડકાંની ઘનતા (bone density) વધારવામાં સહાયક છે. આને સલાડ, સૂપ, દાળિયા અથવા સાબુત રોટીમાં મિક્સ કરીને દર અઠવાડિયે ૩-૪ વાર ખાઓ. ત્રીજું મહત્વપૂર્ણ છે સાર્ડિન્સ અને સૅલ્મન જેવી ફેટી ફિશ. આ ફિશમાં કેલ્શિયમ અને વિટામિન D ઉપરાંત ઓમેગા-૩ ફેટી એસિડ પણ હોય છે, જે હાડકાં અને સાંધાના સોજા ઘટાડે છે અને ઘનતા વધારવામાં મદદ કરે છે. ચોથું ફૂડ ઓપ્શન છે તોફુ અને સોયા ઉત્પાદનો, ખાસ કરીને કેલ્શિયમ-ફોર્ટિફાઈડ તોફુ. તે ફેટ રહિત પ્રોટીન સાથે કેલ્શિયમ પણ આપે છે અને શાકાહારીઓ માટે એક ઉત્તમ વિકલ્પ છે. આને શાકભાજીમાં મિક્સ કરો અથવા ગ્રીલ કરીને ખાઓ. આ ઉપરાંત, બીન્સ અને નટ્સ જેમ કે બદામ, અખરોટ, ચિયા અને તલના બીજમાં મેગ્નેશિયમ, કેલ્શિયમ અને પ્રોટીન હોય છે. આ હાડકાંની ગુણવત્તા જાળવવામાં મદદ કરે છે. પાંચમું જરૂરી તત્ત્વ છે સૂકા ફળો, ખજૂર, અંજીર. આમાં વિટામિન K, મેગ્નેશિયમ અને એન્ટિઓક્સિડન્ટ્સ ભરપૂર હોય છે, જે હાડકાંને મજબૂત અને ઈજા થવાના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. ઈંડાની જરદીમાં કુદરતી રીતે વિટામિન D હોય છે. તેના નિયમિત સેવનથી કેલ્શિયમનું શોષણ સારું થાય છે. આ તમામ ખાદ્ય પદાર્થોને મિશ્રિત રીતે તમારા રોજના ડાયટમાં સામેલ કરવાથી તમારી હાડકાંની મજબૂતી થોડા દિવસમાં જ દેખાવા લાગશે. સાથે સાથે કોશિશ કરો કે વધુ મીઠું અથવા સોડાવાળો ખોરાક ટાળો, કારણ કે તેમાં સોડિયમ અને ફોસ્ફરસ વધુ હોય છે, જે કેલ્શિયમને નષ્ટ કરે છે. ધીમે ધીમે તડકો (૨૦ મિનિટ રોજ) લો જેથી શરીર વિટામિન ડ બનાવી શકે અને ફેટી ફિશ સાથે મળીને કેલ્શિયમનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે. ડેઈલી કસરત કરો જેથી તમે વધુ મજબૂત થઈ શકો. હાડકાં મજબૂત બનાવતી વધારાની ખાદ્ય વસ્તુઓઃ મુલ્ઠી અને રાગી (Nachni) રાગી કે નાચણી એ કેલ્શિયમનો ખૂબ જ સારો સ્રોત છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે ખૂબ લાભદાયી છે.રાગીનો રોટલો, શીરા કે રાગી પોરિજ બનાવી શકો છો. સીસમ (તલના બીજ) માત્ર ૧ ચમચી તલમાં પણ સારી માત્રામાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ હોય છે. ઉનાળામાં તલનાં લાડુ, ચટણી અથવા તલવાળી રોટલી લેવાથી ફાયદો થાય છે. અમરણાથ (Rajgira) રાજગિરામાં કેલ્શિયમ ઉપરાંત પ્રોટીન પણ હોય છે. રાજગિરાનો લાડૂ, શીરો કે પોરિજ પણ બનાવી શકાય છે. ફોરટીફાઈડ ફૂડ્સ, બજારમાં એવી ઘણી વસ્તુઓ મળે છે જેમાં જાણબૂઝી વિટામિન ડિ અથવા કેલ્શિયમ ઉમેરવામાં આવે છે - જેમ કે ફોર્ટિફાઈડ મિલ્ક, બ્રેડ અથવા ફલેસ. જીવનશૈલીમાં ફેરફાર જે હાડકાં મજબૂત બનાવે છે.

# જીમમાં ગયા પછી પણ વજન ઓછું નથી થતું?

**લોકોમાં ફિટનેસ પ્રત્યેનો ટ્રેન્ડ વધી રહ્યો છે, જીમમાં જઈને કસરત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે**

આજકાલ લોકોમાં ફિટનેસ પ્રત્યેનો ટ્રેન્ડ વધી રહ્યો છે અને જીમમાં જઈને કસરત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ ક્યારેક એવું બને છે કે મહિનાઓ સુધી જીમમાં જવા છતાં ન તો વજન ઓછું થાય છે, ન તો શરીર મજબૂત બને છે અને ન તો કોઈ મોટો ફેરફાર જોવા મળે છે. આજકાલ લોકોમાં ફિટનેસને લઈને ઘણું ધ્યાન આપે છે. આ માટે જ લોકો ફિટ રહેવા માટે વૉકિંગ અને એક્સરસાઈઝ કરતા હોય છે. આ સાથે જ હવે તો મોટાભાગના લોકો જિમ જઈને કસરત કરે છે, જે સામાન્ય થઈ ગયું છે. ખાસ કરીને જે લોકો વજન ઘટાડવા માટે જિમમાં જતા હોય છે તેમને એક પ્રશ્ન સામાન્ય રીતે જોવા મળે છે કે, મહિના સુધી જિમ જવા છતાં પણ ન તો વજન ઘટે છે, ન તો શરીર બને છે અને ન તો કોઈ મોટો ફેરફાર દેખાય છે. જો તમારા સાથે પણ કંઈક એવું જ થઈ રહ્યું છે, તો શક્ય છે કે તમે વર્કઆઉટ કરતી વખતે કેટલીક સામાન્ય પરંતુ ગંભીર ભૂલો કરી રહ્યા હોવ. ચાલો જાણીએ એવી ૪ મોટી ભૂલો વિશે જે તમારી મહેનત પર પાણી ફેરવી શકે છે. વોર્મ-અપને અવગણવું, ઘણા લોકો જિમમાં પહોંચતા જ સીધી ભારે કસરત શરૂ કરી દે છે, પરંતુ આ સૌથી મોટી ભૂલ છે. વોર્મ-અપ કર્યા વિના સીધું વર્કઆઉટ કરવું મસલ્સમાં ખેંચાણ અથવા ઈજાનું કારણ બની શકે છે. સાથે જ શરીર સંપૂર્ણ રીતે સક્રિય નથી થઈ શકતું, જેના કારણે કસરતની અસર ઓછી થઈ જાય છે. દરેક વર્કઆઉટ પહેલા ઓછામાં ઓછા ૫-૧૦ મિનિટનું વોર્મ-અપ જરૂર કરવું. દરરોજ એક જ પ્રકારની કસરત, જો તમે દરરોજ એક જ પ્રકારની કસરત કરો છો તો શરીર એક સમય પછી તે રૂટિનનો આદી થઈ જાય છે અને તેનો અસર અટકી જાય છે. નિષ્ણાતો કહે છે કે વર્કઆઉટમાં દરરોજ અલગ લેગ કરવી જરૂરી છે. કાર્ડિયો, સ્ટ્રેન્થ ટ્રેનિંગ, ફંકશનલ અને ફ્લેક્સિબિલિટી બધાને મિક્સ કરીને કરો જેથી શરીર દરેક રીતે વળે અને તેને આદત પણ ન પડે. પૂરતી ઊંઘ અને ડાયટની કમી, શરીરને રિકવરી માટે ઊંઘ અને સરખું ડાયટ એટલું જ જરૂરી છે જેટલી કસરત.

# ગરમીમાં ભૂલથી પણ આ સમયે વોક ન કરો

**ફાયદાની જગ્યાએ થશે ભયંકર નુકસાન, જાણી લો સાચી રીત**

આ દિવસોમાં ભયંકર ગરમી પડી રહી છે. ગરમીમાં ખાસ કરીને હેલ્થનું ધ્યાન વધારે રાખવું પડે છે. આમ, ગરમીમાં તમે ખોટા સમયે વોક કરવા જાઓ છો તો હેલ્થને નુકસાન થઈ શકે છે. સ્વસ્થ રહેવા માટે વોક કરવું ખૂબ જરૂરી છે. એક્સપર્ટ પણ દરરોજ વોક કરવાની સલાહ આપે છે. વોકિંગ કરવાથી ઓવરઓલ હેલ્થને ફાયદો મળે છે. પરંતુ તમે ખોટા સમયે અને ખોટી રીતે વોક કરો છો તો હેલ્થને ફાયદાની જગ્યાએ નુકસાન થાય છે. ખાસ કરીને ભીષણ ગરમીમાં તમે ખોટી રીતે વોક કરો છો તો સ્વાસ્થ્ય પર ખોટી અસર પડી શકે છે.

આ હાર્ટ હેલ્થ માટે પણ સારું છે. તો જાણો ગરમીમાં વોક કેવી રીતે અને કયા સમયે કરવું જોઈએ. ગરમીમાં કયા સમયે વોક કરવું જોઈએ? એક્સપર્ટનું માનીએ તો ગરમીમાં તમારે સવારમાં પથી ૭ વાગ્યા સુધીમાં વોક કરી લેવું જોઈએ. ત્યારબાદ ધીરે-ધીરે ગરમી વધતી જાય છે જેના કારણે તડકામાં નીકળતા બચવું જોઈએ. તમે મોડાં વોક કરવા જાઓ છો તો જે જગ્યા પર છાંયડો વધારે હોય ત્યાં કરો. તડકામાં વોક કરવાથી ક્યારેક હિડાઈડ્રેશન, ચક્કર જેવી તકલીફો આવી શકે છે.

આ સમયે તમે જિમમાં વર્કઆઉટ કરી શકો છો. આ પાછળનું કારણ એ છે કે જિમમાં એસીની ઠંડક હોય છે જેમાં તમે વર્કઆઉટ કરો છો તો ચક્કર જેવી તકલીફો થવાનાં ચાન્સિસ ઓછાં રહે છે. વધારે ગરમી પડે ત્યારે વર્કઆઉટ કરશો નહીં. ગરમીમાં ખાસ કરીને અડધો કલાક તેમજ ૪૦ મિનિટ નોર્મલ સ્પીડમાં વોક કરો છો તો ફિટનેસ માટે સારું માનવામાં આવે છે. આનાથી વધારે



વર્કઆઉટ કરવુ સ્વાસ્થ્ય માટે સારું સાબિત થતુ નથી. વધારે ગરમી પડે ત્યારે વર્કઆઉટ કરશો નહીં. ગરમીમાં ખાસ કરીને અડધો કલાક તેમજ ૪૦ મિનિટ નોર્મલ સ્પીડમાં વોક કરો છો તો ફિટનેસ માટે સારું માનવામાં આવે છે. આનાથી વધારે વર્કઆઉટ કરવુ સ્વાસ્થ્ય માટે સારું સાબિત થતુ નથી.

આ ગરમીમાં ઘણાં લોકોને ઉભા-ઉભા પણ પરસેવો થતો હોય છે. આ સમયે તમે વર્કઆઉટ કરો છો તો યોગ્ય નથી. ગરમીમાં ઈન્ટેન્સ એક્સરસાઈઝ કરવી અઘરું પડી જાય છે, કારણકે આ એક્સરસાઈઝ કરો ત્યારે શરીરનું ટેમ્પરેચર વધી જાય છે. શરીરનું તાપમાન કંટ્રોલ કરવા માટે વધારે મહેનત કરવી પડે છે. વધારે પરસેવો નીકળવાથી ઈલેક્ટ્રોલાઈટ્સનું બેલેન્સ બગડી શકે છે. આ કારણે સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

# મોટાભાગના લોકોને નુકસાન પહોંચાડતું હોય છે દૂધ! બગાડે છે પેટની તબિયત...

**મોટા ભાગના લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે, કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે**

મોટા ભાગના લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે. કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે. આથી હાડકાં મજબૂત થાય છે. ૨૫૦ ગ્રામ દૂધમાં ૧૫૨ કૅલરી ઊર્જા મળી શકે છે. પરંતુ હકીકત એ છે કે દૂધ બધાને માટે હેલ્ધી નથી. ઘણા લોકોને દૂધ પચવામાં તકલીફ થાય છે. દૂધ ખૂબ પૌષ્ટિક હોય છે. તેમાં દરેક જરૂરી પોષક તત્વો હોય છે જે માણસને સારી રીતે જીવવા માટે જરૂરી છે. બાળક ૬ મહિના સુધી માતાનું દૂધ જ પીતા હોય છે. જો શુદ્ધ દૂધ હોય તો માત્ર ૨૫૦ ગ્રામ દૂધમાં ૮.૧૪ ગ્રામ પ્રોટીન હોય છે. સાથે ૧૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૨ ગ્રામ શુગર અને ૮ ગ્રામ ફેટ હોય છે. એટલે કે બધું જ એક સાથે. તમે જાણતા જ હશો કે મોટા થયા પછી પણ લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે. કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે. આથી હાડકાં મજબૂત થાય છે. ૨૫૦ ગ્રામ દૂધમાં ૧૫૨ કૅલરી ઊર્જા મળી શકે છે. પરંતુ હકીકત એ છે કે દૂધ બધાને માટે હેલ્ધી નથી. ઘણા લોકોને દૂધ પચવામાં તકલીફ થાય છે. શા માટે બધાને માટે હેલ્ધી નથી? સીકે બિર્લા હોસ્પિટલ, ગુડગાંવમાં ઈન્ટરનલ મેડિસિનના કન્સલ્ટન્ટ ડૉ. તુષાર તયલ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, આપણા દેશમાં મોટા ભાગના લોકોને મિલ્ક ઈન્ટોલરન્સ છે. એટલે કે દૂધ પચાવવા માટે જરૂરી એન્ઝાઈમ્સ આંતરડામાં ઓછા હોય છે. દૂધમાં લેક્ટોઝ નામનું ફેટ હોય છે. તેને પચાવવા માટે આંતરડા લૅક્ટેઝ નામના એન્ઝાઈમ્સ હોય છે. આ જ રીતે કેસિન નામના એન્ઝાઈમથી પણ દૂધ પચે છે. મોટા ભાગના ભારતીયોમાં લેક્ટેઝ અને કેસિન એન્ઝાઈમની કમી હોય છે. કેટલાકમાં તો બિલકુલ જ નથી. આ પાછળ ખરાબ જીન્સ જવાબદાર છે. જીન્સની ખામીઓના કારણે મોટા ભાગના લોકોની આંતરડામાં આ એન્ઝાઈમ્સ નથી હોતા અને તેથી જ્યારે દૂધ આંતરડામાં જાય છે તો તેનું પાચન યોગ્ય રીતે નથી થતું. આ જ કારણ છે કે દૂધ ઘણા લોકોના પેટને ખરાબ કરી દે છે. દૂધ ન પચે ત્યારે શરીરમાં દેખાતા લક્ષણો જો કોઈને મિલ્ક ઈન્ટોલરન્સ છે એટલે કે દૂધ પચતું નથી તો પાચન તંત્ર પર સૌથી મોટો અસર થાય છે. તેનું સૌથી મોટું લક્ષણ છે પેટ ફૂલવું. આ સાથે જ પેટમાં ગેસ થવો, ઘણા ઓડકાર આવવા, પેટમાં ખૂબ ગેસ થવો. કેટલાક લોકોને જમ્યા પછી પેટમાં મરોડ ઉઠે છે. કેટલાકને લૂઝ મોશન અથવા કબજિયાત પણ થઈ શકે છે. કેટલાક દિવસો સુધી સતત એવું થાય તો સમજવું જોઈએ કે દૂધના કારણે એવું થઈ રહ્યું છે. તેથી દૂધનું સેવન એકદમ



મર્યાદિત કરવું. આજકાલ દૂધ ન પચવાનું આર્ટિફિશિયલ કારણ પણ હોઈ શકે છે. કારણ કે આજકાલ દૂધમાં અનેક પ્રકારની મિલાવટ આવી ગઈ છે. જો દૂધમાં માત્ર પાણી ભળ્યું હોય તો કોઈ તકલીફ નથી પરંતુ દૂધમાં જ્યારે યુરિયા જેવા રસાયણ ભળે છે તો તે ખૂબ તકલીફ કરે છે. સાથે જ ગાય-ભેંસને ખેડૂત ઓક્સિટોસિન જેવા ઈન્જેક્શન આપી દૂધ કાઢે છે. ઓક્સિટોસિન એક હોર્મોન છે જે દૂધ દ્વારા માણસના શરીરમાં જઈ શકે છે. જ્યારે તે માણસના શરીરમાં પહોંચે છે તો કુદરતી રીતે શરીરમાં બનતા હોર્મોનને ખરાબ કરે છે. આથી અનેક પ્રકારની તકલીફો થાય છે. દૂધ - પૌષ્ટિક હોવા છતાં બધાને માટે યોગ્ય કેમ નથી? દૂધ એ ઔસત દ્રષ્ટિએ પૌષ્ટિક પીણું છે - તેમાં કેલ્શિયમ, વિટામિન B12, ફોસ્ફરસ, પ્રોટીન વગેરે પદાર્થો ભરપૂર હોય છે. પણ છતાં, દરેક વ્યક્તિ માટે એ હેલ્ધી નથી. ખાસ કરીને જેમજેમ ઉંમર વધી રહી છે તેમ લોકોમાં દૂધ પચાવવા માટે જરૂરી એન્ઝાઈમ્સ - ખાસ કરીને "લેક્ટેઝ" - ઓછું થતું જાય છે. જેને કારણે દૂધનું પાચન યોગ્ય રીતે નથી થતું અને પેટમાં તકલીફો શરૂ થાય છે. મિલ્ક ઈન્ટોલરન્સ શું છે અને કેટલાય લોકો કેમ પીડાઈ રહ્યાં છે? ભારતની મોટી વસ્તી "લેક્ટોઝ ઈન્ટોલરન્ટ" છે, એટલે કે એ લોકો દૂધમાં રહેલા લેક્ટોઝ નામના શર્કરાને પચાવી શકતા નથી. આવું તે માટે થાય છે કારણ કે તેમના આંતરડામાં "લેક્ટેઝ" નામનું એન્ઝાઈમ ઓછું કે નથી જ હોતું. માત્ર લેક્ટોઝ નહીં, પણ દૂધમાં રહેલું કેસિન (casein) નામનું પ્રોટીન પણ ઘણા લોકોના પાચનતંત્ર માટે ભારે બની શકે છે. લેક્ટેઝ અને કેસિન એન્ઝાઈમની ખોટનાં મૂળ કારણોમાં જીનેટિક તફાવત સૌથી મહત્વપૂર્ણ છે - એટલે કે કુદરતી રીતે મળેલી શરીરની ક્ષમતા.

# કેમ 'સુહાગરાત'ને લગ્નની પહેલી રાત કહેવામાં આવે છે?

**લગ્ન દરેક માટે ખૂબ જ ખાસ હોય છે, આ જન્મો-જન્મોનું બંધન છે, જે બે લોકોને એક પવિત્ર સંબંધમાં બાંધે**

લગ્ન દરમિયાન ઘણી વિધિઓ કરવામાં આવે છે. આ સમય દરમિયાન ઘણી વિધિઓનું પણ પાલન કરવામાં આવે છે. સુહાગરાત એ સદીઓ જૂની પરંપરાઓમાંથી એક છે. જોકે, આજે પણ ઘણા લોકો તેના વિશે ખુલ્લેઆમ વાત કરતા નથી કારણ કે ખૂબ ઓછા લોકો તેનો વાસ્તવિક અર્થ જાણે છે. ચાલો જાણીએ સુહાગરાતની રસપ્રદ વાર્તા. લગ્ન દરેક માટે ખૂબ જ ખાસ હોય છે. આ જન્મો-જન્મોનું બંધન છે, જે બે લોકોને એક પવિત્ર સંબંધમાં બાંધે છે. લગ્નના દિવસને ખાસ બનાવવા માટે લોકો ઘણી તૈયારીઓ કરે છે. બધા ધર્મો અને સમુદાયોમાં અલગ-અલગ રીતે લગ્ન થાય છે. ખાસ કરીને હિંદુ ધર્મમાં લગ્ન દરમિયાન ઘણી વિધિઓ કરવામાં આવે છે. લગ્નની શરૂઆતથી અંત સુધી આ દરમિયાન ઘણી વિધિઓ હોય છે. આ માટે જ તેને લઈને ઘણી તૈયારીઓ કરવામાં આવે છે. તેમની જ આ એક છે 'સુહાગરાત'.



લગ્ન દરમિયાન અને પછી કેટલીક પરંપરાઓનું પણ પાલન કરવામાં આવે છે. આમાંની જ એક છે સુહાગરાત, જેને લગ્નજીવનનો સૌથી મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવે છે. આ સદીઓથી ચાલતી આવી રહેલી પરંપરાઓમાંની એક છે, જેના વિશે જાણે તો બધા છે, પરંતુ તેનો સાચો અર્થ કદાચ જ કોઈને ખબર હશે. કારણ કે ખાસ કરીને આપણે ત્યાં સુહાગરાતને એક અલગ જ રીતે જોવામાં આવે છે. તો આજે આ આર્ટિકલમાં અમે તમને સુહાગરાતનો સાચો અર્થ અને તેનું મહત્વ શું છે તે જણાવીશું. સુહાગરાત શબ્દ તો આપણે બધા સાંભળ્યો હશે અને અમુક લોકો તેનો અર્થ પણ જાણતા હશે, પરંતુ તમે જે અર્થ જાણો છો તે સંપૂર્ણ સાચો નથી. આ શબ્દનો સાચો અર્થ અને મહત્વ વધુ છે. આ લગ્ન પછી દુલ્હા-દુલ્હનની પહેલી રાત હોય છે. આ ખાસ એટલા માટે માનવામાં આવે છે, કારણ કે આ દુલ્હા-દુલ્હનની પતિ-પત્ની તરીકેની પહેલી રાત હોય છે. સાથે જ આ અન્ય ઘણા અર્થોમાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સુહાગરાત કેમ ખાસ હોય છે? - સુહાગરાત એટલે કે લગ્નની પહેલી રાત ખાસ એટલા માટે માનવામાં આવે છે, કારણ કે આ પતિ-પત્ની તરીકેના નવા સંબંધની શરૂઆત હોય છે. આ પળ પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક માનવામાં આવે છે. આ દરમિયાન બંને પાર્ટનર્સને એકબીજાને નજીકથી સમજવાનો મોકો મળે છે અને સાથે તેમના લગ્નજીવનની શરૂઆત થાય છે. સાથે જ આ પરિવારિક જીવનની શરૂઆત કરવાનો પણ એક મોકો હોય છે, પરંતુ એવું કરવું જરૂરી નથી. બંને પાર્ટનર્સની મરજી પછી જ સંબંધને તે સ્તરે પહોંચાડવો જોઈએ. સુહાગરાતને પહેલી રાત કેમ કહેવામાં આવે છે? સુહાગરાતનો સાચો અર્થ અને તેનો મહત્વ તો તમે જાણતા જ થયા હશો, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે લગ્નની પહેલી રાતને સુહાગરાત કેમ કહેવામાં આવે છે? જો નહીં, તો ચાલો તમને તેનું કારણ જણાવીએ. હકીકતમાં, સુહાગરાત શબ્દ સંસ્કૃતના સૌભાગ્ય શબ્દ સાથે જોડાયેલો છે. આ જ શબ્દથી સુહાગની ઉત્પત્તિ માનવામાં આવે છે. સુહાગ અને સુહાગન બંને શબ્દો વિવાહિત મહિલાઓ માટે વપરાય છે. પતિના સૌભાગ્યને વધારવા માટે સુહાગની નિશાનીઓ જેમ કે મંગળસૂત્ર, ચૂડીઓ, સિંદૂર, પાયલ, બિછિયા પહેરે છે. આ રીતે સુહાગન બનેલી મહિલાની લગ્ન પછીની પહેલી રાતને સુહાગરાત કહેવામાં આવે છે.




કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૨ જૂન, ૨૦૨૫ ના રોજ છત્તીસગઢના રાયપુર ખાતે છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ અને ઓડિશાના ડીજીપી/એડીજીપી અને વરિષ્ઠ અધિકારીઓ સાથે નક્સલવાદ પર સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી.

**ન્યૂઝ બ્રિફ**

## પાણીથી ગ્રીન હાઈડ્રોજન બનાવતું ઉપકરણ વિકસાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સતત ગરમ થતી ધરતીને બચાવવા માટે ભારત માત્ર વ્યર્થ વાતો કરતું નથી, પરંતુ તેના કાર્યો દ્વારા સાબિત પણ કરે છે કે ભારતીયો ધરતીને કેમ માતા માને છે. ભારતે આગળ વધીને ૨૦૭૦ સુધીમાં શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય તો રાખ્યું જ છે પરંતુ આ સાથે જ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અનેક પગલાં પણ ઉઠાવી રહ્યું છે. આ સંદર્ભમાં ભારતીય વિજ્ઞાનીઓએ એક એવું ઉપકરણ બનાવ્યું છે જેનાથી સૌર ઉર્જાનો ઉપયોગ કરીને પાણીમાંથી ગ્રીન હાઈડ્રોજન બનાવી શકાશે. તમને જણાવી દઈએ કે, ગ્રીન હાઈડ્રોજન સૌથી સ્વચ્છ ઈંધણમાંથી એક છે, જે ઉદ્યોગોને કાર્બન ઉત્સર્જનથી મુક્ત કરવા, વાહનો ચલાવવા અને અક્ષય ઉર્જા સંગ્રહિત કરવામાં સક્ષમ છે, પરંતુ ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે ઘણા ફંડની જરૂર પડે છે. અત્યાર સુધી ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે કોઈ આર્થિક ઉપકરણ કે પદ્ધતિ નહોતી. આ ઉપકરણ વિકસાવીને ભારતીય વિજ્ઞાનીઓએ ફરી એક વખત પોતાની પ્રતિભા સાબિત કરી છે. એ સાબિત કરી બતાવ્યું છે કે ફંડના અભાવે પણ ભારતીયો ઉત્તમ પરિણામો આપી શકે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની સ્વાયત્ત સંસ્થા છે સેન્ટર ફોર નેનો એન્ડ સોફ્ટ મેટર સાયન્સિસ (CeNS), બેંગલુરુના વિજ્ઞાનીઓની એક ટીમે આ આગામી પેઢીનું ઉપકરણ વિકસાવ્યું છે જે અશ્મિભૂત ઈંધણ અથવા ખર્ચાળ સંસાધનો પર આધાર રાખ્યા વિના માત્ર સૌર ઉર્જા અને પૃથ્વી પર વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને પાણીના અણુઓમાંથી ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરે છે.

## અન્ય જ્ઞાતિમાં લગ્ન કરવાની સજા મળી પરિવારજનોને

। (એજન્સી) રાયગઢ, તા.૨૨ ।

આજે પણ ભારતમાં આંતરજાતિય લગ્નોને માન્યતા નથી. આવા લગ્નોને કારણે છોકરાઓ અને છોકરીઓના પરિવારોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઓડિશામાં આંતરજાતિય લગ્નનો એક આવી જ ઘટના સામે આવી છે, જ્યાં એક છોકરીએ બીજા ગામના અનુસૂચિત જાતિના છોકરા સાથે લગ્ન કર્યા હતા. તેથી ગામડાના લોકો છોકરી અને તેના પરિવાર સામે ગુસ્સે ભરાયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ પછી, ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ જાતિના નિયમનું ઉલ્લંઘન કરવા બદલ છોકરીના પરિવાર પર શુદ્ધિકરણ પ્રક્રિયા કરાવવા દબાણ કર્યું. આ સમગ્ર મામલો ઓડિશાના રાયગઢના કાશીપુર બ્લોકના બૈગંગુડા ગામનો છે. માહિતી અનુસાર, શુદ્ધિકરણની પ્રક્રિયામાં, છોકરીના પરિવારને પ્રાણીઓનું બલિદાન આપવું પડ્યું હતું. છોકરીના પરિવારના ૪૦ સભ્યના પણ પોતાના માથા મુંડન કરાવવા પડ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, આ આંતરજાતિય લગ્નને કારણે ગામના લોકોએ છોકરીના પરિવારનો બહિષ્કાર કર્યો હતો.

### અન્ય ખેલાડીઓ પર ભડક્યા પૂર્વ કોચ

# મેચમાં બીજા બોલરોનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું: રવિ શાસ્ત્રી

## એકલો બુમરાહ કેટલું કરે? ભારત ફક્ત એવી આશા રાખશે કે કોઈ અન્ય ઝડપી બોલર તેનું સ્તર ઊંચું કરે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતીય ટીમના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ઝડપી બોલર જસપ્રીત બુમરાહની પ્રશંસા કરી છે. બીજી તરફ તેમણે અન્ય બોલરો તરફથી સહયોગ ન મળવા પર ચિંતા વ્યક્ત કરી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે બુમરાહએ શાનદાર બોલિંગ કરી અને ત્રણ વિકેટ લીધી હતી. આ ઉપરાંત અન્ય બોલરો ખાલી હાથ રહ્યા અને ઈંગ્લેન્ડના બેટરોને પડકાર ફેંકી શક્યા નહીં.લીડ્સ ટેસ્ટમાં બીજા દિવસની રમત સમાપ્ત થયા પછી રવિ



શાસ્ત્રીએ ભારતીય બોલરોના પ્રદર્શન વિશે વિગતવાર વાત કરી. તેમણે કહ્યું કે, એક તરફ બુમરાહ શાનદાર બોલિંગ કરે છે, જ્યારે શાર્દુલ ઠાકુર, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા અન્ય ઝડપી બોલરોનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે, જે ચિંતાનો વિષય છે. બુમરાહે પહેલા જેક ક્રોલીને આઉટ કર્યો અને પછી બેન ડેકટને આઉટ કરીને ઓલી પોપ સાથેની તેની ભાગીદારી તોડી નાખી. ત્યારબાદ તેણે દિવસની રમત સમાપ્ત થાય તે પહેલાં જો રૂટની વિકેટ લઈને ભારતને ત્રીજી સફળતા અપાવી હતી. જસપ્રીત બુમરાહ અંગે રવિ શાસ્ત્રીએ કહ્યું, લેવલમાં ઘણો તફાવત છે. ચિંતા બુમરાહ વિશે છે અને સીરિઝ આગળ વધતાં તેના વર્કલોડની છે, કારણ કે તે એક એવો ખેલાડી છે જેની પાસેથી દરેક સ્પેલમાં વિકેટ લેવાની અપેક્ષા રાખવામાં આવે છે.

### વૈભવ સૂર્યવંશી કરતા ઝડપી સદી ફટકારી

# અભિષેક પાઠકે ફરી એકવાર માત્ર ૩૩ બોલમાં સદી ફટકારી

## MPL 2025ની ૧૮મી મેચમાં બુંદેલખંડ બુલ્સ અને જબલપુર રોયલ લાયન્સની ટીમો આમને-સામને હતી

। (એજન્સી) ભોપાલ, તા.૨૨ ।

IPL 2025માં આ વખતે ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીનો ધમાલ જોવા મળી, જેણે માત્ર ૩૫ બોલમાં સદી ફટકારીને તહેલકો મચાવી દીધો હતો. ચાહકો હજુ વૈભવની આ સદી ભૂલી શક્યા ન હતા કે મધ્યપ્રદેશ પ્રીમિયર લીગ ૨૦૨૫ માં અભિષેક પાઠકે ફરી એકવાર માત્ર ૩૩ બોલમાં સદી ફટકારીને T20 ક્રિકેટમાં હંગામો મચાવ્યો છે. આ વિસ્ફોટક સદીની ઈનિંગમાં અભિષેકે વૈભવ કરતા વધુ છગ્ગા ફટકાર્યા. આજકાલ ભારતમાં મધ્યપ્રદેશ લીગ રમાઈ રહી છે. જેમાં યુવા ખેલાડીઓ ધમાલ મચાવી રહ્યા છે. આ લીગમાં રમાયેલી બુંદેલખંડ બુલ્સ અને જબલપુર રોયલ લાયન્સ મેચમાં અભિષેક પાઠકની વિસ્ફોટક બેટિંગ જોવા મળી હતી. બુંદેલખંડ બુલ્સ માટે બેટિંગ કરતા અભિષેકે માત્ર ૩૩ બોલમાં સદી ફટકારીને T20 ક્રિકેટમાં ધમાલ મચાવી દીધી. આ મેચમાં તેણે ૪૮ બોલમાં ૧૩૩ રનની ઈનિંગ રમી જેમાં ૧૫ સિક્સર અને ૭ ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ સાથે તેમણે રાજસ્થાન રોયલ્સના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પણ પાછળ છોડી દીધો છે, જેણે IPL ૨૦૨૫માં ૩૫ બોલમાં સદી ફટકારી હતી. જેમાં ૧૧ સિક્સરનો સમાવેશ થાય છે.

**બુંદેલખંડ બુલ્સે ૧૯ રનથી જીતી લીધી મેચ**

MPL 2025ની ૧૮મી મેચમાં બુંદેલખંડ બુલ્સ અને જબલપુર રોયલ લાયન્સની ટીમો આમને-સામને હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા, બુંદેલખંડે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૪૬ રન બનાવ્યા. જેમાં અભિષેક પાઠકના ૧૩૩, કરણના ૪૫ અને ગૌતમ જોશીના ૨૪ રનનો સમાવેશ થાય છે. જબલપુર રોયલ લાયન્સ તરફથી બોલિંગ કરતી વખતે પંકજ પટેલે ૪ ઓવરમાં ૩૧ રન આપીને ૪ વિકેટ લીધી હતી.



સરકારના ઓપરેશન સિંધુના ભાગ રૂપે, ઈરાનના મશહદથી પરત ફરતા ભારતીય વિદ્યાર્થીઓ, નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર તેમના સંબંધીઓને મળ્યા પછી પ્રતિક્રિયા.

### સદી ફટકારી પણ ફિલ્ડિંગમાં બાફ્યું

# ટીમ ઈન્ડિયાના ખરાબ પર્ફોર્મન્સ પર ગવાસ્કરે નારાજગી વ્યક્ત કરી

। (એજન્સી) લીડ્સ, તા.૨૨ ।

ઈંગ્લેન્ડમાં શરૂ થયેલી ટેસ્ટ ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયાએ પ્રથમ દિવસે બાજી પોતાના હાથમાં રાખી હતી. ચાહકોને અપેક્ષા હતી કે, બીજા દિવસે પણ ટીમ ઈન્ડિયા ધુઆંધાર પર્ફોર્મન્સ આપશે. જો કે, બેટિંગમાં શુભમન ગિલ અને ઋષભ પંતની વિકેટ પડ્યા બાદ ટીમ ઈન્ડિયા કોઈ ખાસ કમાલ કરી શકી નહીં. જસપ્રીત બુમરાહ સિવાય તમામ બોલર્સે નિરાશ કર્યા હતાં. ફિલ્ડિંગમાં કચાશના કારણે ટીમ ઈન્ડિયાનું બીજા દિવસે ખરાબ પર્ફોર્મન્સ રહ્યું હતું. ટીમ ઈન્ડિયાના ખરાબ પર્ફોર્મન્સ પર પૂર્વ ક્રિકેટર અને વર્તમાન કોમેન્ટેટર સુનિલ ગવાસ્કરે નારાજગી વ્યક્ત કરી છે.

ઓપનર યશસ્વી જયસ્વાલ, કેપ્ટન શુભમન ગિલ અને વાઈસ કેપ્ટન ઋષભ પંતે સદી ફટકારતાં સૌ કોઈને અપેક્ષા હતી કે, ટીમ ૫૦૦નો આંકડો ક્રોસ કરશે, પરંતુ અંતિમ ૪૧ રનમાં જ સાત વિકેટ ગુમાવી ટીમ ઈન્ડિયા ૪૭૧ રનમાં સમેટાઈ હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડની ટીમે ૩ વિકેટ ગુમાવી ૨૦૯ રન બનાવ્યા હતાં. આ ત્રણેય વિકેટ બુમરાહે લીધી હતી. ભારતીય ખેલાડીઓએ ફિલ્ડિંગમાં કોઈ ખાસ દેખાવ કર્યો ન હતો. ઈંગ્લેન્ડના ઘણા કેચ છોડ્યા હતાં.

### કેનેડાએ બહામાસને હરાવીને કર્યું ક્વોલિફાય

# કેનેડાએ પહેલીવાર ICC T20 WC 2026 માટે ક્વોલિફાય કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ટુર્નામેન્ટ આવતા વર્ષે રમાશે. આ વખતે ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે આ ટુર્નામેન્ટનું આયોજન કરવા જઈ રહ્યા છે. આ વખતે એક નવી ટીમ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ક્વોલિફાય થઈ છે. હા, અમે કેનેડા વિશે વાત કરી રહ્યા છીએ, આ ટીમ પહેલીવાર T20 વર્લ્ડ કપ રમતી જોવા મળશે. કેનેડાએ હોમ ગ્રાઉન્ડ પર શાનદાર પ્રદર્શન કરીને વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે. કેનેડાએ યુએસ ક્વોલિફાયરમાં બહામાસને હરાવીને પહેલીવાર વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે. આ મેચમાં કેનેડાએ શાનદાર બોલિંગ કરી અને બહામાસને ફક્ત ૫૭ રનમાં ઓલઆઉટ કરી દીધું. કેનેડા તરફથી બોલિંગ કરતી વખતે, કલીમ સના અને શિવમ શર્માએ ૩-૩ વિકેટ લીધી. પછી કેનેડાએ ૫.૩ ઓવરમાં આ લક્ષ્ય હાંસલ કરી લીધું. કેનેડા તરફથી બેટિંગ કરતી વખતે દિલપ્રીત બાજવાએ ૧૪ બોલમાં ૩૬ રનની અણનમ ઈનિંગ રમી હતી. અમેરિકા ક્વોલિફાયરમાં કેનેડિયન ટીમનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું. નિકોલસ કિર્ટનના નેતૃત્વમાં કેનેડાએ પ્રાદેશિક ફાઈનલમાં તેની પાંચેય મેચ જીતી હતી.

# બેંગલુરુમાં મચેલી ભાગદોડમાંથી બીસીસીઆઈએ લીધો બોધપાઠ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

IPL 2025ની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ પંજાબ કિંગ્સ સામે જીત મેળવી અને પહેલી વાર આ ભવ્ય ટુર્નામેન્ટની ટ્રોફી જીતી હતી. RCB ના બધા ચાહકો ખૂબ ખુશ હતા કે તેમની ટીમે આખરે આ ટ્રોફી જીતી લીધી છે. આ જીતની સાથે મળીને ઉજવણી કરવા માટu RCB એ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં એક વિજય પરેડની જાહેરાત કરી હતી. RCB પાસે ખૂબ મોટી ચાહક ફોલોઈંગ છે અને જ્યારે ફ્રેન્ચાઈઝીએ આ જાહેરાત કરી, ત્યારે ઘણા લોકો અહીં પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં લોકોના કારણે નાસભાગ મચી ગઈ અને ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. એટલું જ નહીં, ઘણા લોકો ઘાયલ પણ થયા હતા. હવે BCCI એ આ અંગે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ભવિષ્યમાં સન્માન સમારોહ સારી રીતે થાય અને કોઈને કોઈ સમસ્યા ન થાય તે માટે BCCI એ ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. આ નિયમ હવેથી બધી IPL ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આ અંગે ખૂબ જ ગંભીર છે.

**BCCI ના નિયમો**

(૧) ટ્રોફી જીત્યાના ત્રણથી ચાર દિવસમાં કોઈ પણ ટીમ ઉજવણી કરશે નહીં. (૨) ઉતાવળમાં અને ખરાબ રીતે ઈવેન્ટની ઉજવણી કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં. (૩) તે કોઈપણ ટીમ હોય, તેઓ ભારતીય બોર્ડ તરફથી લેખિતમાં કંઈક ન મળે ત્યાં સુધી ઉજવણીનું આયોજન કરી શકશે નહીં. (૪) કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. (૫) તમામ સ્થળોએ બહુ-સ્તરીય સુરક્ષા ઉપલબ્ધ રહેશે અને તે સમાપ્ત થયા પછી પણ તે જ જોવા મળશે. (૬) જ્યારે પણ ઈવેન્ટ સુનિશ્ચિત થશે, ત્યારે ખેલાડીઓ અને સ્ટાફ માટે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. (૭) જ્યાં સુધી તે રાજ્યની સરકાર અને પોલીસ પાસેથી ૫ રવાનગી ન મળે ત્યાં સુધી ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે નહીં. (૮) ઉજવણી કાયદેસર અને સુરક્ષિત રીતે કરવા માટે નાગરિકો અને કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી લીલી ઝંડી મેળવવી જરૂરી છે.

### બે બાળકોને ચા-બિસ્કિટમાં આપ્યું ઝેર

# મુઝફ્ફરનગરમાં એક મહિલાએ બે બાળકોની ક્રૂરતાથી હત્યા કરી

## પોલીસ પૂછપરછ દરમિયાન મહિલાનો પ્રેમ સંબંધનું કનેક્શન ખુલ્યું : માતા અને તેના પ્રેમી વિરુદ્ધ હત્યા કેસ

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે માતૃત્વના પવિત્ર સંબંધને કલંકિત કર્યો છે. અહીં એક મહિલાએ તેના બે બાળકોની ક્રૂરતાથી હત્યા કરી છે. મહિલાએ તેના બાળકોની ચા અને બિસ્કિટમાં ઝેર ભેળવીને હત્યા કરી હતી. બાળકોને મારી નાખ્યા પછી મહિલા ઘરમાંથી ભાગવાની તૈયારી કરી રહી હતી. પરંતુ તે ભાગી શકે તે પહેલાં જ પોલીસે તેની ધરપકડ કરી લીધી. પોલીસ પૂછપરછ દરમિયાન મહિલાનો પ્રેમ સંબંધનું કનેક્શન ખુલ્યું છે. પોલીસે આરોપી માતા અને તેના પ્રેમી વિરુદ્ધ હત્યાનો કેસ નોંધ્યો છે. આ મામલો મુઝફ્ફરનગરના ભોપા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. ભોપા પોલીસને ૨૧ જૂનની સાંજે માહિતી મળી હતી કે અહીં બે બાળકોના મોત થયા છે. માહિતી મળતાં જ ભોપા પોલીસ સ્ટેશનના SHO પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અહીં પોલીસને શંકાસ્પદ પરિસ્થિતિમાં ૧ વર્ષની બાળકી અને ૫ વર્ષના છોકરાના મૃતદેહ મળ્યા હતા.

તપાસ દરમિયાન બાળકોના શરીર પર કોઈ ઈજાના નિશાન મળ્યા ન હતા. આ પછી બાળકોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું. પોસ્ટમોર્ટમ રિપોર્ટે બધાને ચોંકાવી દીધા, જેમાં કહેવામાં આવ્યું હતું કે બાળકોના મૃત્યુ ઝેર ખાવાથી થયા છે. આ પછી પોલીસે તાત્કાલિક બાળકોની માતાની ધરપકડ કરી. આ કેસની તપાસ કરી રહેલા મુઝફ્ફરનગરના એસએસપી સંજય વર્માએ જણાવ્યું હતું કે પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી માતાએ પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે તેનો પતિ બીમાર છે અને પૈસા કમાવવા માટે ચંદીગઢ ગયો છે. મહિલાએ જણાવ્યું હતું કે તેણે ચા અને બિસ્કિટમાં ઝેર ભેળવીને તેના બાળકોને આપ્યું હતું, જેના કારણે તેમના મોત થયા હતા.

આ દરમિયાન, મહિલાએ જણાવ્યું કે મારો કાકીના દીકરા જુનૈદ સાથે પ્રેમ સંબંધ હતો જે બાજુના ગામમાં રહે છે. બંને સાથે રહેવા માંગતા હતા, પરંતુ બાળકોના કારણે તેમના ખર્ચાઓ ઘણા વધી રહ્યા હતા. તેથી બંનેએ યોજના બનાવી અને બાળકોને ઝેર આપીને મારી નાખ્યા. જેથી તેમના ખર્ચાઓ ઓછા થઈ શકે. બંને ઘરેથી ભાગી જવાની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ પોલીસે તેમની ધરપકડ કરી. આરોપી માતા સહિત બંને સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તેમને જેલ મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન થઈ

## બનાસકાંઠામાં ૮૦.૩૨ ટકા, થરાદમાં ૮૭.૨૫ ટકા અને સૌથી ઓછું મતદાન દાંતામાં ૬૮.૦૪ ટકા થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતમાં આજે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેનું મતદાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું છે. કડી અને વિસાવદરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને મોકૂફ રાખવામાં આવી હતી. બનાસકાંઠાની જો વાત કરીએ તો અહીંયા સાંજના ૫ વાગ્યા સુધીમાં ૮૦.૩૨ ટકા મતદાન થયું હતું. આ સિવાય થરાદમાં ૮૭.૨૫ ટકા અને સૌથી ઓછું મતદાન દાંતામાં ૬૮.૦૪ ટકા સાથે થયું હતું. જોકે દાહોદના ઝાલોદ તાલુકામાં આજે મતદાન સમયે માથાકૂટ થતા અહીંયા આવનારા દિવસોમાં ફરી મતદાન થવાનું છે. ગ્રામ પંચાયતની ચૂંટણીના મતદાન સમયે ઘણી બધી જગ્યાએ વરસાદી માહોલ પણ જોવા મળ્યો હતો. જોકે મતદારોનો ઉત્સાહ એટલો હતો કે વરસતા વરસાદમાં પણ મતદારો મતદાન કરવા માટે બૂથ પર પહોંચ્યા હતા. મોટા ભાગના ગામોમાં આજે મતદાન સમયે મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. કારણ કે છેલ્લા કેટલાય સમયથી લોકો આ ચૂંટણીની રાહ જોઈ રહ્યા હતા.



જોકે દાહોદના ઝાલોદ તાલુકામાં આવેલ મોટીહાંડી ગામમાં મતદાન સમયે જ માથાકૂટ થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં આ માથાકૂટ એટલી ઉગ્ર બની કે મતદાન બંધ કરાવી દેવું પડ્યું. જેના કારણે હવે અહીંયા આવનારા સમયમાં ફરી મતદાન યોજાવાનું છે. આપને જણાવી દઈએ કે ધામખોબરા પ્રાથમિક શાળાના બૂથ નંબર ૨ પર આ ઘટના બની હતી જેના કારણે મતદાન બંધ કરાવવામાં આવ્યું અને આવનારા દિવસોમાં ફરીથી મતદાન થશે. સમગ્ર મામલે વિગતવાર વાત કરીએ તો મતદાન મથકે થયેલી માથાકૂટની જાણ થતા દાહોદ પોલીસ વડા, DYSP, PI, LCB સહિત ઝાલોદ SDM અને ઝોનલ અધિકારી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં સામે આવ્યું કે સરપંચના ૪૩ બેલેટ અને સભ્યોના ૪૩ બેલેટ ગુમ થયા છે. જેથી ત્યાં સંપૂર્ણ મતદાન પ્રક્રિયાને બંધ કરાવી દેવામાં આવી હતી. અહીંયા મતદાન કરવા આવેલા મતદારોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ અચાનકથી આ રીતે મામલો ઉગ્ર બનતા મતદાન બંધ કરાવી દેવામાં આવ્યું હતું. પરિણામે અહીંયા મતદારોના ઉત્સાહ પર પાણી ફરી વળ્યું હતું. મોટી સંખ્યામાં મતદારો અહીંયા આવ્યા હતા અને લાઈન લગાવી હતી. જેમાં મતદાન બંધ થયા બાદ પણ મતદારો ફરીથી મતદાન શરૂ થશે તેવી રાહ જોઈને બેઠા હતા. ઉલ્લેખનીય છે કે મોટીહાંડીમાં આવનારા દિવસોમાં ફરીથી મતદાન થશે. ધામખોબરા પ્રાથમિક શાળાના બૂથ નંબર ૨ પર માથાકૂટ થઈ હતી. જે માથાકૂટ ઉગ્ર બની જતા મતદાન પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી. સમગ્ર મામલે એવી માહિતી સામે આવી છે કે સરપંચના ૪૩ બેલેટ અને સભ્યોના ૪૩ બેલેટ ગુમ થઈ ગયા જેના કારણે માથાકૂટ થઈ અને મતદાન પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી.

## સાત જિલ્લામાં રેડ તો ૨૨માં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાં હાલ અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે રાજ્યની નદીઓમાં નવા નીર આવતાં લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની માહિતી જોઈએ. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી સાત દિવસ અતિ ભારેથી ભારે વરસાદની આગાહી છે. આ સાથે આજે તો અત્યંત ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, રવિવારે બનાસકાંઠા, દ્વારકા, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, નવસારી, વલસાડ, દાદરા અને દમણમાં રેડ એલર્ટ આપવામાં આવી હતી એટલે કે, આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદ થવાની આગાહી કરાઈ હતી. આ સાથે કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, વલસાડ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, આણંદ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, તાપી, ડાંગ જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. આ સાથે વડોદરા, છોટાઉદેપુર અને નર્મદામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી હતી. ૨૩મી તારીખે બોટાદ, અમરેલી, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, મહીસાગર, વડોદરા, ભરૂચ, નવસારી, વલસાડ જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. આ સાથે છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ તથા ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

### અમદાવાદ સરસપુરમાં દર્શન માટે ભક્તોની ભીડ

## ભગવાનના ભવ્ય મામેરાના દર્શન માટે ભક્તોની ભીડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા ૨૭ જૂન, ૨૦૨૫ના પવિત્ર દિવસે નિષ્પન્ન થવાની છે. ત્યારે રથયાત્રા પૂર્વેના ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગોનું અમદાવાદ શહેરમાં ભવ્ય રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે. શનિવારે સરસપુરના મોસાળ મંદિર ખાતે ભગવાન જગન્નાથને વાસણા યજમાન પરિવાર તરફથી પરંપરાગત રીતે ભક્તિભાવપૂર્વક મામેરું અર્પણ કરવામાં આવ્યું. આ અનોખા અને અલૌકિક દર્શનના લાભ માટે સવારથી જ હજારો ભક્તોનું ઘાટા વાદળા જેવી ભીડ ઉમટી પડી હતી. ભજન અને 'જય રણછોડ'ના ગુંજારવ વચ્ચે સમગ્ર પરિસર ભક્તિમય અને ભાવનાત્મક બની ગયો હતો. રવિવારે પણ ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી. લોકોએ ભક્તિભાવપૂર્વક ભગવાનના દર્શન કર્યા હતા. આ વર્ષે ભગવાન જગન્નાથજી માટે ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા ગુલાબી અને નેવી બ્લુ રંગના વાઘાઓ ભક્તોના આકર્ષણનું કેન્દ્ર રહ્યા. સાથે સાથે સોના-ચાંદીના ભવ્ય આભૂષણોથી શણગારાયેલા જગન્નાથજીના દરશનથી ભક્તોની આંખો તૃપ્ત થઈ ગઈ. સોમવાર, ૨૩ જૂનના રોજ મામેરું વાસણાની અરિહંત સોસાયટી ખાતે લાવવામાં આવશે. ત્યાંથી સમગ્ર વિસ્તારને આવરી લેતી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભજન મંડળીઓ, ઘોડા-ઉંટના દળો અને સંસ્કૃતિક ઝાંખીઓનો સમાવેશ રહેશે.

### ૨ના મોત, અનેક લોકો ગંભીર ઈજાગ્રસ્ત

## સંતરામપુર બાયપાસ રોડ પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

। (એજન્સી) મહીસાગર, તા.૨૨ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે મહીસાગરમાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. મહીસાગર જિલ્લાના સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૨ લોકોના ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યાં છે. જ્યારે તુફાન ગાડીમાં સવાર ૧૪ને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. અકસ્માતમાં તુફાન ગાડી ચૂરેચૂરા થઈ ગઈ છે. અકસ્માત સર્જાતા તાત્કાલિક ધોરણે લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તરત જ પોલીસને જાણ કરતા ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્તથતી માહિતી અનુસાર સંતરામપુર બાયપાસ રોડ પર ટ્રક અને તુફાન ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો છે. તુફાન ગાડીમાં સવાર ૧૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે.

### મહિલાઓની ભાગીદારી વધશેઃ સોનલ પટેલ

## શહેર કોંગ્રેસ પ્રમુખના નામની જાહેરાત સાથે જ વિવાદ વકર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખના નામની જાહેરાત સાથે જ વિવાદ વકર્યો છે. અમદાવાદ શહેર પ્રમુખ તરીકે કોંગ્રેસે સોનલ પટેલની પસંદગી થતાં, અન્ય દાવેદારોએ કોંગ્રેસની નેતાગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. આ વાતને લઈને સોશિયલ મીડિયામાં કોંગ્રેસના કાર્યકરોએ રોષ ઠાલવ્યો છે.

કોંગ્રેસ પ્રમુખની રેસમાં રહેલા રાજુ પટેલે બળાપો ઠાલવ્યો છે. વોર્ડ પ્રમુખો કે હોદ્દેદારોની સહમતિ વગર સોનલબેનની પસંદગી થઈ હોવાનું રાજુ પટેલ દ્વારા કહેવામાં આવ્યું છે. બીજી તરફ, કાર્યકરોના રોષને ઠારવવા કોંગ્રેસે ડેમેજ કંટ્રોલના પ્રયાસો તેજ કર્યા છે.

રાજ પટેલના બળાપા મુદ્દે કોંગ્રેસ ધારાસભ્ય શૈલેષ પરમાર મેદાનમાં આવ્યા અને પ્રમુખોની પસંદગીની પ્રક્રિયા પારદર્શક રીતે કરી હોવાનો દાવો કર્યો છે. રાજુ પટેલનું એવું પણ કહેવું છે કે, લીડરોના માનીતા લોકોને પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

તેમણે વધુમાં એ પણ કહ્યું કે, આંખ પર પટ્ટી બાંધીને પસંદગી કરાઈ હોય તેવું લાગી રહ્યું છે. આટલી રજૂઆતો સાંભળ્યા બાદ પણ કોંગ્રેસનું વિઝન દેખાતું નથી. આ સિવાય રાજુ પટેલનું એવું પણ કહેવું છે કે, ઘોડાના ઠેકાણાને જ તાળા મારી દીધા હોય એમ લાગે છે.

## ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી જાહેર કરાઈ

### કેન્દ્ર સરકારના MeitY દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રસ્થાપિત થયેલી ઈમેજને વ્યાપક બનાવવા વધુ એક પોલિસી ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ (GECMS-2025) જાહેર કરી છે. ગુજરાતને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાની નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ પોલિસીની વિશેષતા એ છે કે, કેન્દ્ર સરકારના MeitY દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે. એટલે કે, ગુજરાતમાં સ્થપાનારા આવા MeitY મંજૂરી મેળવેલા પ્રોજેક્ટસને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બેવડા પ્રોત્સાહન લાભ મળી શકશે.

આ પોલિસી કેન્દ્ર સરકારની ECMS પોલિસીને સુસંગત છે તેમજ ૧૦૦ ટકા ટોપઅપ અનુસરણ કરીને સરળતાએ ઓછામાં ઓછા સમયમાં સહાય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવાશે. એટલું જ નહીં, MeitY દ્વારા એકવાર ECMS હેઠળ પ્રોજેક્ટ મંજૂર થયા પછી રાજ્યમાં સ્થપાનારા પ્રોજેક્ટ્સને આપમેળે સમાન ગ્રાન્ટ – સહાય પાત્ર બનશે અને કેન્દ્ર સરકાર દ્વારા સહાય ચૂકવાયા બાદ ૩૦ દિવસમાં રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન સહાય ચૂકવી દેવાશે. ગુજરાત દેશના ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ લેન્ડસ્કેપ માં મેન્યુફેક્ચરિંગ હબ, ઓટો હબની પ્રતિષ્ઠા ધરાવતું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ કાર્યરત છે ત્યારે હવે, આ પોલિસીના પરિણામે અપસ્ટ્રીમ ઈન્ડસ્ટ્રીને પણ વેગ મળશે. આના પરિણામે આયાત નિર્ભરતા ઘટશે અને ટેકનોલોજીકલ રેઝિલીયન્સમાં વધારો થઈ શકશે. આ પોલિસી દ્વારા રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રૂ.૩૫ હજાર કરોડથી વધુના નવા રોકાણો અને વધુને વધુ હાઈ સ્કીલ્ડ એમ્પ્લોયમેન્ટનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ GECMS પોલિસીને પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને એચ.ડી.આઈ. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, એસ.એમ.ડી. પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઈલેટ્રોનિક્સ પાર્ટસ તેમજ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિત આવશ્યક ઉદ્યોગો – એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળતું થશે. આ પોલિસીમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપીને ટેલેન્ટ ગેપ દૂર કરવાના હેતુથી રાજ્યમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે પણ ઉદારતમ સહયોગ આપવાનું પ્રાવધાન રાખવામાં આવ્યું છે. તદ્અનુસાર, ગુજરાતમાં સ્થિત અને માન્ય હોય તેવી સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સલન્સ, ફિનિશિંગ સ્કુલ્સ કે એપ્લાઈડ રિસર્ચ લેબની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ ૧૨.૫ કરોડ સુધીની મેચિંગ સહાય મળવા પાત્ર થશે.

## વહેતા ઝરણા અને રસ્તા પર વાદળોની પથરાયેલી ચાદર

। (એજન્સી) આબુ, તા.૨૨ ।

માઉન્ટ આબુમાં છેલ્લા બે-ત્રણ દિવસથી થઈ રહેલા સતત વરસાદે હવામાનને ખૂબ જ આનંદદાયક બનાવી દીધું છે, જેના કારણે પશ્ચિમ રાજસ્થાનનું આ એકમાત્ર હિલ સ્ટેશન પર્યટકો માટે વધુ આકર્ષક બન્યું છે. નક્કી લેક પર પર્યટકો નૌકાવિહાર અને ફવારાનો આનંદ માણી રહ્યા છે, તો બીજી તરફ કુદરતી ઝરણાં પણ વહેવા લાગ્યા છે, જે પર્યટકોને ખૂબ લુભાવી રહ્યા છે. સનસેટ પોઈન્ટ અને માઉન્ટ આબુની ખીણોમાં રસ્તાઓ પર છવાયેલા વાદળો અને દિવસે પણ લાઈટ ચાલુ રહેવાની સ્થિતિ પર્યટકો માટે અનોખો નજારો રજૂ કરી રહી છે.

## થરા માર્કેટ યાર્ડ સામાન્ય ચુંટણી માટે આજે આવેદન પત્રો ખેંચાયા બાદ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે

। (પ્રતિનિધી) થરા, તા.૨૨ ।

ગુજરાત વિધાનસભાની કડી વિસાવદરની ખાલી પડેલ બેઠક માટે ગત તા.૨૦/૬/૨૦૨૫ના પેટા ચુંટણી બાદ વિસાવદરના બે બૂથમાં પુનઃમતદાન પછી આજે પરિણામ જાહેર થશે સાથે એવું કહેવાય છે કે આ પરિણામ બાદ ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ફેરફાર થાય..ગઈકાલે બનાસકાંઠા જિલ્લાની ૩૨૨ ગ્રામ પંચાયત સાથે રાજયમાં ૪૫૬૪ ગ્રામ પંચાયતની ચુંટણી પુરી થઈ છે. ત્યારે હવે કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટ યાર્ડની સામાન્ય ચૂંટણીના તા.૨૦/૩/૨૫ ના રોજ ડો.પ્રતીક ઉપાધ્યાય નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા બહાર પડેલ જાહેરનામ અનુસાર ગુજરાત ખેત ઉત્પન્ન અને બજાર,(પ્રમોશન એન્ડ કન્સીલી ટેશન) અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧ માં કરેલ જોગવાઈ અનુસાર હાલની કમિટીની મુદત પૂર્ણ થયેલ કમિટીની સામાન્ય ચૂંટણીની ૧૦+૪+૨ કુલ -૧૬ બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ પરંતુ સહકારી મંડળીઓ અને ખરીદ વેચાણ મંડળીઓના મત વિભાગની બે બેઠકો માટે કોર્ટ મીટર થતાં આ બે બેઠકો સિવાય બેઠકો માટે તા.૧૯/૦૬/૨૦૨૫ના સવારે ૧૧ થી ૬ વાગ્યા સુધીમાં ખેડૂત મત વિભાગની દશ બેઠક માટે ૬૯ અને વેપારી મત વિભાગની ચાર બેઠક માટે ૧૧ એમ કુલ ૧૦ + ૦૪ કુલ ૧૪ બેઠકો માટે ૬૯ + ૧૧ એમ કુલ ૮૦ ઉમેદવારી પત્રો (ફોર્મ )ભરાયા હતા આ તમામ ફોર્મની ચકાસણી તા ૨૦/૦૬/ ૨૦૨૫ના રોજ થયેલ જેમાં ખેડૂત વિભાગના ૬૯ તથા વેપારી વિભાગનાં ૧૧ એમ તમામ આવેદન પત્રો માન્ય રહયા હતા. આજે તા.૨૩/૦૬/૨૫ સોમવારના સવારે નવ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી આવેદન પત્રો પાછા ખેંચવાની અવધિ છે ત્યારબાદ એટલે કે ત્રણ વાગ્યા સુધીમાં થરા માર્કેટ યાર્ડની સામાન્ય ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સહકારી મંડળીઓ અને ખરીદ વેચાણ મતની બે બેઠકો માટે કોર્ટ કાર્યવાહી ચાલતી હોઈ તેનો જે નિર્ણય ચુકાદો આવ્યા પછી તે અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.બાકીની આ ચૌદ બેઠકો માટે ચુંટણી મતદાન તા. ૩૦/૦૬/ ૨૦૨૫સોમવારે સવારે નવ વાગ્યા થી સાંજ પાંચ વાગ્યા સુધી થશે અને મતગણતરી તા.૦૧/૦૭/૨૫ મંગળવારે સવારે નવ વાગ્યાથી પુરી થાય ત્યાં સુધી.આજે તા.૨૩/૦૬/૨૫ સોમવારના ત્રણવાગ્યા સુધી કોના આવેદનપત્રો પાછા ખેંચાય છે તે પછી ચુંટણી જંગ શરૂ થશે. આ ચૂંટણી જંગમાં ભાજપના બે જુથો વચ્ચે જ સીધી ટક્કર છે. થરા માર્કેટ યાર્ડમાં લગભગ ચોવીસ વર્ષની અણદાભાઈ રામાભાઈ પટેલ ચેરમેન પદે રહી ચુક્યા છે.ખેડૂત મત વિભાગમાં દશ બેઠકો માટે ૬૯ આવેદનપત્રો ભરાયા છે તેમાં મહત્વના પૂર્વ. ચેરમેન અણદાભાઈ આર. પટેલ, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ઈશ્વર ભાઈ એ.પટેલ, ભૂપતાજી ઠાકોર, પ્રવીણભાઈ દેસાઈ, રમેશભાઈ આઈ પ્રજાપતિ, કરશનભાઈ આર. પટેલ, ભરતભાઈ આર. શાહ, તેજાભાઈ આર. દેસાઈ, અનુભા કે. વાઘેલા, વસંતજી જે. ઘાંઘોસ, કરણસિંહ સી. વાઘેલા ઈશુભા બી. વાઘેલા, ત્રિકમજી એન ઠાકોર, બળદેવભાઈ જે. દેસાઈ, પુનુભા બી. વાઘેલા, ડામરભાઈ એલ. ચૌધરી, ખુમાભાઈ કે. દેસાઈ માનસુંગભાઈ વી. ચૌધરી, પ્રહલાદ સિંહ આર. વાઘેલા, રંગુજી વી. રાઠોડ, ભેમાજી બી. જાદવ, મુકેશસિંહ એમ. વાઘેલા, રીયાબેન એ. ચૌધરી, પ્રતાપજી કે. ઠાકોર, બાબુભાઈ એમ. ચૌધરી, કરશન ભાઈ ટી. જોષી, રાણાભાઈ એલ. રબારી સહિત ૬૯ ઉમેદવારો અને વેપારી મત વિભાગની ચાર બેઠક માટે કિરીટકુમાર અમૃતલાલ અખાણી, પ્રહલાદભાઈ એચ. રાવલ, રાજુભાઈ એસ. પ્રજાપતિ, રમેશભાઈ જી.દવે, કાશીરામભાઈ ડી. રાવલ, રાજેશકુમાર અમૃત લાલ અખાણી, રમેશભાઈ એન. જોષી, મુકેશભાઈ એસ. રાવલ, રમેશભાઈ ડી. જોષી, નાગજીભાઈ બી. પટેલ, કિરણ ભાઈ એચ. રાવલ એમ ચાર બેઠકો માટે અગિયાર ઉમેદવારી પત્રો ભરાયેલ.આ પૈકી ત્રણ પાછા ખેંચાય તેવી શક્યતા છે. ખેડૂત મત વિભાગમાંથી કોણ બાજી મારે તે જોવાનું રહેશે.આ વખતે ચેરમેન પદે ભાજપ નવા કોઈ વ્યક્તિની પસંદગી મેન્ડેડ આપી કરે તેવી રણનીતિ ખેલાઈ રહી છે. આજે ૮૦ પૈકી કેટલા ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્ર પરત ખેંચે છે કે ખેચાવાય છે તે તરફ સૌનું ધ્યાન રહેશે.આ ચૌદ બેઠકો માટે ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે એક મહિલા ખેડૂત ઉમેદવાર રીયાબેન એ. ચૌધરીએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. આજે લગભગ બપોરે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે. આજે કડી વિસાવદરની વિધાન સભાની પેટા ચૂંટણીન પરિણામમાં શું થશે..? ગોપાલ ઈટાલિયા (આપ)વિસાવદરની બેઠક પર ભાજપથી હોટ ફેવરિટ છે. આજે ઈવીએમ મશીનમાં શું જાહેર થાય છે તે જોવા સમગ્ર રાજ્યમાં તાલાવેલી છે.

## પ્લેન ક્રેશના કાટમાળને લઇ જતી ટ્રકનો અકસ્માત થયો



। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ક્રેશ થયા બાદ AI 171નો કાટમાળ આજે લઈ જવામાં આવી રહ્યો હતો. DGCA ની ટીમ દ્વારા પ્લેન ક્રેશ થઈને જ્યાં પડ્યું હતુ ત્યાંથી ઘટનાસ્થળેથી વિમાનનો કાટમાળ એરપોર્ટ લઈ જવામાં આવી રહ્યો હતો. વિમાનના તૂટેલા ભાગોને ટ્રકમાં મુકીને લઈ જવામાં આવતા હતા તે દરમિયાન ઝાડ સાથે અથડાતા ટ્રક અટકી ગઈ હતી. આ અકસ્માત એસીબીની કચેરી પાસે બન્યો હતો. જોકે અકસ્માતને પગલે શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધીનો રસ્તો ઠપ થઈ ગયો હતો અને ટ્રાફિક જામના દશ્યો સર્જાવા લાગ્યા હતા. પ્લેનની ટેલ લઈ જતી વખતે ટ્રકને અકસ્માત નડ્યો છે. કાટમાળના નિકાલ સમયે પણ વિમાનની ટેલ ઝાડ સાથે અથડાતા ફસાઈ ગઈ હતી. પોલીસ અને ફાયર વિભાગની ટીમે ટેલને હટાવવાની કામગીરી શરુ કરી હતી શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધી રસ્તો બંધ કરવો પડ્યો હતો. હાલ તેને હટાવી ત્યાંથી રવાના કરી દેવામાં આવી હતી. નોંધનીય છે કે, એર ઈન્ડિયાની સેવાઓ અંગે મુસાફરોમાં અસંતોષ વધી રહ્યો છે. ૧૨ જૂને અમદાવાદમાં ફ્લાઈટ AI171 ના ભયાનક અકસ્માત પછી આ અસંતોષ વધુ ઘેરો બન્યો છે. લોકલસર્કલ દ્વારા હાથ ધરાયેલા તાજેતરના સરવેમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ્સની ગુણવત્તા, જાળવણી, સલામતી અને મુસાફરોની સુવિધાઓ અંગે ચિંતાજનક આંકડા બહાર આવ્યા છે. આ સરવે મુસાફરોના અનુભવોના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં દેશભરના હજારો નાગરિકોએ ભાગ લીધો હતો અને એર ઈન્ડિયાના સંચાલન પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા.

### અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખપદેથી હિંમતસિંહને હટાવાયા

## ગુજરાત કોંગ્રેસે ૪૦ જિલ્લા અને શહેર પ્રમુખોની જાહેરાત કરી

### અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે સોનલ પટેલની વરણી

### અમદાવાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજેશ ગોહિલની વરણી

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

કોંગ્રેસ અધ્યક્ષે ગુજરાતમાં જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ (DCC) ના પ્રમુખોની નિમણૂંકને તાત્કાલિક અસરથી મંજૂરી આપી છે. આ નિમણૂકો સંગઠન સૃજન અભિયાન હેઠળ એક કઠોર સંગઠનાત્મક કવાયત પૂર્ણ કરે છે. બૂથથી જિલ્લા સ્તર સુધી પાર્ટી માળખાને પુનર્જીવિત કરવા માટે શરૂ કરાયેલ આ અભિયાન, પારદર્શક, સમાવેશી અને વિચારધારા આધારિત નેતૃત્વ પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગુજરાત કોંગ્રેસે ૪૦ જિલ્લા અને શહેર પ્રમુખોની જાહેરાત કરી છે. જી હા.. રાહુલ ગાંધીની ટીમે ગુજરાતમાંથી લગ્નના ઘોડા હટાવીને રેસના ઘોડા જાહેર કર્યા છે. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખપદેથી હિંમતસિંહને હટાવાયા છે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખપદેથી અતુલ રાજાણીને હટાવાયા છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદેથી લલિત વસોયાને હટાવીને તેમના સ્થાને હિતેશ વોરાને કમાન સોંપાઈ છે. ૪૦ જિલ્લા-શહેર કોંગ્રેસ પ્રમુખોમાંથી માત્ર એક જ મહિલાને સ્થાન અપાયું છે.

આ યાદીમાં મોટાભાગના પૂર્વ ધારાસભ્યોને જિલ્લા અને શહેર કોંગ્રેસના પ્રમુખોની કમાન સોંપવામાં આવી છે.

અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે સોનલ પટેલની વરણી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજેશ ગોહિલની વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે પ્રતાપ દૂધાતની વરણી કરવામાં આવી છે. આણંદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અલ્પેશ પઢિયારની વરણી કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અરણુભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે ગુલાબસિંહ રાજપૂતને કમાન સોંપવામાં આવી છે. ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે રાજેન્દ્રસિંહ રાણા. તો ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે પ્રવીણ રાઠોડ. ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ બન્યા છે મનોહર સિંહ લાલભા. બોટાદ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બન્યા છે હિમ્મત કાતરિયા. છોટાઉદેપુર કોંગ્રેસના પ્રમુખ બન્યા છે શશિકાંત રાઠવા. દાહોદ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બન્યા છે હર્ષદભાઈ નિનામા. ડાંગ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બન્યા છે સ્નેહિલ ઠાકરે. દ્વારકા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે પાલભાઈ આંબલિયા. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે અરવિંદસિંહ સોલંકી.

ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ બન્યા છે શક્તિ પટેલ. ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે પુંજાભાઈ વંશ. જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ બન્યા છે વીરેન્દ્રસિંહ જાડેજા. જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બન્યા છે મનોજ ખાટરિયા. જૂનાગઢ શહેરના કોંગ્રેસ પ્રમુખ તરીકે મનોજ જોશીની વરણી કરવામાં આવી છે. ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કાળુસિંહ ડાભીની વરણી થઈ છે. કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે વી કે હુંબલની વરણી થઈ છે. મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે હર્ષદ પટેલની વરણી થઈ છે. મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે બળદેવજી ઠાકોરની વરણી થઈ છે. મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કિશોરભાઈ ચીખલિયાની વરણી થઈ છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે રણજિતસિંહ તડવીની વરણી થઈ છે. નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે શૈલેશ પટેલની વરણી કરવામાં આવી છે.